


સખ્ય · ચિત્રકાર કૃષ્ણલાલ ભટ્ટ

અંક ૧૦૭ મો

તંત્રી · રવિશંકર રાવળ

આપણી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર

કાર્તક
૧૯૮૯

કુમાર
કારતક ૧૯૯૯
અંક ૧૦૭

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

'કુમાર'નું વાર્ષિક લવાજમ, આ વર્ષ પૂરતું વાર્ષિક રૂ. ૮ (પરદેશના ૧૯ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ; ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



અંધની લાકડી

ચિત્રકાર • શ્રી ધીરેન્દ્રકૃષ્ણ દેવવર્મા

[શ્રી કનુ દેસાઇના ચિત્રસંગ્રહમાંથી]

હવે જણાવશો— આપનો શો નિર્ણય થયો ? (હા કે ના)

ગયા અંક સાથેની પીળી પત્રિકા તો આપે વાંચી જ હશે; અને આપ જાણતા હશો કે હવે **આવતા અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે.** તો પછી આવતે વર્ષે ગ્રાહક રહેવા વિષે આપે શો નિર્ણય કર્યો? તે જાણવા માટે આ નીચે કાર્ડ આપેલું છે. તે કાપી લઈ અમને વેળાસર—આ અંક મળે કે તરત—ભરી મોકલશો તો કૃપા થશે. આપની એટલી તત્પરતા અમારાં સમય અને મહેનતનો બચાવ કરશે અને વ્યવસ્થામાં ઘણી સરળતા કરશે.

☛ ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તો કાર્ડનો ઉપલો ભાગ ભરી મોકલશો. ☛ બંધ થવું હોય તો ઉપલો ભાગ છેકી નીચેનો ભરી મોકલશો. ☛ લાયબ્રેરીઓ કે શાળાઓ જેવી કેટલીક સંસ્થાઓમાં તાત્કાલિક લવાજમ ભરવાની વ્યવસ્થા નથી હોતી તે અમે જાણીએ છીએ. પરંતુ તેઓ પણ પોતાનો નિર્ણય તો તરત જ નીચેના કાર્ડમાં ભરી મોકલવા કૃપા કરે. એમને જરૂરના સમયની રાહત આપીને જોઈતી વ્યવસ્થા કરી આપીશું.

આપનો નિર્ણય તા. ૨૦મી ડિસેમ્બર સુધીમાં અમને પહોંચી જાય તેવી રીતે આ કાર્ડ મોકલવા વિનતિ છે. ત્યાં સુધીમાં નહિ મળે તો પછી આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છો છો એમ સમજીને આવતો—માગશર માસનો—અંક આપને વી. પી.થી મોકલીશું, તે સ્વીકારી લેશો. અમારી આ વિનતિ છતાં પણ અમને જેઓ વેળાસર ખબર ન આપતાં વી.પી. પાછું વાળશે તેઓ અમને લાગેલા વી.પી. પોસ્ટ ખર્ચના નુકસાનના ૦-૩-૩ ભરીને પોતાનો એ લેણો અંક પાછો મેળવી શકશે.

વ્યવસ્થાપક 'કુમાર' તા. ....

'કુમાર'ના આવતા વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. તેના લવાજમના રૂા. ...... આજે રોજ મનીઑર્ડરથી મોકલું છું * (અથવા) આવતો-માગશરનો અંક વી.પી.થી મોકલી વસુલ કરશો.

ગ્રાહક નંબર .... નામ ....

ઠામ-ગામ ....

....

* એમાંથી જે રીતે લવાજમ વસુલ કરાવવું હોય તે રાખીને બીજું છેકી નાખવું.

આપને ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તો ઉપરના ભાગ પર છેકો મારી નીચેનું ભરી મોકલશો.

વ્યવસ્થાપક 'કુમાર' તા. ....

આવતા વર્ષથી 'કુમાર'ના ગ્રાહક તરીકે મારું નામ કમી કરશો. મારો ગ્રાહક નંબર .... છે.

નામ ઠામ ....

કુમાર

કારતક · ઓગણીસસો ઓંગણાએંશી

વર્ષ · ૯
અંક · ૧૧

ઝરણી

· વંશસ્થ-ઉપજાતિ ·

મહા વને કો ગિરિકંદરા તણી
અંધારઘેરી અવકાશ-ઝારીથી
સ્રવી સ્રવી બિંદુ બહાર નીસરે,
યાત્રા મહાસાગર પંથ આદરે.

નડે પહાડો અવરોધતા પથ,
વળોટતાં નીર બની સરોવર;
કરાડ કૈં ભૈરવઝાપની ખડી;
દેતી ધુબાકા ઝરણી નીચે પડી.

માર્ગે ધગે શુષ્ક મરુપ્રદેશ ને
શોષાઈ થાતી ઝરણી અશેષ એ;
વહી દિનો કૈં રણરેત ભીતરે
ભીંજાવતી ભૂ પ્રકટી ફરી સરે.

વિલુપ્ત થાતાં જલબિંદુ ગંગમાં
ધારા પ્રવાહે નદરાજ કેરા,
ને ઘૂઘવે જ્યાં જલ નિત્ય ઘેરાં
શમે મહાસાગરના તરંગમાં.

વહે પ્રભો જીવન ક્ષીણ ધારથી,
રણો ધગે, પ્હાડ કરાડ ડારતી;
મિલાવીને જીવન મૃત્યુગંગમાં
શમાવજે સાગરમાં અનંતના.

તનસુખ ભટ્ટ

સામયિક ચિંતન

પરાગ જો અંતરમાં હશે તો
એ પાંગરીને કદિ ફૂલ ખીલશે;
સોહાગ જો જીવનમાં હશે તો
ઉરેઉરે એ પમરી સુવાસશે.

સ્વપ્નો હશે નિંદરમાં નિહાળ્યાં,
સિદ્ધિરૂપે જાગૃતિમાં જણાશે;
મનોરથો ચિંતનમાં હશે તો
પ્રવૃત્તિમાં કાર્યે રૂપે જ જન્મશે.

ઉમાશંકર જોષી

● દેશભરમાં પ્રવર્તી રહેલી બેકારી, મોંઘવારી, હરીફાઈ અને રાજદ્વારી કટોકટીની અસરથી ભાગ્યે જ કોઈ બચી શક્યું હશે, અને દરેક જણ ટકી રહેવાને કોઇ ને કોઈ આશાના તંતુ પર તાકી રહ્યો હશે; પરંતુ 'નવી જીવનવ્યવસ્થા અને અનુકૂળ વ્યવહાર સ્થાપવાને દરેક જણે કંઇ ને કંઈ મતાગ્રહ, મિથ્યાભિમાન કે સ્વસંપત્તિનો સ્વેચ્છાએ ભોગ આપવો જોઇશે. એ ત્યાગ વિના એવું બની શકે નહિ.

દેશની સ્થિતિ સુધારવી હોય, બીજી પ્રજાઓના જેવી કુશળતાભરી સ્થિતિ જોવી હોય તો તમારે તમારાથી બનતો સ્વાર્થત્યાગ કરી બતાવવો જ પડશે. માત્ર માગણી કરવાથી બીજાને છે તેવાં સુખ મળી શકવાનાં નથી. તમે જ તમારી મર્યાદાનો ક્યાસ કાઢી તમને જે માર્ગ સત્ય લાગ્યો હોય તેને અણનમપણે વળગી રહી આગળ વધતા રહો.'

ધર્મદષ્ટિ

● મનુ મહારાજ અને કૃષ્ણ ભગવાન જાતે આવી ખાત્રી આપે તે જ કરવું એવો જેમનો આગ્રહ હશે તેમને માટે તો હવે કદાચ આપઘાત સિવાય કોઇ માર્ગ નહિ મળે. પણ જેઓ એમ માને છે કે આ જગત એક જ પરમ સત્તાનું નિર્માણ છે, તેણે સર્વ મનુષ્યોને એકસરખાં મન, વાણી અને કર્મની શક્તિ આપ્યાં છે અને એ પ્રત્યેકની ઇચ્છા પ્રમાણે વિકાસ કરવામાં અંતરાય કે વિઘ્ન નાખનારાઓ ખરેખર પાપમાગી બને છે, તેઓ તો યુગદ્રષ્ટા પુરુષોનાં વ્યવહાર ને વચનો પર જરૂર વિચાર કરશે ને ઉદારતાભર્યો પુરુષાર્થ આચરશે. હિંદુત્વના ખોટા ગુમાનમાં પૃથ્વીના પાંચમા ભાગ જેટલી જાતિને અસ્પૃશ્ય ને અત્યંજ ગણી સૈકાઓથી હિંદુસ્તાને કલંક વહોર્યું હતું તેની સામે એક મહા તપસ્વીએ પુણ્યપ્રકોપ કરી આજ હિંદુ જનતાને સાચી પ્રગતિનો માર્ગ દર્શાવ્યો છે.

● ગાય અને કૂતરાં પાણી પી જાય, પણ માણસને ચાંગળું પાણી મળે નહિ, આખી દુનિયામાં જેમને કોઈ અંતરાય કરે એવો ધારો કે સમાજપ્રથા નથી તેમને ઘર આગળ જ તેમના દેશબાંધવો હડધૂત કરે, અને સારા નિવાસ, માનપાન કે વ્યવહારથી દૂર કરે ત્યારે તેના નિશ્વાસે એ સમાજનું શું કલ્યાણ થાય? એમને સમાજના સૌ સરખા હક્કો અને સન્માન મળે નહિ ત્યાં સુધી સ્વરાજ્ય, સંસ્કૃતિ અને ખાનદાનીની વાતો પાખંડમાત્ર ગણાશે. મુસ્લીમ અને ખ્રિસ્તી સમાજે આ અધમ પ્રથાને સ્થાન નથી આપ્યું તેથી તેની અધોગતિ થઇ ગઇ છે એમ કોઇ કહી શકશે? કોટિ જનોને જીવનના સર્વ ઉન્નતિના માર્ગોથી વંચિત રાખી અનંત નિરાશા અને અધમતાભરી સ્થિતિમાં સબડતા મૂકી કોઇ માણસ પવિત્રતા અને પુણ્યનો સંચય કરી શકે એ માનવાયોગ્ય છે?

● અન્ય કોમો જેમને સંસ્કારી શકે, અપનાવી શકે, સરખા દરજ્જા આપી શકે અને સરકાર પણ જેમને નિભાવી શકે તેમને તેમના જ સ્વદેશબાંધવો ને સધર્મીજનો દવા, ઉદ્યોગ, શિક્ષણ અને સત્કાર આપતાં પણ ભ્રષ્ટ થવાનો ભય રાખી ઉચાળા લેતા ફરે, તેમની ધર્મવૃત્તિનું કેટલું સામર્થ્ય માનવું?

● જે ધર્મ આવી રીતે અનેક જનોને જીવનમાર્ગમાં વિરોધ કરવાનું કહેતો હોય તે ધર્મ વિના કોઇનું અકલ્યાણ નહિ થાય. તમે તમારા જ્ઞાતિધર્મ કે સંપ્રદાય માટે આગ્રહ ભલે રાખો પણ સંસ્કાર અને સુરૂચિનું લક્ષણ એ જ કહેવાય કે લેશમાત્ર પણ બીજાને ઊતરતો કે ભ્રષ્ટ અથવા અધમ કહેતાં તમારી જીભ પર અંકુશ રહે. જ્ઞાતિ, તડ અને સંપ્રદાયના મિથ્યા ગુમાનમાં આજે હિંદુ સમાજે કેટકેટલી અધમ પ્રથાઓને સંઘરી છે તે હાંકી કાઢવાને ઉદ્દાર સમાજવાદ જ ઇલાજ હોઇ શકે.

● એક વેળા સમસ્ત આર્ય જનતામાં માંસભક્ષણ, દ્યુત, સુરા ને સોમપાનનો અતીવ રસોન્માદ હતો. તેનો જ વંશવેલો આજે ઊંચી હિંદુ કોમ તરીકે ઓળખાય છે. જો તેઓ પૂર્વજોનાં આટલાં મોટાં દૂષણો જડમૂળથી કાઢવા સમર્થ થઇ શક્યા—અને જેની બરોબર માનવ-

સમાજના ઇતિહાસમાં બીજું દૃષ્ટાંત નથી. —તો તેઓ આજે અસ્પૃશ્યતાનું કલંક ઘસી નાખી વધુ મહાન વિજયપ્રાપ્તિ માટે જરૂર યોગ્ય નીવડશે.

નાસ્તિકતા

● 'શરીરે ઘસાઇ જતાં ક્ષીણ થએલી જીવનશક્તિને લીધે આપણા વ્યવહારો યંત્રવત્ જડ બની ગયા છે. યુગોથી થાકેલા એશિયામાં જીવનમંથનના માર્ગો અને સર્જનના અભિલાષોનું રૂંધન થતાં પ્રાણહીન રિવાજો નિત્યજીવનમાં ઘૂસી ગયા છે. ધર્મ અને કળાને બદલે અચલાયતન સમી જડ પરંપરા ઊભી થઈ છે અને તેણે વિચારનું સ્વાતંત્ર્યમાત્ર દાબી દીધું છે. વિવેકબુદ્ધિનો અભાવ ને સજીવ જગતનો સબંધ વિચારી જ ન શકે એટલે દરજ્જે અવિશ્વાસ હોય તે જ નાસ્તિકતાનું લક્ષણ છે. એથી માણસ પામર અને નિરાશાવાદી બની જાય છે.'

—કવિવર ટાગોર

ગૌરવની પ્રાપ્તિ અર્થે

● રૂસી તુર્કસ્તાનમાં સોવીએટ રાજતંત્રે થોડા જ વખતમાં એશિયાની રણુનિવાસી ટોળીઓમાં નવું જ જીવન મૂક્યું છે. સોવીએટ રાજતંત્રે હલકા સ્વાર્થ ખાતર દેશની કોમોમાં વિઘ્ન ઉત્પન્ન કરનારી લાગણીને અવકાશ રહેવા દીધો નથી. ત્યાંના લોકો પોતાના પ્રાંતની કુદરતી બક્ષિશોના વિકાસ ને ખીલવણી કરવા તથા જમાનાની તાસીરના લાભ લેવા સ્વતંત્ર રહ્યા છે. વેરાન તુર્ક પ્રદેશોમાં છૂટીછૂટી રખડતી દરેક જાતિને પોતાનું સ્વતંત્ર રાજતંત્ર રચવાની છૂટ મળી છે, તે સાથે કેળવણીનો ત્વરાથી પ્રચાર કરનારાં વિવિધ અને મોંઘાં સાધનો પણ તેમને પ્રાપ્ત થયાં છે. આવી અનેક જાતિની પ્રજાઓની મોટી સંખ્યાને સોવીએટ સામ્રાજ્યે પરસ્પર કોઇપણ જાતના વિગ્રહ કે તકરાર વગરની કરી મૂકી છે. ઝારની હકૂમત તળે એની એ પ્રજાઓ નિત્ય આપસઆપસમાં લડ્યા કરતી. સ્વતંત્રતાના વાતાવરણમાં પરિપાક પામતી કેળવણીના પ્રતાપથી જ પરસ્પર કુશળતાભર્યો માનવ સંબંધ સચવાતી તંદુરસ્ત મનોદશા જન્મે છે.

● એશિયાની જનતા આજે શિક્ષણ ને સ્વાતંત્ર્યના જોર પર જ જાતીય અવનતિ અને વિગ્રહના ક્રૂર પાશમાંથી મુક્ત થવા મથી રહી છે. સ્વાતંત્ર્યના એ પ્રાથમિક મંથનમાં આપણને અનંત યાતના ને દુઃખના અનુભવો થશે, છતાં માનવગૌરવની પ્રાપ્તિ અર્થેના પવિત્ર સ્વાર્પણ અને પ્રયત્ન સમું સવિશેષ ઉજ્જ્વલતાભર્યું બીજું શું હોઇ શકે?—(ર. ટાગોર)

હિંદુ કોણ ?

●'હિંદુ' શબ્દ જુદાજુદા સ્થળે જુદાજુદા અર્થમાં વપરાય છે. યુનાઇટેડ સ્ટેટ્સ, અમેરિકા, ફ્રાન્સ અને બીજા દેશોમાં હિંદુસ્તાનનો રહીશ તે હિંદુ એવો અર્થ લેવાય છે અને તેથી ત્યાં હિંદના ખ્રિસ્તી, પારસી, મુસલમાન વગેરે પણ હિંદુ તરીકે જ ઓળખાય છે.

● હિંદુ મહાસભાની વ્યાખ્યા પ્રમાણે હિંદમાં સ્થપાએલા અનેક પૈકી કોઇપણ ધર્મને અનુસરનારો હિંદુ ગણાય. તે પ્રમાણે વૈદીક ધર્મો પાળનારાઓ, સાંતાલ, કોળી, ભીલ, જૈન, સીખ, બુદ્ધિસ્ટ, બ્રહ્મો તથા આર્યસમાજી અને બીજા કોઈપણ હિંદુસ્તાનમાં ઉદય પામેલા ધર્માંઓ હિંદુ ગણાય.

● હિંદના રાષ્ટ્રતત્ત્વની દૃષ્ટિએ હિંદુ મહાસભાની વ્યાખ્યામાં ઘણું રહસ્ય સમાએલું છે. હિંદુઓને મન હિંદની ભૂમિ માત્ર પેટ પૂરવા, ઘર બાંધવા અને રક્ષણ લેવા પૂરતી જ સંબંધ ધરાવતી નથી. ખરા હિંદુ તેમની સ્થૂળ કાયાને આ ભૂમિનાં અન્નજળથી પૂરવા સાથે હિંદનાં પરાપૂર્વનાં જ્ઞાન, સંસ્કૃતિ, વિચારો, નીતિ ને ભાવનાથી પોતાના આત્મા અને સંસ્કારને પુષ્ટ બનાવે છે. સમાજધર્મ તથા સંસ્કૃતિનાં બીજો લેવા તેને હિંદની બહાર નજર કરવી પડતી નથી. આથી જેઓ આ પ્રાચીન દેશનાં અન્નથી દેહનિર્વાહ કરે છે છતાં જેમનાં મન ને હૃદય અરબસ્તાન, ઇરાન, યુરોપ કે ચીન તરફ ખેંચાઇ રહેછે તેના કરતાં હિંદુને આ ભૂમિ સાથે સવિશેષ મમત્વ રહે છે.

● આથી જે હિંદીઓને હિંદની સંસ્કૃતિ કે આધ્યાત્મિકતા માટે ઓછો કે વધતો પ્રેમ યા લાગણી નથી તેઓ ઉતરતા છે એમ નથી સમજવાનું તેમજ પરદેશનાં તત્ત્વજ્ઞાન ને સંસ્કૃતિને અવગણવાં એવું પણ કહેવાનું નથી. એવી સંકુચિત વિચિત્ર ધર્માંધતામાં આપણે હિંદુ ન પડી શકીએ. પરંતુ આપણા માનસવિધાનના પાયામાં તો હિંદની પરંપરા ને હિંદી આદર્શો જ સમાયાં હોય.

● જેમને હિંદ બહારનું આકર્ષણ હોય તેમની જોડે અમારો વિરોધ નથી. અમે અમારી માતા પર પરમ પ્રેમ રાખી હદથી જ્યાદા ચાહીએ તેથી અમારો મિત્ર કે પડોશીની માતા પર દ્વેષ કે તિરસ્કારની નજર છે એમ કહેવાય જ નહિ હિંદુ તરીકે અમે હિંદુસ્તાનને સર્વ દેશો કરતાં સવિશેષ માન આપીએ તેથી બીજા દેશોની અવગણના કરવાની અમારી વૃત્તિ જરો યે નથી. જે ભૂમિ દેહ, પ્રાણ અને આત્માને પોષણ આપી રહી છે, જે ભૂમિ સર્વસકળ વિદ્યાદાનનો પરિપાકભર્યો ભંડાર છે અને જે ભૂમિમાં સમાજધર્મ અને સંસ્કૃતિના સંબંધે મન વિરામ મેળવે છે તે પ્રત્યેક જનની પ્રેમઆરાધના અને એકનિષ્ઠ સ્વાર્પણનું પાત્ર થવા યોગ્ય છે.

● કુટુંબ માટે કોઇને પણ મમતા હોય જ. તેથી વિશેષ સંબંધ બાંધતાં વધારતાં પોતાની જાતિ માટે લાગણી થાય. તે પછી આખી પ્રજા, છેવટે સમસ્ત માનવજાત ને તેથી યે સકળ સજીવ સૃષ્ટિ માટે માણસ પ્રેમ કરી શકે. આમ પોતાની લાગણીનો પ્રદેશ વિસ્તારવાથી કુટુંબ, નાત કે જાતિના બંધ ઓછા થઈ જતા નથી. તે પ્રમાણે હિંદ માટે હિંદુનું મમત્વ ગાઢ બને તેથી આખી માનવજાત પર પ્રેમ કરવામાં તેને બાધ થતો નથી. એ તો જેટલી જેની ભાવદૃષ્ટિ. બાકી દરેક જણ પોતે જ પોતાની જાતને પૂછી શકે કે પોતે કેટલે અંશે હિંદુ છે ને કેટલે અંશે હિંદી છે. --(મૉડર્ન રિવ્યુ)

વિઠુઅ

સ્વામીનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠા એ સેવકધર્મનાં બે ભિન્ન પાસાં

કાકાસાહેબ

વિઠુ અમારે ત્યાંનો એક નોકર હતો. બેળગુંદીમાં અમારૂં ઘર બંધાતું હતું ત્યારે મજૂર તરીકે તે અમારે ત્યાં આવતો. તે વખતે તેની ઉમર આશરે બાર-તેર વર્ષની હશે. એક દિવસ મજૂરો કૂવામાંથી કાદવ કાઢતા હતા ત્યારે તેમની બેદરકારીથી એક દેગડો દોરડામાંથી વછુટી ગયો અને કૂવાની અંદર વિઠુ કામ કરતો હતો તેના માથા પર પડ્યો. કહેવાની જરૂર નથી કે વિઠુ એકદમ બેભાન થઇ ગયો અને મહામહેનતે અમે તેને બહાર કાઢી શક્યા. અમારે ત્યાં બેત્રણ મહિના દવા ને મલમપટ્ટી સારૂ તેને રહેવું પડ્યું.

જુવાન લોકોનું હૃદય ભાવનાપ્રધાન હોય છે. ત્રણ મહિનાના સહવાસથી વિઠુ અમારા ઘરનોજ એક માણસ થઇ ગયો. તેને રીતસર પગાર મળતો, પણ કોઈ તેને ઘરના નોકર તરીકે ગણતું નહિ. સવારસાંજ નાસ્તો કરવાનો વખત થાય એટલે આઇ (મારાં મા) અમને બધાંને ખાવાનું આપતાં. દરેકની રકાબીમાં ખાવાનું રાખેલું હોય. ગામડાના રિવાજ પ્રમાણે નોકરોને નાસ્તો આપવાનો નથી હોતો, અને કોઇ આપે તો પણ જેવુંતેવું કંઇક આપે. પણ વિઠુને વિષે તેમ ન હતું. વિઠુ અમારી રકાબીમાંથી ગમે તે એક લઇને ખાતો. અમારા પહેલાં પણ ખાઇ જતો. બ્રાહ્મણના ઘરમાં આટલી છૂટ આશ્ચર્યકારક ગણાતી.

વિઠુ મોટો થયો ને ખેતીનું બધું કામકાજ કરવા લાગ્યો. અમે ખેતી વધારી. બળદ, ગાયો, ભેંસો ઘરમાં રાખવાં પડ્યાં. તેને માટે બીડ રાખવું પડ્યું. જંગલમાંથી ઘાસલાકડાં લાવવા માટે મોટાં ગાડાં તૈયાર કરવાં પડ્યાં. કારખાનું વધ્યું. વિઠુ તેમાં કામ કરતો. મારા મોટાભાઇ કારખાના પર દેખરેખ રાખતા. નાનપણથી જ વિઠુની સત્યપ્રિયતા ને ન્યાયનિષ્ઠા જબરી હતી.

સામાન્યરીતે આપણાં ગામડાંઓમાં ગરીબાઇ એટલી બધી હોય છે કે બીચારા ખેડુતોને ન્યાયનિષ્ઠ રહ્યું પાલવતું નથી. ચોવીસે કલાકના જીવનકલહમાં સ્વાર્થ જોવો પડે છે. ગામડાનો વાણીઓ, શાહુકાર, પટેલ, તલાટી તેમજ ગોર બધા એટલા બધા સ્વાર્થી હોય છે કે—સ્વાર્થથી આંધળા હોય છે કે આખા ગામને તેઓ નર્યા સ્વાર્થનો જ પાઠ ભણાવે છે.

ઘરમાં મોટું કારખાનું, એટલે દરરોજ કોઇ ને કોઇ સાથે અથડાઅથડી તો થવાની જ. તેમાં બીજા નોકરો તો અમારો સ્વાર્થ જોઇને જ અમારી વતી લડે, પણ વિઠુને અમારા સ્વાર્થ કરતાં આબરૂ વધારે વહાલી હતી, અને અમારી આબરૂ કરતાં યે ઇન્સાફ વહાલો હતો.

મારા મોટાભાઇનું બતાવેલું કંઇક કામ વિઠુને ગેરવ્યાજબી જણાયું હોય તો વિઠુ લાલચોળ થઇને મોટાભાઇને કહેતો, 'होयगा बाबा ! माझ्ञ खोटु काम करुस सांगाव्यास होय् ?' (મને ખોટું કરવાને તું કહે છે કાં ?) વિઠુને કહેલું કામ સ્વચ્છ છે એવી તેની ખાત્રી કર્યે જ છૂટકો. મારા પિતાશ્રી રજા લઇને જ્યારે બેળગુંદી જતા ત્યારે પ્રથમ વિઠુને જ મળતા. વિઠુ કારખાનાની આખા વરસની બધી વિગત જેવી હોય તેવી કહી દેતો અને આગળ શું કરવું જોઇએ એની સૂચનાઓ પણ આપતો. વિઠુ પાસે છાનું રાખવા જેવું કશું રહેતું જ ન હતું. છતાં અમુક વસ્તુ છાની રાખવા જેવી છે એમ તેને કહેવામાં આવે તો મધ્યયુગીન વફાદારીથી તે તેને છાની રાખતો. વિઠુ અમારા ઘરમાં રહ્યો ત્યારથી તે ભાગ્યે જ પોતાને ઘેર જતો. વરસનું ચાર કુડવ અનાજ અને વીસ રૂપિયા ઘેર આપી આવતો. એટલું અનાજ એક નાના કુટુંબને એક વરસ માટે બસ થાય છે.

વિઠુનો સન્તુ કરીને એક ભાઇ હતો. તેને પણ અમારે ત્યાં ઘણીવાર મજૂરી કરવા અમે રોકતા. પણ સન્તુનું ચારિત્ર્યબળ બહુ જ ઓછું હતું. સન્તુની વૃત્તિ જોઈ વિઠુ અધમૂઓ થઇ જતો. પોતાને લીધે સન્તુને અમારે ત્યાં આશ્રય મળતો એ જોઇ તે મનમાં સહેજ અકળાતો પણ ખરો, અને પોતાને હાથે સન્તુ પ્રત્યે કાંઇ પક્ષપાત ન થાય એની ખાસ કાળજી રાખતો.

જોતજોતાંમાં વિઠુએ આખા કારખાનાનો ભાર ઉપાડી લીધો. વિઠુની શાખ અમારા ગામડામાં પણ ખૂબ બંધાઇ હતી. એની ન્યાયનિષ્ઠા ને અમારી પ્રતિષ્ઠા બંનેનો લાભ એને મળતો. કેટલા યે ગામડીઆઓ પોતાની બચત એની પાસે થાપણ તરીકે રાખવા લઇ

આવતા. મારા મોટાભાઇ ગામડામાં ધર્માવતાર તરીકે પ્રસિદ્ધ હતા. વિઠુ અને મોટાભાઈ જ્યાં હોય ત્યાં ગમે તેટલી મોટી રકમ સલામત છે એવો લોકોને વિશ્વાસ રહેતો. મહારાષ્ટ્ર-કર્ણાટકમાં શાહુકાર લોકો ગરીબ ખેડુતોને કઈ રીતે પજવે છે ને છેતરે છે એની જેને કલ્પના હોય તે જ આ વિશ્વાસની અલૌકિકતા સમજી શકે. થાપણોની રકમો જેમજેમ વધતી ગઇ તેમતેમ તેમાંથી નાનીનાની રકમો લોકોને ઉછીની આપવાનો રિવાજ મારા ભાઇએ શરૂ કર્યો. થાપણોને માટે વ્યાજ આપવા લેવાપણું ન હતું, તેમજ પૈસા ઉછીના આપવામાં પણ વ્યાજનો સંબંધ ન હતો. ફક્ત વિઠુનો જે માણસ પર વિશ્વાસ હોય તેને જ રૂપિયા ધીરવામાં આવતા. કેટલાક ખેડુતો પોતાનાં ઘરેણાં સલામતીને માટે અમારે ત્યાં રાખતા. કોઇપણ માણસને ત્યાં લગ્નપ્રસંગ હોય તો મૂળ માલિકની સંમતિથી વિઠુ તે ઘરેણાં લગ્નમાં વાપરવાને આપતો. ઘણા ખેડુતો પોતાના સ્વચ્છ વ્યવહારથી વિઠુ પર સારી છાપ પાડવાનો પ્રયત્ન કરતા.

વિઠુ અમારે ત્યાં જ રહેતો પણ એણે કોઇ કાળે પોતાના ઘરનો સ્વાર્થ સાધ્યો નહિ. જેમ મહાદેવ દુનિયાને વર આપે છે પણ પોતે કશો સંગ્રહ રાખ્યા વિના ભભૂત લગાવીને બેસે છે તેવી વિઠુની વૃત્તિ હતી. જતે દહાડે વિઠુ મારા મોટાભાઇની આજ્ઞા તોડીને પણ તેને ઠીક લાગે તે જ કરતો. અમારે બેળગુંદીથી બેલગામ જવું હોય તો વિઠુ આપે તો જ અમને બેસવાને ગાડું મળતું. વિઠુ જો કહે કે આજે ખેતીનું કામ છે અથવા બળદ થાકી ગયા છે તો અમને ગાડું ન મળે. મારી માને પણ બહુ જરૂરનું કામ હોય તો વિઠુને અંદર બોલાવી કામની અગત્ય તેના મન પર ઠસાવવી પડતી. મા એને બેચાર ગાળો પણ આપે, પણ વિઠુની ખાત્રી થાય તો જ તે હા પાડે!

ઘરેણાં,-પૈસા ઘરમાં એમ ને એમ રાખવાં સુરક્ષિત નથી એમ જોઇ મારા ભાઇએ એક તીજોરી મંગાવી. પણ અમુકના ઘરમાં એક તીજોરી આવી છે એટલી બાતમી ફેલાયાથી જ ઘર પર ધાડું આવતું. એટલે વિઠુએ બાબાને કહ્યું, 'તમે કોઇને કહ્યા વિના પૂનેથી તીજોરી મંગાવજો હું બેલગામ સ્ટેશનથી રાતોરાત મારા વિશ્વાસુ દોસ્તો સાથે તે ગાડામાં ભરીને લઇ આવીશ અને બીજા કોઇને પણ ખબર પડે તે પહેલાં તો ઘરની વચલી ઓરડીમાં જમીનમાં દાટી રાખીશ. ફક્ત એનું મોઢું ખુલ્લું રહેશે. તેના પર પાટ રાખી તમે તમારી પથારી કરજો. વિઠુએ આવી વ્યવસ્થા પોસ્ટ ઑફિસોમાં જોએલી. વિઠુના દોસ્તો એટલે વિશ્વાસની મૂર્તિ. પરશ્યા, ગિડચા, ધુમડચા અને સુબ્યા જાણે શિવાજીના માવળા! હોશિયારમાં હોશિયાર અને વફાદારમાં વફાદાર. મોટાભાઇએ પરશ્યાને એકવાર આંગણામાં વાંસડાની વાડ તૈયાર કરવાને કહેલું. બે દિવસમાં કામ પૂરું થાય એટલું હતું. પરશ્યાએ જરા ઢીલ કરી એટલે મોટાભાઇએ વિઠુના દેખતાં પરશ્યાને સહેજ ઠપકો આપ્યો. તે વખતે રાતના આઠ વાગ્યા હશે. બીજે દિવસે સવારે ઊઠીને પાછળના આંગણામાં જઇએ તો વાડ તૈયાર! પરશ્યાએ રાત્રે બગીચામાં જઇ વાંસડા તોડી જમીનમાં ખાડા ખોદી વાડ તૈયાર કરી હતી, અને તે પણ કોઇને કહ્યા વિના—એકલાએ જ!

બેળગુંદીમાં જ્યારે પહેલવહેલો પ્લેગ આવ્યો ત્યારે ગામડા બહાર એક ટેકરીના ઢોળાવ પર ઝૂંપડી બાંધીને અમે રહ્યા. ઢોરોને માટે પણ એક ઝૂંપડી બાંધી. વિઠુને બધાના રક્ષણની ચિંતા, એટલે રોજ રાત્રે અમારી ઝૂંપડીની આસપાસ સૂવાને માટે તે પંદરવીસ જુવાનોને ભેગા કરતો. ઓઢવાપાથરવાને માટે પરાળ તો જોઇએ તેટલું હતું. ફક્ત અમારે ચારપાંચ શેર તમાકુ ત્યાં રાખવી પડતી, અને આખી રાત ધુણી રહે એટલાં છાણાંની ગોઠવણ કરવી પડતી. વિઠુને ગાતાં આવડતું ન હતું, પણ તે બીજા પાસે ગવડાવતો. આખી રાત અમારી ઝૂંપડીની આસપાસ ચોકી રહેતી. વિઠુએ વિચાર કર્યો કે પારકા લોકોનાં ઘરેણાં આપણે ગામડાના ઘરમાં રાખીએ તેના કરતાં છાનામાના આ ઝૂંપડીમાં જ લાવીને રાખીએ તો શું ખોટું? એણે મારી માને કહ્યું, 'તમે એ ન સમજી શકો.' એક નાનકડી કોથળીમાં બધાં ઘરેણાં

ને ભાનુ

કાલેલકર પોતાના જીવનસ્મરણમાંનાં બે પાત્રો દ્વારા આલેખી બતાવે છે.

મૂકી વિઠુએ તે કોથળી ઢોરોને માટે જે ઝૂંપડી બાંધી હતી તેમાં બળદને જ્યાં ઘાસ નાખે છે તેની નીચે દાટી દીધી ને ગૌશાળાની વ્યવસ્થા પોતાના હાથમાં રાખી. વિઠુનો ઢોર પર પ્રેમ અપાર એટલે વિઠુ ગૌશાળામાં કેમ સૂએ છે એવી શંકા કોઈના મનમાં આવે જ નહિ. અમારી ઝૂંપડીની સલામતી જોઇ અમારાં સગાંવહાલાં- માંથી કેટલાકોએ અમારી ઝૂંપડી પાસે જ પોતાની ઝૂંપ- ડીઓ બાંધી. વિઠુને એ બધું ગમ્યું નહિ. તે એટલું જ કહેતો, 'આ લોકો નથી સારા.' પણ તેમને સહન કર્યે જ છૂટકો હતો. તેઓ મારા મોટાભાઈ કે મા પાસે કંઇ સગવડ માગવા આવતા ત્યારે વિઠુ મહા પરાણે તેમની પ્રત્યેનો પોતાનો તિરસ્કાર છૂપાવી શકતો.

મારા મોટાભાઇ બેળગુંદીમાં ખેતી કરતા અને પિતાશ્રી બેલગામમાં કલેક્ટરની કચેરીમાં હિસાબખાતા પર દેખરેખ રાખતા. બેલગામમાં પણ વારંવાર પ્લેગ થતો હોવાથી અમારે બેલગામથી ત્રણચાર માઇલ પર એક પાકી ઝૂંપડી બાંધીને રહેવું પડ્યું હતું. ઝૂંપડીથી કચેરી સુધી જવા માટે બે બળદવાળી એક દમણી રાખવી પડી હતી. આ દમણીઓ અમદાવાદની ઘોડાગાડી કરતાં વધારે સગવડવાળી અને સુંદર હોય છે. દમણી ચલાવવા માટે અને ઘરનું કામકાજ કરવા માટે અમે એક નોકર રાખેલો. તેનું નામ ભાનુ. ભાનુ શરીરે કદાવર, ને ઉમરે લગભગ ૩૦–૩૫ વરસનો હતો. એ મૂળ રહીશ કોંકણનો. સવારના છ વાગ્યાથી રાતના આઠદસ વાગ્યા સુધી કામ કરે. અમે એને નાનકડી ઝૂંપડી બાંધી આપી હતી તેમાં એ રહેતો ને હાથે રાંધીને ખાતો. ભાનુ વાસણ ઉટકે, પુરુષોનાં કપડાં ધૂએ, ગાડી હાંકે, રોજ ગાડી ધૂએ, બળદને સાફ રાખે, ક્યાંય સંદેશો લઈ જવો હોય તો જઈ આવે, કચરો કાઢે, પથારીઓ કરે, ફાનસમાં તેલ પૂરે. ભાનુને ખાવાનું આપવાને અમે બંધાએલા ન હતા. તેને રોકડો પગાર જ મળતો. એને ઘેર એની થોડી ખેતી હતી ને માથા પર થોડું દેવું પણ હતું. એટલે અમારે ત્યાં નોકરી કરી પગારના લગભગ બધા જ પૈસા મનીઑર્ડરથી ઘેર મોકલતો અને ત્રણ-સાડાત્રણ રૂપિયામાં પોતાનું ગુજરાન ચલાવતો. એક દિવસ હું તેની ઝૂંપડીમાં ગયો. તેનો વૈભવ એટલે બેચાર માટલાં અને એક તાવડી. તેની



કાકાસાહેબના પિતાશ્રી

કડછી નાળિયેરની કાચલીને વાંસનો હાથો બેસાડીને બનાવેલી હતી. મારી પાસેથી તેના ઘરની હકીકત સાંભળીને મારી ભાભીનું અંતઃકરણ પીગળ્યું. તે દિવસથી રોજ સાંજની રસોઇ વધતી જ અને ભાનુને અથાણું ને રોટલો લગભગ નિયમિત મળતો! ભાનુ એટલે પક્ષપાત. ભાનુ ઘરના બીજા પુરુષોનાં કપડાં સામાન્યરીતે ધોતો, પણ પિતાશ્રીનાં કપડાં પાછળ કેટલી મહેનત લેવી એની મર્યાદા તેની પાસે હતી જ નહિ. મારાં કપડાં પ્રત્યે પણ એની સ્હેજ મહેર નજર રહેતી. પણ હું નથી માનતો કે મારી પ્રત્યે એનું વધારે આકર્ષણ હતું. મારા કરતાં મારાં કપડાં પ્રત્યે જ ભાનુની બહાલ મરજી હોવાનું કારણ એક દિવસ મને અચાનક સૂઝ્યું. ઘણીવાર હું પિતાશ્રીની સાથે તેમની ગાડીમાં બેસી હાઇસ્કૂલે ભણવા જતો. પિતાશ્રીની ઑફિસમાં પણ જઇને બેસતો. એટલે ભાનુને થતું કે મારાં કપડાં મેલાં રહે તો કલેક્ટરની કચેરીમાં ને હાઇસ્કૂલમાં કામ કરતા તેની ન્યાતના દેવોમાં—ચપરાશી ને પટાવાળાઓમાં—તેની કિંમત ઘટશે. ભાનુ અમલદારોને ત્યાં જ કામ કરવા સર્જાએલો. પટાવાળાઓની ભલામણથી જ અમલદારોને ત્યાં એને નોકરી મળવાની. અમારે ત્યાં પણ દશરથ નામના પટાવાળાની ભલામણથી જ તે આવેલો. મારાં કપડાં જોઇ જો ભાનુને ઠપકો મળે તો ભાનુનો ભવ બગડે. ભાનુની દુનિયામાં મારા પિતાશ્રી એ મધ્યવર્તી. આખી દુનિયાએ એમની આસપાસ ફરવું જોઇએ. પિતાશ્રીની તે સેવા કરતો હોય ત્યારે બીજા કોઇને ગણકારે નહિ. તેને મન બધા જ પિતાશ્રીના આશ્રિત. હું નહાવાને તૈયાર થયો હોઉં, એટલામાં પિતાશ્રી નહાવા આવે



કાકાસાહેબ
તરુણવયે

તો એ પિતાશ્રીને કહે નહિ કે દત્તુ આપ્પા નહાવા ઊતર્યા છે. તે મને જ કહેવાનો: 'સાહેબ નહાવા આવે છે માટે તમે ખસો!' ભાનુ ઘરમાં આવ્યો ત્યારથી અમે પણ પિતાશ્રીને 'સાહેબ' કહેવા લાગ્યા. નાનપણમાં અમે તેમને દાદા કહેતા. ભાનુને લીધે ઘરનાં બધાં પિતાશ્રી પ્રત્યે વધારે અદબ રાખતાં શીખ્યાં. તે પહેલાં સ્વાભાવિક પ્રેમ ને આદર તો હતાં જ, પણ અદબની વિગતો અમારી પાસે ન હતી. પિતાશ્રીની થાળી તથા તેમનો લોટો સાફ કરવાની માટી જુદી. સૌથી પહેલાં પિતાશ્રીનાં વાસણો જ તે ઉટકતો અને અલગ ધોઇ અલગ સ્થાને રાખતો. પિતાશ્રીની સગવડ સાચવીને જેટલું બીજું કામ થાય તેટલું જ કરવાને પોતે બંધાએલો છે એવી ભાનુની માન્યતા હતી. પિતાશ્રી પ્રત્યે અમારી બધાંની લાગણી પ્રેમ અને આદરની હોવાથી ભાનુની આ વૃત્તિનું અમે કૌતુક જ કરતા. ભાનુ બીલકુલ આળસ કરતો ન હતો. મહેનત કરવામાં એને ખૂબ રસ પડતો હોય એમ જ લાગતું. એના બોલવાચાલવાનો હમેશનો એક જ વિષય—ઘરની વ્યવસ્થા અને પિતાશ્રીની સગવડ. એના બોલવાચાલવા પરથી આ દુનિયામાં એનું બીજું કોઈપણ હશે એવો ભાસ સરખો યે થતો નહિ. છતાં એને દોસ્તદાર ન હતા એમ નહોતું. બેલગામમાં જુદેજુદે ઠેકાણે કામ કરનાર એના જ મુલકના ને એની જ ન્યાતના કેટલા યે એના દોસ્તદાર હતા. મહિનામાં એક દિવસ તે બધાને મળવા જતો. પણ એ દોસ્તદારો વિષે એક દિવસ પણ તેના મોઢામાંથી કશો ઉદ્‌ગાર નીકળે નહિ. જાણે કોઇ કાવતરાબાજ ગુપ્ત સંસ્થાનો તે સભાસદ ન હોય! તેના નિયમિત જવા પરથી મેં અનુમાન કાઢ્યું કે એ બધાનો મળવાનો એક મુકરર દિવસ હોય છે. પછી તો તેની પાસેથી વધારે વિગતો મેળવી. એ લોકો સાચે જ માસની અમુક તારીખે ભેગા થતા, એકત્ર રાંધીને ખાતા, પોતપોતાનાં સુખદુઃખની વાતો કરતા, કોઈ કામ વિનાનો હોય તો તેને નોકરી ક્યાં મળી શકે એની ખબર આપતા, કોઇના પર તેનો સાહેબ નારાજ થયો હોય તો તેનો બીજો દોસ્તદાર પોતાના સાહેબ મારફતે તેના સાહેબને સમજાવવાનું પોતાને માથે લેતો. ટૂંકામાં કહીએ તો ફ્રીમૅસનની પેઠે આ નોકરોની તે એક સંસ્થા જ હતી. કયો તહેવાર તે હું ભૂલી ગયો છું પણ તે દિવસે બધા મળીને દારૂ પણ પીતા. છતાં તેમને દારૂનું વ્યસન નહિ. વરસમાં એક જ દિવસે તેઓ શરાબ પીએ, ને એવો કે બેહોશ થઇને પડે.

આ નોકરો જેટલા દિવસ સુધી જે ધણીની પાસે રહે તેટલા દિવસ સુધી તેની સાથે પૂરેપૂરા વફાદાર. ઘરની વાત બીલકુલ બહાર જવા ન દે. બહાર બધે ધણીનાં વખાણ જ કરે. એકની નોકરી છોડી બીજાને ત્યાં રહે તોપણ પહેલા ધણીની વાતો ત્યાં ન કરે. રહસ્ય એ એમને માટે રહસ્ય જ. માત્ર એમની માસિક સભામાં બધા નોકરો ભેગા થાય ત્યાં કશી વાત છાની ન રહે. શહેરના મોટા લોકોની બધી છાની વાતો ત્યાં ચર્ચાય. આજે મને એમ લાગે છે કે જો કોઇ રીતે એમની એ માસિક સભાનો વિશ્વાસપાત્ર સભાસદ થવાય તો સમાજશાસ્ત્રનું અધ્યયન કરવાને માટે કેટલોયે અસાધારણ મસાલો ત્યાંથી મળી આવે.

ભાનુ ઇમાનદાર હતો અને પોતાની ઇમાનદારી વિષે મગરૂર પણ હતો. તે વિવેક ખૂબ જાણતો અને પાળતો. પણ શહેરનો નોકર એટલે એનો આત્મા કંઇ વિવેકી નહિ. શહેરનો વિવેક એટલે અંદરની હલકાઈ ઢાંકવા માટેનું ઉપરનું અસ્તર.

એક દિવસ એક સાબુનો મોટો કકડો એક જ દિવસમાં ખલાસ થએલો જોઇ મેં ભાનુને પૂછ્યું, 'આટલો સાબુ એક દિવસમાં શી રીતે વપરાઇ ગયો?' ભાનુથી મારો સવાલ સહન ન થયો. વિવેકનું પડ ઊડી ગયું ને તે બોલ્યો, 'શું હું તમારો સાબુ ગળી ગયો છું?' એટલામાં પિતાશ્રી ત્યાં આવ્યા. તેમણે ભાનુનો જવાબ સાંભળ્યો. તેમણે કહ્યું, 'ભાનુ શું કહે છે?' ભાનુ ગુ-

રસામાં ને ગુસ્સામાં જ હતો. એણે ફરી કહ્યું, 'મેં કંઇ એમનો સાબુ ખાધો નથી, તમારા ને એમના કપડામાં વાપરી નાખ્યો.' પિતાશ્રીએ કહ્યું, 'આવો જવાબ આપનાર નોકર ઘરમાં કેમ ચાલે?' તેને કાઢી મૂકવાનો કોઇનો વિચાર હતો જ નહિ; પણ તેને લાગ્યું કે આપણને રજા મળી છે, એટલે કપડાં પહેરીને ચાલતો થયો. ઘેર ગયો ને પસ્તાયો. બીજે દિવસે દશરથ આવીને પૂછવા લાગ્યો, 'ભાનુની શી કસૂર હતી? એને તમે કેમ બરતરફ કર્યો?' પિતાશ્રીએ કહ્યું, અમે તો કાંઇ કાઢી મૂક્યો નથી. એને આવવું હોય તો ભલે આવે.' બીજે દિવસે ભાનુ પાછો આવ્યો અને પહેલાંની પેઠે કામ કરવા લાગ્યો. ભાનુને કોનાં વધારે કપડાં ધોવાં પડેલાં એ જાણવાને માટે જ મેં એને સાબુ વિષે પૂછેલું. 'ભાનુને અમે ઘરમાં જે રીતે રાખતા તે પરથી એણે જાણવું જોઇતું હતું કે એના પર કોઇને શક ન હતો.. તે દિવસથી ભાનુ કોઇ કાળે પેલી સાબુવાળી વાતનો ઉલ્લેખ પણ થવા દેતો ન હતો. જાણે કશું થયું જ નથી એમ એ બતાવવા માગતો હતો.

આપણા નોકરો પોતાની ભૂલની ક્ષમા આ જ રીતે માગે છે. એણે વચનથી ક્ષમા માગી જ ન હતી. પણ વર્તન કરતાં તેની આ વૃત્તિ વધારે અર્થપૂર્ણ હતી.

ભાનુ પણ ઘરની વ્યવસ્થામાં ફેરફાર સૂચવતો. અમુક ઠેકાણે બચત કરી શકાય એવી યોજનાઓ મૂકતો પણ તેની પાછળ પિતાશ્રીની સગવડનો ખ્યાલ મુખ્ય રહેતો. બીજા કોઇને અગવડ વેઠવી પડે તો તે તરફ તેનું બીલકુલ ધ્યાન રહેતું નહિ. આટલી બચત થાય છે ત્યાં બીજાઓએ અગવડ વેઠવી જ જોઇએ. એકલા પિતાશ્રી જ એ અર્થશાસ્ત્રને અપવાદ રૂપ હતા; અને કંઇક અંશે આઇ. બાકી બધા એની દૃષ્ટિએ તેમના આશ્રિત.

ધીમેધીમે ઘરમાં ભાનુનું જોર વધ્યું. બજારમાંથી વસ્તુઓ લાવવાનું, પરચુરણ હિસાબ રાખવાનું, ધોબીને વઢવાનું, હજામને વખતસર બોલાવવાનું વગેરે કામ તેનાં થયાં. ભાનુ કહે ત્યારે કપડાં બદલવાં જ જોઇએ. ભાનુ કહે ત્યારે હજામત માટે બેસવું જ જોઇએ. તે લાવે તે જ શાક ખાવું જોઇએ. અમને ભાવે કે ન ભાવે, અમે મંગાવ્યાં હોય કે ન હોય, પણ અમુક જાતનાં ફળ ઘરમાં આવવાનાં જ. ભાનુથી અમને સૌને સંતોષ હતો.

સરકારી નોકરીને અંગે પિતાશ્રીને બહારગામ જવું પડ્યું. સાવન્તવાડી સંસ્થાનમાં અંગ્રેજ સરકાર તરફથી રાજ્યવહીવટ ચાલતો હોવાથી મુંબાઈ સરકાર તરફથી વાર્ષિક તપાસ ચાલતી હતી. એક વરસે પિતાશ્રીને અન્વેષક તરીકે સાવંતવાડી બે મહિનાને માટે જવાનું હતું. સ્વાભાવિક રીતે ભાનુની ઇચ્છા તેમની સાથે જવાની હતી. પણ દેશી રાજ્યોમાં સરકારી તપાસનીશોની સેવામાં એટલા બધા નોકરો રાખવામાં આવે છે કે ભાનુની ત્યાં જરૂર ન હતી. આથી મોટાભાઇએ કહ્યું કે 'ભાનુને બેળગુંદી મોકલો તો મને ખૂબ મદદ થશે. ભાનુ હોશિયાર છે, વફાદાર છે, મહેનતુ છે. મારે ત્યાં તેનો ઉપયોગ ખૂબ થશે.' વિઠુને પણ એમ જ લાગ્યું. ભાનુને ગામડામાં રહેવાનો આનંદ જોઇતો ન હતો એમ ન હતું, એટલે કશી તકરાર વિના મોટાભાઇનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થયો.

હું પિતાશ્રી સાથે સાવન્તવાડી ગએલો. ત્યાંથી

અભિસારિકા

• ઉપજાતિ-વંશસ્થ •

વિભાવરી તારક સર્વ ગૂંથી,
અંધારરંગી નિજ ચુંદડીમાં;
સેંથો રચીને નભગંગ કેરો,
ધરી શશીપુષ્પ પ્રફુલ્લ વેણીમાં:

જતી હતી એ અભિસારિકા સમી,
આલિંગવાને પ્રિય પ્રાણને કો;
ખરી જતાં ત્યાં મદમત્ત કેરાં
નૂપુરનાં ઝાકળ મોતીડાંઓ.

મૃદુમૃદુ અંગુલિ ફેરવીને,
શાંતિ તણું બીન બજાવતી જતી;
પહાડ ને નિર્ઝર જંગલોમાં,
એ મુગ્ધતા સૂર તણી છવાતી.

પ્રકાશનેનો પ્રિય પ્રાણ કેરા,
ધીમેધીમે આભ મહીં ખુલે છે;
ત્યજી દઇને નિજ બીન રાત્રિ,
વ્યાકુળ હર્ષે દિશ એ ધસે છે.


લંબાવતો જ્યાં પ્રિય કિર્ણ હસ્ત,
રાત્રિ ધરે જીવન ત્યાં સમસ્ત.

પ્રહ્લાદ પારેખ



વાત્સલ્ય

ચિત્રકાર · રસિકલાલ પરીખ



પાણચક્કી - ઔરંગાબાદ

૯ (ફોટો • બલવન્ત ભટ્ટ)

ઊંચેથી પાણીનો ધોધ પાડીને તેના બળે ઘંટી ચલાવવાની મુગલ સમયની ઈજનેરી તરકીબ માટે તેટલું જ તેની પાસેના સુંદર મકાન અને મનોરમ વાતાવરણ માટે આ સ્થળ ઔરંગાબાદમાં પ્રસિદ્ધ છે અને કોઇ પણ મુસાફર તે જોયા વિના રહેતો નથી. ભાઇ બલવન્તે પ્રભાતના વાતાવરણની કુમાશ, પાણીનું પ્રવાહિત્વ અને કોમળ તડકાછાંયાની ભાતથી શોભતા મકાનની રમણીયતા—બધું ઉપલા ચિત્રમાં આબાદ ઉતાર્યું છે.

એક મહિના પછી પાછો બેળગૂંદી આવીને જોઉં તો ભાનુ ને વિઠુને બનતું ન હતું. બંને લાગણીવાળા, બંને વફાદાર, પણ બંનેના આદર્શ જુદા. પિતાશ્રીને સાવન્તવાડીથી પાછા આવવા માટે ગાડીની જરૂર હતી. સાવન્તવાડીથી બેલગામ બાસઠ માઇલની ડુંગરી મુસાફરી છે. રસ્તો બહુ જ સુંદર અને રળિયામણો છે. વિઠોબાએ મોટાભાઇને કહ્યું, 'ખેતરનું કામ બહુ જરૂરનું છે, હું મારા બળદીઆ આપવાનો નથી. સાહેબ (મારા પિતાશ્રી)ને કહો કે ત્યાંથી ભાડાની ગાડી કરીને આવે. ભાડું સહેજ વધારે પડે તો વાંધો નહિ, પણ મારૂં કામ ખોટી થવા નહિ દઉં.' ભાનુએ ચીડાઇને કહ્યું, 'મોટો આવ્યો છે કારભારી! માલિકની ભીડ વધારે કે ખેતીની? માલિકને માટે ખેતી કે ખેતીને માટે માલિક? હું તો બળદ ને ગાડી લઇ જ જવાનો છું. સાહેબનો કાગળ આવ્યો છે તે નથી જોતો?' બંને જણ મોટાભાઇ તરફ જોવા લાગ્યા. મોટાભાઇ આગળ ત્રીજો જ સવાલ હતો. નાહકનું ભાડું બચાવવું અથવા ખેતીની ભીડ સાચવવી એના કરતાં એ બે વફાદાર સેવકોની મરજી સાચવવી એ મોટી વાત હતી. તુરતમાં શું કરવું જોઇએ એનો વિચાર કરવાને બદલે બંને પોતપોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવા લાગ્યા. મોટાભાઇ મોટા તત્ત્વજ્ઞાની હતા. ધર્મ, સમાજશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રોની દુનિયામાં હમેશાં રહેતા. તેમની ચર્ચા ચાલતી હતી એટલામાં હું બહાર જઇ, ગામમાંથી બે બળદ ભાડે લઇ આવ્યો ને કહ્યું, 'ભાનુ, આ લે બળદ. વિઠુના બળદીઆ તને નહિ મળે. ઘરની દમણી છે તે લઇને જા. સાથે વિઠુનો ભાઇ પણ આવશે.' ઘરમાં હું સૌથી નાનો ભાઇ, પણ મને આવી રીતે હુકમ કાઢવાની સત્તા હતી. મારો હુકમ તે છેલ્લો, કેમકે નાનપણમાં આવી બાબતમાં હું બહુ જ વ્યવહારચતુર હતો. કૉલેજમાં ગયા પછી મારૂં તે ચાતુર્ય ઓગળી ગયું.

બંને વચ્ચેની અથડામણ ટળી, પણ પડેલી તડ સંધાઈ નહિ તે નહિ જ. વિઠુ કુટુંબનો વિચાર કરે ને ભાનુ માલિકનો કરે. જોકે ઘરમાં માલિક અને કુટુંબ વચ્ચે કશો ભેદ ન હતો.

આસપાસના ગામડામાં ધીરેલા પૈસાની ઉઘરાણીમાં ભાનુ જાય ત્યારે રૈયતો પર તે ખૂબ સખ્તાઈ કરતો અને રકમ સાથે બેચાર કોળાં, બતકાળાં કે પાંચદશ શેર રીંગણાં લાવ્યા વિના રહેતો નહિ. વિઠોબાને આ બીલકુલ ગમતું નહિ. ભાનુ કહેતો, 'બધા સાવકાર એમ લે છે. તે તો આપણો દસ્તુર છે, દસ્તુરની વાત કેમ જવા દઇએ?' વિઠોબા કહેતો, 'મોટો પટેલ આવ્યો છે મને ભણાવવા. હું કાંઇ તારી પેઠે કોંકણમાંથી આવ્યો નથી. આ જ ગામમાં જન્મ્યો છું અને આ જ ગામમાં મારાં હાડકાં દટાઇ રહેવાનાં. બધા દસ્તુર લે છે તે હું નથી જાણતો? પણ બાબાએ તે રિવાજ બંધ કર્યો છે. લોકો બાબાને નાહક ધર્માવતાર નથી કહેતા. પાંચ શેર રીંગણાંથી બે વખતનું શાક થાય ખરૂં? સાવકારને નાહક શા માટે બદનામ કરે છે?' ભાનુ મારી પાસે આવીને કહેતો, 'જોયું દત્તુ અપ્પા? આ વિઠોબાને માલેકના લાભગેરલાભની છે કંઇ ફિકર?

બે ભાવનાઓ

• પૃથ્વી •

જજો, યદિ જવું ગમે જ, સ્મિત લક્ષ્મીનાં ઓસરી,
સુવર્ણ તણી કાન્ત કાન્તિ મળી જાય માટી મહીં,
હીરા રતન ને મણિ પથ તણી બનો કાંકરી;
પરંતુ અમલું પ્રસાદમયં હાસ્ય પાવિત્ર્યનું
થજો ન કદિ ઝાંખું, ના મલિન એ કદિયે થજો,
નિરંતર પ્રસન્ન પદ્મ સમ અંતરે એ ઠરો.

ભલે સકળ વિશ્વનાં વિષ જ્વલંત ને કારમાં
સુખે જગત ઠાલવે મુજ મુખે, અને દાહના
દુઃખે અણુઅણુ બને વિકલ વ્યસ્ત છો માહરા;
પરંતુ ધરશો નહિ હૃદય વજ્રકાઠિન્યને,
સૂકાઈ ઉરથી જશો ન કદિ પ્રેમની નિર્ઝરી,
વહી વહી વિશાલ વિશ્વપટ નિત્ય ભીંજવતી
રહો વિષસમુદ્રમાં અમૃતપૂર્ણ મંદાકિની,
અનંત સ્મિતના તરંગ પર ભદ્ર વિસ્તારતી.

પૂજાલાલ

ખેડુતો તો આખરે એના ન્યાતભાઈ જ રહ્યા ને ?'

એક દિવસ ખેતરમાં લણણી ચાલતી હતી. પરાળ વાઢી લીધા પછી તેના નીચલા છેડા જમીનમાં ઊભા હતા. તેના પર જો પગ પડે તો લોહી જ નીકળે. એટલે મજૂરો ખેતરમાં સહેજ સાચવીને ચાલતા. ભાનુને થયું કે આમ વખત નકામો જાય છે અને કામ ઓછું થાય છે. જો ચંપલ પહેરીને કામ કરીએ તો ઝપાટાબંધ કામ થાય. ભાનુ ચંપલ પહેરીને કામ કરવા લાગ્યો. વિઠુએ તે જોયું કે તરત જ તેનો પિત્તો ઊછળ્યો. ગામડાંઓમાં લણણી ચાલતાં ખેતરમાં ચંપલ પહેરીને જવું એ ભારે અશુભ ગણાય છે. ભૂમિમાતાનું તેથી અપમાન થાય છે. ખેતરમાં ભેગી થએલી લક્ષ્મીનો અનાદર થાય છે, અને ખેતરના ધણીનું અશુભ થાય છે. વિઠુના મોઢામાંથી એકસામટી ગાળ નીકળી. તે ભાનુને મારવા દોડ્યો. બંને સારી પેઠે લડત, પણ હું વચમાં પડ્યો. વિઠુને મેં ખૂબ ઠપકો આપ્યો અને ભાનુને મારૂં ખાવાનું ઘેરથી લઈ આવવાને મોકલી દીધો.

સાંજે મોટાભાઈ બંનેને સમજાવવા બેઠા. સમાજવ્યવસ્થાના અને લોકરુઢિના મૂળભૂત સિદ્ધાંતોની તેઓ ચર્ચા કરતા હતા અને સેવકધર્મની મીમાંસા કરતા હતા. રીંછની પેઠે ઘૂરકી રહેલા ભાનુ અને વિઠુ શ્રદ્ધાપૂર્વક ધર્માવતારનું પ્રવચન સાંભળતા હતા. પણ એ બધું ઊંધા ઘડા ઉપર પાણી રેડવા જેવું હતું. બંને જણ જ્યાં હતા ત્યાં જ હતા.

રોજ તેઓ દિવસમાં ચારચાર વાર લડતા. દરેક વખતે યુક્તિ યોજવા હું હાજર ન હોઉં અને ધર્મચર્ચા કરવાને મોટાભાઈ ન હોય એટલે બંને વચ્ચેની કડવાશ વધવા લાગી. બધા અકળાયા. એ બંનેને પણ થવા લાગ્યું કે આ ઘરમાં આપણી પ્રતિષ્ઠા રહી નથી. પણ ઘર છોડી જવાનું મન એકકેને થાય નહિ. બંને દુ:ખી ને દુ:ખી રહે.

સાવન્તવાડીથી આવ્યા પછી પિતાશ્રીએ ત્રણ મહિનાની રજા લીધી એટલે અમે બધા બેળગુંદીમાં જ રહેતા, જેથી ભાનુ ને વિઠુને જુદા પાડવાની પણ મારી યુક્તિ ત્યાં ચાલે એમ ન હતી. એટલામાં ભાનુની મા ગુજરી ગયાનો કાગળ કોંકણથી આવ્યો. ઘરની ખેતી તરફ જોઈ શકે એવું તેને ત્યાં કોઈ ન હોવાથી તેને અમારે ત્યાંથી રજા લેવી પડી. અમને છોડી જતાં ભાનુને બહુ જ દુ:ખ થયું. વિઠોબાને પણ ભાનુ જાય છે એનું ખોટું લાગ્યું. વિઠોબાએ ભાનુને બધું ભૂલી જવાનું કહ્યું. તેને ત્રણ દિવસ પોતાને ત્યાં મહેમાન તરીકે રાખ્યો ને ગળગળા થઈ બંને એકબીજાથી છૂટા પડ્યા.

ભાનુના ગયા પછી વિઠોબા કેટલી યે વાર ભાનુનું ગુણવર્ણન કરતો. ભાનુ પાસેથી હું આ શીખ્યો ને તે શીખ્યો એમ કબૂલ કરતો. પોતાના દોસ્તદારોને ભાનુ જેવો વિવેક કેળવવા સમજાવતો ને ભાનુ સાથે નાહક લડ્યાનો પશ્ચાત્તાપ કરતો. છતાં કહેતો કે ભાનુ આખરે તો શહેરમાં રહેનાર માણસ. ગમે તેટલો હોશિયાર તો યે શું ? અમારા જેવો તે નહિ. આજે હોય ને કાલે જાય. અમે તો ઘરના માણસ.

આ પછી છ આઠ મહિનામાં જ વિઠુ પ્લેગથી ગુજરી ગયો. તેની સ્ત્રી નાતરું કરીને બીજે ગામ ગઈ. તેને બાળબચ્ચાં ન હતાં.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ભૂતિયું ઘર

કેશુ દર રોજ કલાસમાં ડીંગ મારતો કે પોતે ભૂતમાં માનતો નથી અને ભૂત હોય તો પણ જરા યે બીતો નથી. આ ફિશિયારી સાંભળી સાંભળીને તેના દોસ્તો જોગી, દીવાકર ને સરોજ ધરાઇ ગયા હતા. અંતે એક દહાડો તેમણે એને ખરેખરા ભૂતિયા ઘરમાં લઇ જવાનો મનસૂબો ઘડ્યો.

થોડા દહાડા પછી નિશાળમાં પતેતીની રજાઓ પડી એટલે તેમને આ વિચાર અમલમાં મૂકવાનો અવસર મળી ગયો. રજાની આગલી સાંજે ત્રણે ફરવા ગયા ત્યારે દીવાકરે કહ્યું: 'આપણે આ રજામાં અહીં રખડ્યા કરીએ તેના કરતાં કોઇ ગામડામાં ફરવા જઇએ તો કેમ ?'

જોગીએ અને સરોજે તરત હા પાડી. અને કેશુએ પણ કહ્યું કે વિચાર કંઇ ખોટો નહોતો.

થયું. તે જ રાત્રે તેઓ નીકળી પડ્યા અને સવારે નવસારી પાસેના એક ગામડામાં આવી પહોંચ્યા. પરવારીને તેઓ ગામમાં ઉતારો શોધવા નીકળ્યા, અને શોધતાં શોધતાં એક ત્રણ માળના મોટા મકાન આગળ જઇ પહોંચ્યા. મકાન તદ્દન ખાલી હતું.

'આ ઘર તદ્દન ખાલી કેમ હશે ?' દીવાકર બોલ્યો: 'જરા વિચિત્ર લાગે છે.'

'વિચિત્ર ?' કેશુ હસ્યો. 'ભલા માણસ! દુનિયામાં કશું જ વિચિત્ર નથી.'

'ચાલો, કોઇને પૂછીએ તો ખરા.' જોગી બોલી ઊઠ્યો. એટલામાં જોડેના ઘરમાંથી એક પ્રૌઢ માણસ બહાર આવ્યો.

'ભાઈ! આ ઘર કોનું છે?' જોગીએ પૂછ્યું.

'મારૂં; કેમ ?' પેલો પ્રૌઢ બોલ્યો.

'ભાડે આપવાનું છે ?'

'હા.'

'શું ભાડું છે?' દીવાકરે પૂછ્યું.

'ભાડું તો .... પણ ભાઇ જુઓને, હું તમને જરા વાત કહી દઉં. એ ઘરમાં તો ભૂત છે, તેથી કોઇ ત્યાં રહેતું નથી; અને રહે છે તે મરી જાય છે.' જોગી, દીવાકર અને સરોજ વિચારમાં પડ્યા.

પણ કેશુ બોલી ઊઠ્યો: 'ભૂત ? નૉન્સેન્સ!'

'ભાઇ! તમારે માનવું હોય તો માનો. મારી કાંઇ જબરદસ્તી નથી. ખાતરી કરવી હોય તો આજની રાત રહી જુઓ. મને વાંધો નથી.'

'હા એ ઠીક; ખાતરી તો કરીએ.' સરોજ અને દીવાકર સાથે બોલી ઊઠ્યા.

'ભલે કરો ત્યારે.' એમ કહીને પેલો પ્રૌઢ પુરુષ અંદર ગયો અને ઘરની કૂંચી લઇ આવ્યો.

બધા અંદર પેઠા. ઠેરઠેર પુષ્કળ ધૂળ જામેલી હતી. જાળાંઓનો તો શુમાર ન હતો. અંદર ચામાચીડિયાં વગેરે અનેક પ્રાણીઓએ પોતાના અડ્ડા જમાવી દીધા હતા. ભોંયતળિયું તદ્દન અંધારૂં હતું, પણ તેઓ જેમ જેમ ઉપર ચડતા ગયા તેમતેમ અજવાળું આવતું ગયું. ત્રીજા માળ પર તો ઘણું અજવાળું હતું. દાદર પૂરો થતાં જ દાદરની સામે કઠેરો હતો અને તે નીચેના ચોકમાં પડતો હતો. પણ એ કઠેરો તદ્દન સડી ગએલો અને જર્જરિત હતો. તેની બાજુમાં એક પરસાળ હતી અને તેમાં જુદાજુદા ઓરડા પડતા હતા. તેમાંનો એક ઓરડો સાફ કરીને ત્રણે જણ બેઠા.

નાસ્તો કરી લઇને આખો દિવસ તેમણે ગામમાં રખડવામાં જ ગાળ્યો અને પાછા આવ્યા ત્યારે રાતનો વખત થઇ ગયો હતો. ઘરમાં તો તદ્દન અંધારૂં હતું, તેથી જોગી અને સરોજ જરા પણ ખડખડાટ થાય કે ચમકી ઊઠતા અને કેશુ તેમની મશ્કરી કરતો.

મીણબત્તી સળગાવીને તેઓ ખાવા બેઠા. ખાતાં ખાતાં પણ જરા સરખો અવાજ, કેશુ સિવાયના બધાને ગભરાવી મૂકતો. ખાધા પછી તેઓ પાનાં રમવા બેઠા અને રમતાંરમતાં આસ્તિકતા અને નાસ્તિકતા વિષે વાતો કરવા લાગ્યા.

'પણ નાસ્તિકતા એટલે રામ નામનો કોઇ માણસ જ હતો નહિ એમ નહિ.' કેશુ બોલ્યો: 'પણ હું એમ માનું છું કે રામ નામનો આર્ય રાજકુંવર રાવણ નામના અનાર્ય રાજા પર ચડાઇ કરી ગયો અને સૈન્યમાં હિંદના મૂળ વતનીઓને જ લીધા. અને તે લોકો આર્યો જેટલા

જેને પરિણામે હસવામાંથી હાણ થાય છે એવી એક બીજી ભૂતકથા

સુધરેલા નહિ તેથી તેમને વાનર કહ્યા. તારે નાખવાનું છે, સરોજ.'

'હા; પણ બધો આધાર તારી જ માન્યતા પર ક્યાં ટકે છે?' સરોજ પત્તું નાખતાં બોલ્યોઃ 'વાલ્મિકીએ કાંઇ ખોટું લખ્યું હશે?'

'ખોટું નથી લખ્યું.' કેશુ બોલ્યો:' 'હું કહી ગયો તે જ તેમણે લખ્યું છે; ફક્ત થોડી અતિશયોક્તિ સાથે. કોનો હાથ ગયો?'

'મારો.' દીવાકરે જવાબ આપ્યો: 'પણ તું એને અતિશયોક્તિ શી રીતે કહે છે?'

'કેમ વાલ્મિકી અતિશયોક્તિ ન કરી શકે? જૂના વખતના લોકો પણ ઐતિહાસિક નવલકથા ન લખી શકે? વાલ્મિકી રામાયણ એ ઐતિહાસિક નવલકથા જ કહેવાય; મુનશીના ગૂજરાતનો નાથ વગેરે માફક.'

'ત્યારે આ બધાં માનનારાં મૂર્ખ—'

'સાંભળ;' જોગી બોલી ઊઠ્યોઃ 'બહાર કોઇ હસતું હોય એમ સંભળાયું.'

'ભ્રાંતિ!' કહી કેશુ ઊઠ્યો અને બારણું ઉઘાડી કહ્યું 'અહીં તો કશું જ નથી.'

'એમ જ હશે.' જોગીએ કહ્યું: 'કોને ઉતરવાનું છે?'

'સરોજને.' દીવાકર બોલ્યો, 'સરોજ, ઉતર . . . સરોજ! ઓત્તારી! એટલી વારમાં ઊંઘી પણ ગયો? સરોજ! સરોજ!!'

'સરોજ! આ શું? ઊઠને!' જોગી સરોજને ઢંઢોળતાં બોલ્યો. પણ સરોજ ન હાલે કે ન ચાલે. બધાએ તેને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ.

'આ તે શું કહેવાય?' કેશુએ પૂછ્યું.

'કોણ જાણે!' જોગીએ જવાબ આપ્યો. 'પણ મને તો એ ઉંઘતા કરતાં મરી ગએલા જેવો વધારે લાગે છે.'

'ના ના, એમ ગભરાવ નહિ.' દીવાકર બોલ્યો. પછી થોડી વાર વિચાર કરીને તેણે કહ્યું, 'પણ આ જેમ ઢળી પડ્યો તેમ થોડીવાર પછી આપણે પણ બધા—'

'ચાલો, ચાલ્યા જઇશું?' જોગી વચમાં બોલી ઊઠ્યો.

'આને મૂકીને?'

'ના એને ઉચકી જઇએ.'

'ના ના, હવે;' કેશુ કશું બોલવું જોઇએ એટલા ખાતર બોલ્યો.

એટલામાં તો દીવાકરનું માથું પણ ઢળી પડ્યું અને તે પણ સરોજ માફક ઊંઘી ગયો.

કેશુ અને જોગી બંને આ જોતાં જ ગભરાઈ ગયા. શું કરવું તે કાંઈ તેમને સૂજ્યું નહિ.

'કોઇને બૂમ પાડીએ?' કેશુ બોલ્યો, 'ચાલ આપણે જતા રહીએ.'

'આ લોકોને મૂકીને?'

'હા ભાઇ, હા; ત્યારે બીજું તો શું કરીએ?' કેશુ બોલ્યો.

'પણ જોજે ખુદાને ખાતર તું ન ઊંઘી જતો!'

કેશુ ઉઘાડાં બારણાં બંધ કરવા ગયો. એટલામાં પાછળ તેને કોઈ પડતું હોય તેમ સંભળાયું. તેણે પાછા વળીને જોયું કે જોગી પણ પેલા બંને જેવી દશા પામ્યો હતો. આ જોતાં જ કેશુના ડોળા ફાટી ગયા.

'અરે! અરે! આ શું થાય છે?' કેશુએ ભયમાં ચીસ પાડી અને જાણે જવાબમાં તેને બહારથી ખડખડાટ હસવું સંભળાયું.

'ભૂત! શું ભૂત મને જીતી જશે? મને—?' તે ખોખરા અવાજે બોલ્યો અને બારણું ઉઘાડી બહાર ગયો. 'આ જાઓ ભૂત! ઔર ભૂતકા દાદા!' તેણે બહાર બરાડા પાડતાં ચાલવા માંડ્યું. 'મારો! કાપો! ચલે જાઓ!' કરતો તેનો અવાજ દૂર ગયો.

એટલે સરોજ ધીરે રહીને ઊઠ્યો અને પોતાનાં કપડાં ખંખેરતો ખંખેરતો સહેજ ભય સાથે બોલ્યો, 'ચાલો ઊઠો હવે; એને ડીંગ મારવાનો બરોબર બદલો મળ્યો છે. લગભગ ગાંડો થઈ ગયો છે.'

પણ કોઇ હાલ્યું નહિ.

'ચાલો ચાલો હવે.' તે સહેજ ધ્રૂજતા અવાજે બોલ્યો: 'મારી પણ મશ્કરી? જાણે મને પણ કેશુ જેવો માનીને બનાવવા નીકળ્યા.'

પણ છતાં યે કોઇ હાલ્યું નહિ. એટલે તેણે તેમને ઢંઢોળવા અને બૂમો પાડવા માંડી. છતાં પણ ન તો દીવાકર સળવળે કે ન જોગી. આ જોઇને તે પણ બીકથી ગાંડા જેવો થઇ ગયો. હવાના અવાજે પણ તે ભડકવા લાગ્યો. અંતે તેણે બારણામાંથી બહાર નીકળી બૂમ પાડી 'કેશુ!'

પરસાળમાં તેના અવાજનો પડઘો પડ્યો.

ગભરાટથી ગાંડા જેવો તે આગળ ચાલવા લાગ્યો.

'કેશુ! કેશુ! ત્યારે તમે બધા મને જ બનાવવા

નીકળ્યા કે ?' તેણે ચીસ પાડી. જવાબમાં બેચાર ચામાચીડિયાં અવાજ કરીને ઊડવા લાગ્યાં.



આથી તે ભડકીને નાઠો અને પરસાળના સામા છેડાની એક બારી તરફ જવા લાગ્યો. તેને એમ લાગ્યું કે જાણે તેની આગળ કોઇ ચાલે છે.

'કેશુ ! કેશુ ! જવાબ દેને ભાઇ !' તેણે દુઃખમાં બૂમ પાડી. પણ તેની આગળની આકૃતિએ તો ચાલવા જ માંડ્યું અને પેલી બારી આગળ જઇને થંભી ગઇ. હવે સરોજને આકાશ અને પોતાની વચ્ચેની કાળી આકૃતિ બરોબર દેખાઈ.

'કેશુ ! હું ફફડી મરૂં છું. હવે મને વધારે બીવરાવતો ના; નહિ તો હું મરી જઇશ.' પણ જવાબમાં તેને સાપ જેવો ફૂંફાડો સંભળાયો અને પેલો કાળો આકાર પોતાના પર હુમલો કરવા આવતો હોય તેમ તેને લાગ્યું.

આથી ચીસ પાડીને ગાંડાની માફક તેણે છીંડીમાં દોડવા માંડ્યું તેને એમ લાગ્યું કે જાણે સોએક માણસો પોતાની સાથે દોડે છે. તો પણ તે દોડ્યે ગયો. એવામાં એ ચિંતી જાણે તેના પગ નીચેની પૃથ્વી ખસી ગઈ છે એમ તેને લાગ્યું.


ॐ

સવારે દીવાકર અને જોગી જાગ્યા અને કપડાં ખંખેરી ઊભા થયા. જોગી બોલી ઊઠ્યો: 'ઓહો ! આપણે તો ખરેખર ઊંઘી જ ગયા હતા.'

'હા પણ સરોજ અને કેશુ ક્યાં ગયા હશે ?' દીવાકર ચિંતામાં બોલ્યો: 'ચાલ તપાસ તો કરીએ.'

બધા ઓરડામાં તપાસ કરતા કરતા તેઓ છેક દાદર આગળના ઓરડામાં આવી પહોંચ્યા, તો કેશુ તેમાં સૂતેલો જણાયો. તેઓએ કેશુને ઉઠાડીને પૂછ્યું: 'સરોજ ક્યાં ?'

'કોણ જાણે !' કેશુ બોલ્યો. ત્રણે જણા હાંફળા ફાંફળા ઓરડાની બહાર નીકળ્યા, ત્યાં દીવાકર બોલી ઊઠ્યો: 'જો સહેજ જ આગળ ગયા હત તો—'



આમ કહીને તેણે ચોકમાં પડતો ભાંગેલો કઠેરો દેખાડ્યો. પણ જેવા તેઓ નીચા વળીને જોવા જાય છે ત્યાં તો ચીસ પાડી ઊઠ્યા.

નીચે ચોકમાં સરોજનું શબ પડ્યું હતું !

(અંગ્રેજીને આધારે)

નિરંજન મુઝુમદાર

જર્મનીમાં સ્વદેશી હીલચાલ

આજથી પચાસેક વર્ષ પહેલાં હિંદમાં સ્વદેશીની હીલચાલનું બીજ એના આધુનિક સ્વરૂપમાં રોપાયું. આજે તે વિકસીને વિશાળ વૃક્ષ બની ગયું છે અને સારા ભારતવર્ષને આશ્રય આપી રહ્યું છે, એટલું જ નહિ પરંતુ જાણે એ વિશાળ વૃક્ષની શાખાઓ આખી આલમમાં પથરાતી જતી હોય એમ જણાય છે. એક વખત પશ્ચિમના અર્થશાસ્ત્ર અને હુન્નરઉદ્યોગથી અંજાઇને એનું શિષ્યત્વ સ્વીકારવા તૈયાર જણાતું હિંદ આજે જાણે એ જ દિશામાં સમસ્ત જગતનું ગુરુત્વ ધારણ કરતું હોય એમ જણાય છે. એ પુણ્ય સ્વદેશી હીલચાલ આજે હિંદના એકલા આર્થિક કોકડાનો ઉકેલ કરવાના (કાંઇક સંકુચિત જણાતા) હેતુને જ નહિ, પરંતુ સારા જગતમાં સત્તા જમાવી રહેલી, પોતાના સ્વાર્થ માટે પરને ચૂસવાની પાપજનક નીતિનું નિકંદન કાઢવાના હેતુને બર લાવવા જાણે આગળ ધપી રહી હોય એમ જણાય છે.

યુરોપના ભિન્નભિન્ન દેશોમાં અત્યારે પ્રવર્તતી આર્થિક નીતિ અને એમાંથી જન્મેલી સ્વદેશીની હીલચાલો તરફ નજર કરનાર કોઇ પણ માણસ સ્વદેશીમાં રહેલા મૌલિક સિદ્ધાંતને નહિ જ અવગણી શકે. એ હીલચાલો જે રીતે ચાલે છે એની વિગતો પર અનેક દૃષ્ટિએ ટીકા થઇ શકે, પરંતુ એમાં ઊંડા ઉતરવાની અત્યારે જરૂર નથી જણાતી. હું તો ફક્ત આ લેખ દ્વારા એ પ્રવૃત્તિઓ તરફ જ ધ્યાન ખેંચવા માગું છું.

લગભગ એક સૈકાથી સ્વતંત્ર વ્યાપારના સિદ્ધાંતના અડગ કિલ્લા તરીકે કામ કરી રહેલા બ્રિટનમાં પણ આજે Buy British (બ્રિટિશ ખરીદો)ના સૂત્રના આધારે સ્વદેશીની ચળવળ જોરથી ચાલી રહી છે. ફ્રાંસ અને ઇટાલી જેવા યુરોપના મહાન દેશો પણ એ સ્વદેશીને પંથે પળ્યા, અને તે પછી થોડા વખતથી યુરોપના મધ્યમાં આવેલો અને ઉદ્યોગપ્રધાન દેશ જર્મની પણ આજે એ જ રસ્તે કૂચ કરી રહ્યો છે. સ્વિટ્ઝર્લાંડ અને ડેન્માર્ક, હૉલાંડ અને બેલ્જિયમ જેવા નાના દેશો પણ આ ગુરુદેશોના પગલે ચાલવા માંડ્યા છે. આમ બધે આજે સ્વદેશીનો જ સિદ્ધાંત વધારે ને વધારે પગપેસારો કરતો જાય છે. પણ એ બીજા દેશોમાં ચાલતી હીલચાલનો ખ્યાલ આપવાનું ત્યાંની વધારે માહિતી ધરાવનારાઓને સોંપી હું તો અહીં ફક્ત જર્મનીના સંબંધમાં જ થોડુંક લખવા માગું છું.

બીજા દેશોમાં ચાલતી સ્વદેશીની ચળવળનું અનુકરણ કરી જર્મનોએ પણ બે ત્રણ વર્ષ પહેલાં અહીં એક મંડળ ઊભું કર્યું. એ મંડળના કાર્યકર્તાઓને રાજ્યની અને તેમાં યે ખાસ કરીને કેળવણી ખાતાની તથા સમાજમાં સ્ત્રીમંડળોની બહુ જ સક્રિય મદદ મળી. જર્મનીમાં જુદાંજુદાં શહેરોમાં એ મંડળ સ્થાનિક કાર્યકર્તાઓની મદદથી નાનકડાં પ્રદર્શનો ભરી રહ્યું છે. આ હું લખું છું ત્યારે જર્મનીના એક પ્રાંત બાડનના મુખ્ય શહેર કાર્લ્સરૂહમાં મુખ્યત્વે એ મંડળ તરફથી એક સ્વદેશી સપ્તાહ શરૂ કરવામાં આવ્યું છે અને એને અંગે એક પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ પ્રસંગે થએલાં ભાષણો સાંભળનારને જો કે તેમાં જરા બસૂરો અવાજ જણાયા વિના નથી રહ્યો, અને એનું કારણ એ છે કે જર્મનો પોતાના દેશવાસીઓને પોતાનો જ માલ બનતાં સુધી વાપરવાની સલાહ આપવા છતાં પરદેશમાં પણ પોતાનો માલ વેચાય એની કાળજી રાખવાનું હજુ જતું નથી કરી શકતા. કદાચ ભવિષ્યમાં એ વાત સિદ્ધ થશે કે આવી દ્વીંદ્વધમાં પગ રાખવાની નીતિ અર્થસારક નથી. આ વાતને અહીં જ અટકાવી હું તો જર્મનીમાં આ સ્વદેશીની હીલચાલ માટે કેવી પ્રચારવૃત્તિ થાય છે એ જ બતાવવા ઇચ્છું છું.

આ સ્વદેશી સપ્તાહ દરમિયાન અહીંના કેળવણી ખાતાના પ્રધાન તરફથી શાળાઓને ઉદ્દેશી ખાસ સર્ક્યુલર કાઢવામાં આવ્યો છે કે શિક્ષકોએ આ અઠવાડિયા દરમિયાન સ્વદેશીનો સિદ્ધાંત પોતાને યોગ્ય લાગે તે રીતે બાળકોના અંતરમાં ઊંડો ઉતારવો, અને હું સાંભળું છું તે પ્રમાણે ઘણીખરી નિશાળોમાં વિદ્યાર્થીઓને 'સ્વદેશી' એ વિષય પર નિબંધો લખાવાય છે.

આટલું જ નહિ પરંતુ બીજી દિશામાંથી પણ ખૂબ પ્રચારકાર્ય થાય છે. જર્મનીના રાજકીય પક્ષોમાં સૌથી મોટો અને પ્રજાના એકતૃતિયાંશ મત પર હક્ક ધરાવનાર પક્ષ નાઝીઓનો છે. એમનો નેતા હિટ્લર લખાણને રાજકીય ક્ષેત્રમાં નથી ઘસડી જવા માગતો, પરંતુ આવો એક મહાન પક્ષ સ્વદેશીના સિદ્ધાંતને અપનાવે છે એ વાત પર ભાર મૂકવા માગું છું. આ નાઝી પક્ષના નેતા સ્ટ્રાસરનું અહીંની પાર્લામેન્ટની

છે. પરંતુ જર્મનીમાં એવી સામાન્ય માન્યતા થઇ પડી છે કે હિટ્લરનું નેતૃત્વ એ પ્રચારકાર્યમાં એની અનીવાર્યતાને અંગેજ છે. બાકી એ પક્ષનો બૌદ્ધિક નેતા તો સ્ટ્રાસર છે. આ બધું લખીને હું આ સ્વદેશી સંબંધેના ચુંટણી દરમિયાન મેં એક ભાષણ સાંભળ્યું જેમાં એણે પોતાના કાર્યક્રમમાં સૌથી વધારે અગત્યની વસ્તુ તરીકે પોતાના સ્વદેશીના સિદ્ધાંતને જાહેર કર્યો. જર્મનીના પચાસ લાખ ઉપરાંત બેકારોને—જો કે પચાસ

લાખ તો સરકારી-આંકડાઓ પ્રમાણે છે, અને બીજી ખાનગી ગણતરી પ્રમાણે સીત્તેર લાખ બેકારો છે—રોટલો આપવાની ચાવી સ્વદેશીના સિદ્ધાંતમાં જ રહેલી છે એ વાત એણે ખૂબ વિસ્તારથી સ્પષ્ટ કરી.

આ લોકોની અને આપણી મૌલિક વિચારસરણી હાલ તુરત ભલે જુદી હોય, આપણે ભલે બીજાનો માલ ખરીદવાથી ભિખારી બનવાના ભયે અને આ લોકો બીજા એમનો માલ ન ખરીદતા હોવાથી એમ જુદી રીતે સ્વદેશીના સિદ્ધાંત પર આવીએ, પરંતુ સ્વદેશી તે સ્વદેશી જ રહે છે. દરેક દેશે બનતાંસુધી પોતાની જરૂરિયાતની વસ્તુઓ જાતે જ પૂરી પાડવાની ગોઠવણ કરવી જોઇએ એ વાત સ્પષ્ટ કરી સ્ટ્રાસિરે આ સ્વદેશીના પ્રચાર સંબંધમાં મહાત્મા ગાંધીજીનું નામ પણ પ્રસંશાપૂર્વક યાદ કરેલું. મહાત્માજીના નામનો આ ઉલ્લેખ અહીંની હીલચાલનો હિંદમાં ચાલતી સ્વદેશીની હીલચાલ સાથેનો સીધો સંબંધ બતાવે છે.

આ પરથી વાંચનાર જોઇ શકશે કે જર્મનીમાં જુદીજુદી અનેક રીતે સ્વદેશી પ્રચારનું કામ થઇ રહ્યું છે. અહીંનો વેપારી વર્ગ પોતાના લાભાર્થે પરદેશમાં બજાર નહિ મળતાં દેશમાં જ પોતાનો માલ વેચવા પ્રયત્ન કરી રહ્યો છે; રાજકાર્યની જવાબદારી સેવનાર વર્ગ પણ દેશના હિતની દૃષ્ટિએ સ્વદેશી સિવાય અન્ય કોઇ ઉકેલ નહિ જડતાં એ સિદ્ધાંત વધારે ને વધારે ભારપૂર્વક જનસમૂહમાં ફેલાવવા પ્રયત્ન કરેછે; ને સૌથી વધારે મહત્ત્વની વસ્તુ એ છે કે રાજકર્તાઓની સહાનુભૂતિ જ નહિ, પરંતુ એમની સૂચનાને આધારે શિક્ષકવર્ગ પણ બાળમગજ પર આ સ્વદેશીના સિદ્ધાંતની ઊંડી અને સજ્જડ છાપ પાડવા પ્રયત્ન કરી રહેલો છે. આ બધાંનું પરિણામ જર્મની જેવી દેશાભિમાની પ્રજામાં લાંબો વખત છૂપું નહિ રહે.

આપણે જર્મની જેવા ઉદ્યોગપ્રધાન દેશને પણ આમ સ્વદેશીભક્ત બનતો જોઈ કેમ ન રાચીએ? સ્વદેશીના આધુનિક સ્વરૂપમાં એના આદ્ય પ્રેરક તરીકે હિંદનો એ સિદ્ધાંત આલમમાં ઊંડો પગપેસારો કરતો જોઇને સંતુષ્ટ થવું ઘટે, એટલું જ નહિ પરંતુ સ્વદેશીના એ ધર્મસિદ્ધાંતની મૂર્તિ સમા મહાત્માજીના પંથે વધારે શ્રદ્ધાભેર ને વધારે ત્વરિત વેગે પ્રગતિ કરવી ઘટે.

લવજી થોરિયા
કાર્લસરૂહ (જર્મની)

મફત કે સસ્તું 'કુમાર' મેળવવા માટેની

નવી ઈનામી યોજના

આવતા વર્ષમાં 'કુમાર' તમારે મફત કે સસ્તું પાડવું હોય તો આવતા અંકમાં આવનારી આ યોજના જરૂર વાંચજો. આ વષના જ 'કુમાર'-ના વાચનમાંથી એક મોટી પ્રશ્નમાળા એ અંકમાં રજુ થશે અને તેના સફળ ઉત્તરો આપનારા માટે કેટલાંક ઈનામો આપવાનું અમે નક્કી કર્યું છે. એ પ્રશ્નમાળા તમારાં વાચન અને સ્મૃતિની પરીક્ષા રૂપ હશે. તમે બધા જ સાચા ઉત્તરો નહિ આપી શકો તો પણ યોગ્ય ક્રમમાં કદાચ અનેક ઈનામો પૈકીનું એક તો જરૂર મેળવશો, ને એટલું લવાજમ બચાવી શકશો. એ રકમો રોકડી નહિ મળે. પરંતુ તમારા ભરાએલા લવાજમમાંથી વળતર રૂપે આપવામાં આવશે.

પ્રશ્નોના કેટલાક નમૂના

'તમાંથી કૈક ડૂબે, અમર પણ રહે સંસ્કૃતિની સુગંધ'—એ લીટી કયાં વાંચી?
'By Joe! Carry on' એ કોનું વાક્ય છે?
૧૮૭૯માં વાસ્નીહ ખાતે—શું બન્યું?
શાક્યમુનિએ બુદ્ધપદ કયારે પ્રાપ્ત કર્યું?
પ્રકાશ કિરણો વિશે આઇનસ્ટાઇને શું કહ્યું છે?
બનારસ હિંદુ યુનિવર્સિટીના આચાર્ય કોણ છે?
ચોર તરીકે જાણીતી થએલી આખી જાતિ હિંદુસ્તાનમાં કોણ અને કયાં છે?
'ખરીદી અને વેચાણ બંને રોકડેથી જ' કયાં વાંચ્યું છે?

અદૃશ્ય કિરણો

હમણાં થોડા જ વખત પર આપણે જાણ્યું કે અંધારામાં પણ હવે ફોટોગ્રાફો પડે છે. ફોટોગ્રાફનો અર્થ જ એ કે પ્રકાશથી પાડેલું ચિત્ર. પણ અંધારામાં છબી લેનાર પ્રકાશનાં કિરણો આપણી આંખને દેખાતાં નથી. એ પરથી એમ જ કહેવાય કે આંખ પણ ન જોઇ શકે એવો પ્રકાશનો એક વધુ પ્રકાર છે ખરો. પ્રકાશ માત્રનું મૂળ સૂર્ય છે અને તેમાંથી આપણે મેઘધનુષ્યરૂપે લાલથી જાંબલી સુધીના સાત રંગો જોઇ શકીએ છીએ. આ દરેક રંગને અમુક જ વેઇવ લેંગ્થ—આંદોલન ગતિ—હોય છે. (એ શબ્દ આજે રેડીઓમાં ખૂબ વપરાય છે.) એ મેઘધનુષ્ય જોઇને કોઇને પણ વિચાર આવે કે તેમાંના બે કિનારના લાલ અને જાંબલી એ બે રંગો પછીની હદમાં શું હશે? આ ભાગો 'સ્પેકટ્રમ' (રંગશોધક કાચ)માં પણ અદશ્ય રહે છે અને તેમાં જ અનેક અજાયબીઓ ભરેલી છે.

આ અદશ્ય કિરણોના મુખ્ય બે પ્રકાર જણાય છે: 'અલટ્રા વાયોલેટ' અને 'ઇન્ફ્રા રેડ.' અલ્ટ્રા વાયોલેટ કિરણો મેઘધનુની રંગમાલાના એક તરફના છેડાના જાંબલી (અથવા વાયોલેટ)ની પછીની હદમાંથી છૂટે છે. આરોગ્ય માટે તે બહુ ઉપયોગી મનાય છે. ઇન્ફ્રા રેડ કિરણો, મેઘધનુ રંગમાલાના બીજી તરફના છેડાના લાલની પછીની હદમાંથી મળ્યાં છે. આ કિરણો ગમે તેવા ધાડા ધુમ્મસની પણ પાર જઇને ફોટોગ્રાફીની પ્લેટ પર પ્રકાશ નાખી શકે તેવાં બળવાન હોય છે. છતાં આપણી આંખ તેમને જોઇ શકતી નથી! પચાસ સાઠ માઇલ દૂરના પ્રદેશોની છબીઓ આ કિરણોની મદદથી લઇ શકાઈ છે!

આજ સુધી 'એકસ રે' (ક્ષ કિરણો) દ્વારા અદશ્ય ભાગોની છબી લેવાતી તે વાત જગજાણીતી છે. તેની મદદથી શરીરની અંદરનાં ઘણાં દુ:ખો—દર્દો શોધી ઇલાજો કરી શકાયા છે, બનાવટી વસ્તુઓની પરીક્ષા થઇ શકી છે તેમજ યંત્રોની તાકાત પણ તપાસી શકાઇ છે. પરંતુ તેમાં ઘણો ખર્ચ થતો હોવાથી ઘણા મનુષ્યો તેનો લાભ લઇ શકતાં નહોતાં. પણ હવે અમેરિકાના નૌકાખાતાએ રેડિયમ ટૉર્ચ શોધી છે તે ખર્ચમાં અને સગવડતામાં ક્ષ કિરણના યંત્રને વટી જાય એમ છે.

રેડિયમ અને રેડિયમવાળાં તત્ત્વોમાંથી ત્રણ જાતનાં કિરણો નીકળે છે: આલ્ફા, બીટા અને ગામા. આલ્ફા કિરણોમાં બેવડી વીજળીવાળાં અતિ ગતિમાન હેલિયમ કણો હોય છે; બીટામાં એકવડી વીજળીવાળાં ગતિમાન ઇલેકટ્રોન હોય છે; ગામા કિરણો ક્ષ કિરણોને મળતાં ટૂંકી વેઇવ લેંથનાં હોય છે. આલ્ફા અને બીટા કિરણો કેટલાક વ્યાપારી રસાયણોમાં ચાલુ વપરાય છે. ગામા કિરણો ડાકટરો કૅન્સરના ઉપચારમાં વાપરતા. રેડિયમ ટૉર્ચમાં પણ એ ગામા કિરણો જ કામ કરે છે, અને તે એટલી સરળ રીતે કે આશ્ચર્ય ઉપજે. જે વસ્તુની અંદરના ભાગનો ફોટોગ્રાફ લેવો હોય તેની સાથે ફોટો પ્લેટ ગોઠવીને માત્ર એક નાની પિત્તળની ટ્યૂબ—જેમાં રેડિયમનાં તત્ત્વો હોય છે તે—લગાડતાં અંદરની છબી છપાઇ આવે છે.

આમાં રેડિયમની જરૂર હોતી નથી. રેડિયમના ૧ ગ્રામ (એટલે—ઘઉંભાર)ની કિંમત ૬૦,૦૦૦ ડોલર (લગભગ ૨૪૦,૦૦૦ રૂપિયા) થાય અને તે વાપરવું અશકય બને. પણ રેડિયમવાળા પદાર્થોમાંથી રેડિયમ ઇમૅનેશન ગૅસ રૂપે મેળવે છે તેનાથી બધું કામ થઇ શકે છે. માત્ર એક ટ્યૂબ સાથે રાખવાથી ગમે તે સ્થળે તેની ટોર્ચ લઇ જઇ શકાય અને કેટલોયે ખર્ચ બચી જાય.

અદશ્ય કિરણો દ્વારા ફોટોગ્રાફ લેવાની રીત શોધાયા પછી તો જાતજાતની કરામતોની શોધ થઇ છે. આ બધામાં ફોટોગ્રાફી અને વીજળીના સિદ્ધાંતોની અજબ ગૂંથણી કરી તેને 'ઇલેકિટ્રક આઈ' (એટલે કે વીજળીક ચોકીદાર અથવા વિદ્યુત્ નેત્ર) એવું નામ આપવામાં આવ્યું છે. આ ઇલેકિટ્રક આઇના પ્રકારો નીચે મુજબ ગણાવી શકાય.

(૧) ફોટો ઇલેકિટ્રક ટ્યૂબ: તે ખાલી હવાથી ભરેલી એક નળી હોય છે. તેમાં પ્રકાશનો સ્પર્શ થતાં વીજળીક રજકણો ઉત્પન્ન કરે એવી ફોટો પ્લેટ હોય છે. આ રજકણો બીજી ટ્યૂબોમાં જઇને તેનું વીજળીક પ્રવાહમાં રૂપાંતર પામે છે.

(૨) સીલેનિયમ સેલ: આ જાણીતું તત્ત્વ માત્ર

પ્રકાશ ફેંખાતાં આંચકો પામે છે તે પણ વેક્યુમ ટ્યૂબ-માં સીલ કરીને જ વપરાય છે.

(૩) ફોટો વાલ્ટેક સેલ્સ અથવા બૅટરી: તેનું કામ પ્રકાશના વધતાઓછા ફેરફારો પ્રમાણે જ પ્રવાહ આપવાનું હોય છે.

(૪) ક્રૂમ ઑકસાઇડ પ્લેટ્સ–(કોપર ઓકસાઇડ વગેરે) જે સળગવાની સાથે હલકા વોલ્ટેજનું વીજળીક બળ ઉત્પન્ન કરે છે.

કોઇપણ ક્રિયામાં કાંઈક ગણત્રી, નિશાની કે છાપ લેવાની જરૂર હોય તેમાં જો પ્રકાશનું કિરણ રોકી શકાય, ધીરૂં પાડી શકાય અથવા જોઇએ તેવા કાબુમાં લઇ શકાય તો ઉપરની કોઇ પણ યોજના જોડવાથી મૂળ ક્રિયામાં જરા પણ ખૂલેલ પડ્યા સિવાય કામ આપી શકે. દાખલા તરીકે એક મોટા ઘડિયાળના લોલકની ગતિ પ્રમાણે ઘણું ઘડિયાળ ચલાવવાં હોય તો અસલ વસ્તુની ગતિ પર જરા પણ વધારે બોજો કે રૌકાણું આપ્યા સિવાય કિરણોના માર્ગમાં માત્ર અવરોધ ગોઠવ્યાથી બની શકે. ઝપાટાબંધ પસાર થતાં વાહનો કે માણસોની અવરજવરની નોંધ રાખવાને ફોટો સેલ્સ અથવા ઇલેક્ટ્રિક ચોકીદાર બરોબર કામ આપી શકે. માત્ર પ્રવેશ દ્વારની બંને બાજુએ તેનાં કિરણો અવરોધ પામે એવી તેની ગોઠવણ થવી જોઇએ.

અત્યારે ઘરની અંદરની હવાનું સમતોલપણું રાખવાને થર્મોસ્ટાટ નામનાં યંત્રો વપરાય છે. તેવાં જ ફોટો સેલથી લાઇટોસ્ટાટ નામનાં યંત્રો કરીને ઘરની અંદરની રોશની વધતીઓછી કાબુમાં લઇ શકાય. સાંજ પડતાં સ્વિચ દાબ્યા સિવાય જ રોશની થાય અથવા દરેક રૂમમાં જોઇતો પ્રકાશ મેળવી શકાય.

હાથ કચરાઈ કે ખેંચાઇ જાય તેવા યંત્રોમાં ફોટો સેલ ગોઠવવાથી હાથનો અવરોધ આવતાં મશિનની મોટરગતિ એકદમ રોકાઇ જાય અને જોખમ થતું બચે.

વીજળીથી ચડઊતર થતી લિફ્ટનાં બારણાંમાં ફોટો-સેલ ગોઠવાય. જ્યાં સુધી આગળની પગથી પર માણસ ઊતર્યો ન હોય ત્યાં સુધી કિરણો પર કાબુ રહે અને તેથી લિફ્ટ બંધ થઈ જાય નહિ કે ચાલુ થાય નહિ.

આવી યોજનાઓથી અકસ્માતો બચે છે અને તેને લીધે તેનો ઉપયોગ કરનારાઓ પાસેથી વીમા કંપનીઓ દસ ટકા દર ઓછો કરવા લાગી છે.

મોટર ડ્રાઇવર અતિ વરસાદ કે ઠંડીમાં બહાર નીકળ્યા સિવાય ગૅરેજ અથવા મકાનના દરવાજા માત્ર ફોટો સેલની ગોઠવણથી ઉઘડાવી શકે છે. તે ફક્ત ફોટો સેલની ગુપ્ત જગ્યા પર ટોર્ચ ફેંકે એટલે તે ગતિમાન બને છે અને જાદુમંત્ર હોય તેમ રસ્તા ઊઘડે છે. જરા મગજ અને યોજના ચલાવવાથી આ ફોટો-ગ્રાહક કિરણોનો ઉપયોગ અશક્ત માણસો માટે ખૂબ જ થઇ શકે. બહુ ભારે બારણાં ઉઘાડવામાં માત્ર પડછાયો પડતાં જ ચાંપો ચાલુ થઇ જાય. હવામાં હાથ હલાવી કિરણના માર્ગમાં અવરોધ કરતાં જ ઘંટડી વાગે અથવા બહાર નિશાની પહોંચે કે નોકર હાજર થાય. પ્રકાશ વધતોઓછો થાય તેમ બારીબારણાં બંધ થાય કે ઊઘડે. અંધારી ચાલમાં કોઇ આવતું હોય તો અદૃશ્ય કિરણો વીજળીક ફોટો સેલને અસર કરી ચેતવણી યા ખબર આપી શકે. એ રીતે પાર વગરના તેના ઉપયોગ છે. અને તેની ખરી મઝા તો એ છે કે તે ગમે ત્યાં ગોઠવી શકાય એવી હોય છે. જ્યાંજ્યાં એકધારૂં દિવસરાતનું કામ ચાલુ રાખવાનું હોય છે ત્યાં માત્ર છાયા કે પ્રકાશથી કાબુ રાખતી ફોટો સેલ મૂકી દેવાથી સદા જાગૃત ચોકી બેઠી રહે છે. વીજળી અને પ્રકાશ એવા નોકરો છે કે નથી અવાજ થતો, નથી વિલંબ થતો અને નથી કાબુ જવા દેતાં.

'ડીકડેડ આઇ' નામથી આ સિદ્ધાંતો પર ડૉ. ફિલિપ ટૉમસ નામના ઇજનેરે અમેરિકામાં ઘરને સુરક્ષિત બનાવવાની યોજના કરી છે. તેણે અખતરો બતાવતી વેળા એક રૂમમાં બિછાના પાસે ટેબલ પર ઝવેરાતની પેટી મૂકી અને તેની આસપાસ દરેક બારીબારણાની આડાં પડે એવી રીતે ઇન્ફ્રા રેડ અને અલ્ટ્રા વાયોલેટ અદૃશ્ય કિરણોના માર્ગ ગોઠવ્યા,–એવી રીતે કે ઝવેરાત પાસે જનાર એકાદ માર્ગ વટાવ્યા વિના રહે જ નહિ, અને તે જ પળે પ્રકાશ થાય, ઘંટડી ગાજી ઊઠે અને ગુપ્ત રાખેલા કૅમેરામાં તેની છબી સુદ્ધાં પડી જાય! ડૉ. ટૉમસે પોતે અખતરા ખાતર ચોરનું પાત્ર બની પોતાને જાળમાં નાખી તેની ખાત્રી કરી આપી. વીસ મિનિટને અંતે ચોરની છબી પોલિસના હાથમાં પડી.

વીજળી અને પ્રકાશનાં બળોનો અભ્યાસ હવે અનિવાર્ય ગણાશે. જુવાન વિજ્ઞાનીઓ અને વિદ્યાર્થીઓ વેળાસર આ વિદ્યાઓના સાદા પ્રયોગોથી માંડી ગહન અભ્યાસ વધારવા તરફ ધ્યાન આપે એ અતિ આવશ્યક છે.

(સંકલિત)





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ હરીફાઇમાં ભાગ લેનારાઓની સંખ્યા દર વખતે ઠીક ઠીક પ્રમાણમાં જળવાતી રહેતી જોઇને અમને સંતોષ થાય છે. આ માસની હરીફાઇમાં એટલા વિવિધ પ્રકારના વિષયો અને દશ્યોવાળા ફોટોગ્રાફો આવ્યા છે કે તે જોતાં કોઇને પણ ખાત્રી થાય કે ફોટોગ્રાફીને અનુકૂળ વસ્તુઓ આપણા દેશમાં પુષ્કળ છે. માત્ર' એ બાબતમાં એટલું ચેતવાનું છે કે જીવનનાં બીજા અંગોમાં જેમ પશ્ચિમના દેશોની અનુકરણ-દૃષ્ટિ પેસી ગઇ છે તેમ આ વિષયમાં પણ ન થઇ જાય.

આ મહિને અમદાવાદના ભાઇ મનોરદાસ પગી પોતાના 'જાતમહેનત' ચિત્ર વડે પહેલું ઈનામ લઈ જાય છે. બીજા ઇનામનું પાત્ર અમદાવાદના જ ભાઇ જગન્નાથ મહેતાનું ચિત્ર 'કલાઇવાળો' બને છે. ભાઇ જમશેદ સાગર (નવસારી)નું 'Rest for a while', ભાઇ ચતુરભાઇ પટેલ (ખાનપુર)નું 'સરિતા તટે', ભાઇ રસિક દેસાઈ (અમદાવાદ)નું 'કીર્તિસ્તંભ', અને ભાઇ રમણલાલ ક્ષત્રિય (વડોદરા)નું 'અહિંસાના આશ્રય નીચે' એ ચાર ચિત્રો અનુક્રમે નોંધવા લાયક જણાયાં છે.

ચિત્રનો વિષય અને ફોટોગ્રાફીની 'ટેકનિક'—વિદ્યાની કુશળતા એ બે ઊંચી ફોટોગ્રાફીનાં મુખ્ય અને અનિવાર્ય અંગો છે. બેમાંથી એકેયની ત્રૂટી ચલાવી શકાય નહિ. ચ લુ હરીફાઇમાં કેટલાંક ચિત્રોના વિષય સારા છે, ત્યારે ખરાબ ટેકનિકને લીધે તે ઈનામને માટે અપાત્ર ઠર્યાં છે. ભાઇ નરસિંહ પરમારનું આ બાબત તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ. આ મહિને નોંધપાત્ર ગણાએલાં ઉપલાં ચારે ચિત્રોની 'ટેકનિક' સારી છે, પરંતુ ચિત્રના વિષયોમાં ક્ષતિઓ છે. પહેલું ઈનામ લેનાર 'જાતમહેનત' ચિત્રની ટેકનિક તથા વિષય બંને ઉત્તમ છે. ગામડાની મજૂરણ ધીકતા તડકામાં એકાગ્ર ચિત્તે કામમાં મશગૂલ છે. ટોપલો માથે મૂકતાં તેના શરીરનો ઝોક આબેહૂબ પકડાયો છે. 'કલાઈવાળા'ના ચિત્રની બૅક ગ્રાઉન્ડ—પાછળની ભીંત—ની વસ્તુઓ ચિત્રવસ્તુને અડચણ કરે છે. તેમાંયે ઓટલા-ની ધાર ને પાણીનો નળ ભાલાની માફક ખૂંચે છે.

આ પહેલાં કંઇ અનેકવાર અમે જણાવી ગયા છીએ કે ફોટોગ્રાફોનાં નામ ગુજરાતીમાં જ જોઇએ. ગુજરાતી ભાષા શું એટલી કંગાલ છે કે તેમાં ચિત્રનાં નામ શોધ્યાં ન જડે? ભાઇ સાગરે પોતાના ચિત્રને અંગ્રેજી નામ આપ્યું તે અમને બહુ ખૂંચે છે એ ચિત્રમાં વળી આરામ દેખાતો નથી. છોકરાઓ નહાય છે અને કિનારે બેઠેલા ત્રણમાંથી બે, રમત નહિ નિહા-ળતાં છબી પાડનાર તરફ જોઇ રહ્યા છે ચિત્રને અનુરૂપ નામ છે જ નહિ---ખરૂં જોતાં એ સાચું ચિત્ર જ નથી.

'સરિતા તટે' ચિત્રમાં પાણી ભરનારાં પાત્રોની સંખ્યા ઘણી મોટી છે. વળી તે બહુ જ અવ્યવસ્થિત ટોળામાં છે. પાડનારે બેત્રણ કે તેથી જરા વધુ પાત્રોની રૂચિકર ગોઠવણ બની રહે ત્યાં સુધી થોભવાની જરૂર હતી.

બાકીનાં બંને ચિત્રોમાં સરખી ક્ષતિ છે. તેમાં બબ્બે વિષયો દૃષ્ટિગોચર થાય છે: 'કીર્તિસ્તંભ'માં તેની સાથે તેની પાછળનું ખંડિયેર અને બુદ્ધની મૂર્તિવાળામાં બાળકોની રમત. એ બંનેનો દૃષ્ટિકોણ ફેરવીને પાડનારાઓએ ચિત્રના મુખ્ય લક્ષ્યને અનુરૂપ વસ્તુઓ જે દિશામાં મળે તે તરફ કૅમેરાનું મોં રાખવાની જરૂર હતી. અગર પોતાનું સ્થાન બદલીને કોઇ જુદા જ સ્થળેથી કીર્તિસ્તંભ તથા બાળકોનાં ચિત્રો લેવાં જોઇતાં હતાં.



અરૂણનું અદ્ભુત સ્વપ્ન

જાપાનમાં કુસુમોત્વ

એવા વેગથી અમે ઊડતાં હતા કે મારી તો આંખો જ વીંચાઈ ગઈ; અને હું તો કદાચ ઊંઘી પણ ગયો હોઇશ. મેં આંખો ઉઘાડી ત્યારે સૂર્યોદય થયો હતો. સૂર્યનારાયણ પૂર્વનો દરવાજો ઉઘાડી પૃથ્વી પર ડોકિયું કરી રહ્યા હતા. સોનેરી રંગનું એ પ્રભાત હતું. ઉષાના સોનેરી લાલ અજવાળામાં નીચેનો પ્રદેશ બહુ જ સુંદર દેખાતો હતો. મને પણ જાણે દિવ્ય ચક્ષુ મળ્યાં હોય તેમ હું દૂરદૂર જોઇ શકતો હતો. નીચે એક નાનો રમકડા જેવડો દેશ જોયો. આખો દેશ નાનકડા ટાપુઓનો બનેલો હોય એમ લાગ્યું. એની નાની પર્વતમાળ પણ ઉપરથી દેખાતી હતી. એક બે પહાડનાં શિખર પર તો ધુમાડો જણાતો હતો. 'આ કયો દેશ?' મેં ગરુડરાજને પૂછ્યું.

'પૂર્વના દ્વારપાળ જેવો એ દેશ એમની ભાષામાં "નીપોં"ના નામે ઓળખાય છે. તમે લોકો એને જાપાન તરીકે ઓળખો છો.'

જાપાનનું નામ સાંભળી હું તો ખૂબ હોંસમાં આવી ગયો. એ નાનકડા દેશ વિષે મેં ભૂગોળમાં વાંચ્યું હતું. તે ઉપરાંત મારા નિશાળના શિક્ષકે પણ એને વિષે સારીસારી વાતો કરી હતી. 'પેલો ધુમાડાવાળો પહાડ દેખાય છે તે ફ્યુજીયામા?' હું જાપાન વિષે કંઇક જાણું છું એ બતાવવા મેં ગરુડરાજને પ્રશ્ન કર્યો.

'ના; એ નહિ. પેલો દૂર, ઊંચો, બરફથી ઢંકાએલો. ભૂરા વાદળમાં સફેદ કમળ જેવો શોભતો દેખાય છે તે જાપાનનો ઊંચામાં ઊંચો પવિત્ર પહાડ ફ્યુજીયામા અથવા ફ્યુજીસૅન. અને પેલું આઘે સરોવર દેખાય છે એનું નામ બીવા. એ પણ બહુ પવિત્ર મનાય છે. એમાં નાહ્યાથી પુણ્ય મળે એમ જાપાનીઓ માને છે. આ બંને વિષે જાપાનમાં બહુ જ સરસ દંતકથા છે.

કેટલાં યે વર્ષો પૂર્વે જાપાનમાં ખૂબ મોટો ધરતીકંપ થયો. જાણે કુદરતનો કોપ જ થયો એમ કહીએ તો ચાલે. પૃથ્વી, વાયુ, અગ્નિ ને પાણી એ મહાભૂતોનો કોપ જાપાન પર ઊતર્યો હતો. ભયંકર કાળરાત્રિ! ધોધમાર વરસાદ ને વાવાઝોડાંનો પાર નહિ. સાગર પણ માઝા મૂકી ભીષણ મોજાં સાથે પૃથ્વીને ડુબાવી રહ્યો હતો. ધરતીકંપના આંચકા પર આંચકા આવતા હતા અને હમણાં જ પૃથ્વી રસાતાળ જશે એમ લાગતું હતું. આકાશનો ગડગડાટ, વાયુનો ગડગડાટ, પૃથ્વીનો ગડગડાટ અને સાગરનો ગડગડાટ–એ પ્રલયનો ગડગડાટ સાંભળી કેટલાં યે મનુષ્ય તેમજ પ્રાણીઓએ ત્યાં ને ત્યાં પ્રાણ છોડ્યા. સવાર પડતાં બધું શાંત થયું. પરંતુ સૃષ્ટિનું સ્વરૂપ કંઇક બદલાઇ જ ગયું. જ્યાં જળ હતું ત્યાં સ્થળ થયું અને સ્થળ હતું ત્યાં જળ થયું. એક રાતમાં જ આ મોટું સરોવર "બીવા" પ્રગટ થયું: એક રાતમાં જ આ "ફ્યુજીયામા" નામનો પહાડ પૃથ્વીનું પટ ભેદી જાણે ઉપસી આવ્યો! લોકોની આંખે તો એ દૃશ્ય અદ્ભુત હતું. ગગનચુમ્બી, અષ્ટકોણિયા શિખરનો, બરફથી આચ્છાદિત, શ્વેત કમળ જેવો શોભતો એ ધવલ ગિરિ જોઇ કોને નવાઇ નહિ લાગી હોય! એના સૌંદર્યથી લોકો ઘેલાઘેલા થઇ ગયા તથા એને દૈવી ચમત્કાર ગણી એને પૂજવા લાગ્યા. હજારો યાત્રાળુઓ દૂરદૂરથી–છેક ચીન દેશથી પણ–એના દર્શને આવવા લાગ્યા. ભૂરા વાદળમાં એ સફેદ કમળ જેવો જણાય છે માટે એને શ્વેત કમળશૃંગી તરીકે પણ ઓળખવા લાગ્યા.'

'શું એ ખરેખર દૈવી ચમત્કાર હતો ?' ફ્યુજીયામાનું આવું અદ્ભુત વર્ણન સાંભળી મારાથી પૂછી જવાયું.'

'દૈવી ચમત્કાર ગણો તો તો ખરેખર આ આખો જાપાન દેશ જ એવી રીતે ઉત્પન્ન થયો હશે.' ગરુડરાજે જવાબ દીધો. 'આ પાસિફિક મહાસાગરમાં આવેલા ટાપુઓ એ જ્વાળામુખીઓના બળે જ બનેલા છે. જાપાનમાં અનેકવાર ધરતીકંપ થાય છે તેનું પણ એ જ કારણ. ગણત્રી પ્રમાણે જાપાનમાં વર્ષમાં આશરે ચૌદસો વખત ધરતી ધણધણે છે. જ્યારે પાણીની અંદર ભૂકંપ થાય છે ત્યારે મહાસાગર ઊછળે છે અને એક ભયંકર મોજું આસપાસના દેશ પર ફરી વળે છે. આવા એકાદ ધરતીકંપના જોરે જ ફ્યુજીયામા ધરતી ફાડી બહાર ધ્રૂપસી આવ્યો હશે. આ પ્રદેશમાં તો કેટલા યે નવા ટાપુઓ જોતજોતાંમાં પ્રગટ થાય છે અને કેટલા યે પાણીની નીચે અલોપ થઇ જાય છે. અહીંના લોકો તો એવા બનાવોથી ટેવાઇ ગયા છે.'

'એટલા બધા ધરતીકંપ થાય તેથી લોકો બીતા નહિ હોય ?'

'શરૂઆતમાં બીતા હશે. પણ દેશ એટલો રળિયામણો અને ફળદ્રુપ કે છોડવો કોને ગમે ? કુદરતનો વારંવાર કોપ થાય તેનાથી લોકો હવે ઘડાયા છે અને વધારે હિંમતવાન તથા સાહસિક બન્યા છે. મરણની બીક ઓછી થવાથી એ પ્રજા પણ બહુ જ બહાદુર બની છે. તને તો યાદ પણ શું હોય ? તારા જન્મ પહેલાંની વાત. તમારી ગણત્રી પ્રમાણે આજથી સત્તાવીશ વર્ષ પર આ જાપાન જેવડા નાના દેશે જ્યારે રશિયા જેવા પ્રચંડ દેશને હરાવ્યો ત્યારે આખી દુનિયા છક થઇ ગઈ હતી. જાપાનની ખૂબ વાહવાહ થઇ. જાપાનને પણ ત્યારથી પોતાના બળનું ભાન આવ્યું અને તે દહાડાથી ધીમેધીમે પોતાની સત્તા જમાવવા માંડી. આજે તો એ એક આગળપડતો અને બીજા સત્તાવાન દેશોની હારમાં બેસે એવો દેશ થઇ પડ્યો છે. અમેરિકા જેવા મોટા દેશ સાથે પણ ટક્કર ઝીલવા તૈયાર થાય. એનો સત્તાનો લોભ પણ દિવસેદિવસે વધતો જાય છે. તેથી મને તો બીક લાગે છે કે પાછો ખત્તા ખાઇ જવાનો છે.'

'આપણે નીચે નથી જવાના ? જાપાન બહુ સુંદર છે એટલે મને એનું સૌંદર્ય જોવાનું મન થયું છે.'



ઉત્તર, દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ—કોઇપણ દિશાએથી અને દિવસે કે રાત્રે, સવારે, બપોરે કે સાંજે, કોઈપણ વખતે જુઓ, તોપણ જાપાનનો આ મંગલમૂર્તિ ગિરિવર ફ્યૂજીયામા પાવક-મનોહર જ દેખાવાનો જાપાનીઓના હૃદયનું એ ધન છે. બરફથી આચ્છાદિત અને ક્વચિત્ ક્વચિત્ શ્વેત વાદળની છત્રછાયા ધારતું એનું ધવલ શિખર શુભ્ર કમળ જેવું સદાકાળ શોભે છે. જાતે જ્વાળામુખી હોવા છતાં જાપાનીઓને મન તો એ કલ્યાણમુખી છે; અને ઉનાળામાં જ્યારે તેના શૃંગ પરનો બરફ પીગળી જાય છે ત્યારે હજારો જાપાનીઓ એના શિખર-સુખની યાત્રાએ જાય છે. એની દક્ષિણે સમુદ્ર વિસ્તરેલો છે અને ઉત્તરે પાંચ નાનાં મનોરમ સરોવરો હેલાં લે છે. ચોમેર બીજી નાનીનાની ટેકરીઓ જ હોવાથી એનું એકલાનું ૪૫૦૦ ફીટ ઊંચુ શિખર જ્યાંથી જુઓ ત્યાંથી સોહામણું લાગે છે.

'જાપાન એટલો સુંદર છે કે એના સૌંદર્યની છાપ લોકોના જીવન પર પણ પડી છે.' ગરુડરાજ બોલ્યા: 'એમનાં ઘર પણ સ્વચ્છ અને સુંદર. એમને કુદરતનો પણ અતિશય શોખ. ત્યાંના ઉત્સવો પણ કુદરતના પ્રસંગો ઊજવનારા. આજે જ ટોકિયો (અહીંની રાજધાની છે તે)માં એક મોટો કુસુમોત્સવ થઈ રહ્યો છે. તારે જોવા જવું હોય તો જઇશું.'

'બીજું કંઇ જોવાનું નથી ?' મેં આતુરતાથી પૂછ્યું.

'એમ તો જાપાનનો ઇતિહાસ બે હજાર વર્ષનો જૂનો છે; એટલે ઘણી યે પ્રાચીન ઐતિહાસિક વસ્તુઓ



કામાકુરામાં આવેલી કાંસાની છત્રીસ ફૂટ ઊંચી આ બુદ્ધની મૂર્તિ કરતાં વધુ સુંદર મૂર્તિ જાપાનભરમાં બીજી નથી. ઇ. ૧૨૫૨માં તે સ્થાપેલી. યોકોહામાથી બાર જ માઇલ દૂર હોવા છતાં પણ, આશ્ચર્યની વાત તો એ છે કે, જાપાનના છેલ્લા ભયંકર ધરતીકંપ વખતે તેને આંચ સરખી આવી નહોતી.




જાપાનીઓ બાળકોને કેડમાં તેડતાં નથી. મોટી બહેનો નાનાં ભાંડુઓને આમ પીઠ પાછળ તેડીને ફરે છે. કોઇકોઇવાર તો ચાર વરસની નાનકડી છોકરી લાકડાની ચાખડીઓ પર ચડી એકાદ નાનાં ભુલકાંને પીઠે બાંધી શેરીમાં રમતી તમને દેખાય. નાની છોકરીઓ ચાલતાં શીખે ત્યારથી જ તેમની પીઠ પર પૂતળીઓ બાંધીને તેમને આ તાલીમ આપવામાં આવે છે.

અને શહેરો જોવાનાં છે. પણ બધું જોવાનો તો વખત નહિ મળે. તે છતાં ત્યાનાં બે પુરાણાં પાટનગર જોઇશું. બાકી નાગાસાકી, ઓસાકા, કોબે અને યોકોહામા એ જાપાનનાં મુખ્ય વેપારનાં બંદરો છે, તેં બીજાં બંદરો જોયાં છે એટલે એમાં તને મજા નહિ પડે.'

અમે ધીમેધીમે નીચે આવવા લાગ્યા અને એક નાનકડી નદી આગળ ઊતર્યા. 'આવાં નાનાંનાનાં પાણીનાં ઝરણાં ને સરોવરો વગેરે જાપાનમાં ખૂબ છે' એમ ગરુડરાજે મને કહ્યું. હું તો મોં ધોઇને નાહ્યો. પછી ગરુડરાજે કહ્યું કે 'જો આપણે આવે જ વેશે ફરીશું તો આપણને જોઇ લોકોને બહુ જ નવાઇ લાગશે. માટે અહીંના લોકો જેવા જ બની જઇએ.' એમ કહી એમણે મારા માથા પર હાથ મૂક્યો એટલે હું નાનો જાપાની બાળક બની ગયો અને પોતે જાપાની પુરુષ બની ગયા. અમારાં કપડાં પણ બદલાઇ ગયાં. મારાં સુરવાલ અને પહેરણને બદલે હું તો 'કીમોનો'માં સજ્જ થઇ ગયો! પછી ગરુડરાજે મને કહ્યું કે 'અહીં એકબીજાને મળીએ ત્યારે નમસ્કાર કે સલામ કરવાનો રિવાજ નથી, પણ કમરમાંથી વાંકા વળી એકબે વાર નીચા નમવાનું. વળી સવારના મળીએ ત્યારે "ઓહાયો"–એટલે સુપ્રભાત–એમ કહેવાનો રિવાજ છે; અને છૂટા પડતી વખતે "સાયોનારા". માટે હવે તું ભૂલમાં નમસ્કાર બમસ્કાર ના કરતો.'

આ તાલીમ લઇ હું ગરુડરાજની આંગળી પકડી આગળ ચાલ્યો. રસ્તામાં કેટલાએક લોકોને જોયા. આપણે ત્યાં નાનાં છોકરાંને કેડમાં બેસાડીએ છીએ; જાપાનમાં તો એને કપડાં વતી વાંસા પર બાંધવાના. જાપાન દેશ ઊંચેથી તો બહુ નાનો લાગે જ; પણ નીચે આવ્યા પછી પણ આપણા દેશના પ્રમાણમાં બહુ જ નાનોનાનો લાગવા માંડ્યો. ત્યાંનાં ઘરો પણ લાકડાનાં ને વાંસનાં. મને તો ખૂબ ભૂખ લાગેલી, એટલે રસ્તામાં એક ચ્હાગૃહ આવ્યું તેમાં અમે પેઠા. આવાં ચ્હાગૃહો જાપાનમાં ઠેકઠેકાણે પુષ્કળ છે. અંદરથી પણ એવાં સ્વચ્છ! બે કાચના કટોરામાં ચ્હા આવી. આ ચ્હામાં સાકર પણ નહિ, અને દૂધ પણ નહિ; વળી ચ્હા પણ આપણા દેશની ચ્હા કરતાં જુદી. અને કદાચ એટલી નુકસાનકારક પણ નહિ હોય. ચ્હા સાથે ખાવાને ચોખામાંથી બનાવેલી મીઠાઇ હતી.



જાપાનનું પ્રાચીન નગર નારા અગિયારસો વરસ પહેલાં ત્યાંની રાજધાની હતું. આજે તો ત્યાંના પ્રશાન્ત વાતાવરણ અને જાપાનના જૂના ધર્મ શિન્ટો પંથનાં પ્રાચીન મંદિરો માટે તે પ્રખ્યાત છે ઉપરના ચિત્રમાં બતાવેલી લાલ લાકડાની કમાન એ મંદિરમાર્ગનું પવિત્ર પ્રવેશદ્વાર છે, જેની છાયામાં મૃદુ હરણાંઓ પ્રવાસી આગળ લાડ કરતાં ટોળે વળે છે. શિન્ટોનું લાલ મંદિર હજારો પિત્તળનાં ફાનસોથી શણગારેલું છે ને રસ્તામાં પણ, ઉપરના ચિત્રમાં દેખાય છે તેવાં, પથ્થરનાં કોરેલાં દીપસ્થાનકો ઠેરઠેર નજરે પડે છે.

મેં તો પેટ ભરીને ખાધું અને પીધું. પછી અમે એક મોટા બાગમાં ગયા. ત્યાં એટલાં બધાં હરણો! અને એ બધાં જ પાળેલાં. મને તો હરણો સાથે રમવાની અને તેમને ખાવાનું ખવડાવાની ખૂબ મજા પડી. 'આપણે ક્યાં આવ્યા છીએ?' મેં ગરુડરાજને પૂછ્યું.

'આ શહેરનું નામ નારા. એક વખત એ જાપાનનું પાટનગર હતું. અહીં બૌદ્ધોના મઠ હજી પણ છે. અહીં બુદ્ધદેવની એક પ્રખ્યાત મૂર્તિ છે. તારે એ જોવી હોય તો ચાલ.' અમે તો ચાલ્યા. મંદિર તો લાકડાનું હતું. એમાં ખાસ કંઇ નહોતું, પણ બુદ્ધદેવની બેઠેલી મૂર્તિ ખૂબ જ મોટી હતી. એ પ્રખ્યાત મૂર્તિ ત્રેપન ફીટ ઊંચી છે. જાપાનના લોકો બુદ્ધદેવને 'ક્વાનન' કહે છે. એનો અર્થ વિશ્વપ્રેમી એટલે આખી દુનિયાને ચહાનારા એવો થાય છે. આવી જ એક બીજી કાંસાની પ્રચંડ મૂર્તિ જાપાનના પૂર્વ કિનારે આવેલા કામાકોરા શહેરમાં છે. ત્યાંની મૂર્તિ વિષે તો ઠીક ચમત્કારિક વાતો પણ છે. ત્યાં બે વખત મોટા ધરતીકંપ થયા હતા. એક છસો વર્ષ પર અને બીજો બસો વર્ષ પર. દરિયાનાં ભયંકર મોજાંએ આવીને એ મૂર્તિ ઉપરનું લાકડાનું મંદિર તોડી નાખેલું. પણ અંદરની મૂર્તિને કંઇ જ થયું નહોતું. બીજી વખત પણ એ જ પ્રમાણે મોજું આવ્યું, પણ મૂર્તિ તો અડગ જ રહી. આખરે આશરે નવેક વર્ષ પર જ્યારે ધરતીકંપ થયો ત્યારે મૂર્તિ પર પાણી ફરી વળ્યાં અને મૂર્તિને નીચે ગબડાવી પાડી.'

નારાથી અમે ક્યોટો ગયા. ગરુડરાજે સમજાવ્યું કે ક્યોટોનો અર્થ 'પશ્ચિમની રાજધાની' એવો થાય છે. એક વખત એ જાપાનનું પાટનગર હતું. હજી પણ જાપાનના મિકાડોનો—ત્યાંના બાદશાહ મિકાડો કહેવાય છે—રાજ્યાભિષેક ટોકિયોમાં થયા પછી ક્યોટોમાં તો થાય જ છે. ટોકિયોનું જૂનું નામ યેદો હતું. લગભગ પાંસઠેક વર્ષ પર રાજધાની ક્યોટોથી ફેરવાઇ ટોકિયોમાં ગઇ ત્યારે યેદો નામ બદલાઇ ટોકિયો પડ્યું. ટોકિયોનો અર્થ 'પૂર્વની રાજધાની' થાય છે. ક્યોટો બહુ સુંદર શહેર છે. ત્યાં જોવાનું પણ પુષ્કળ છે. બાદશાહનો જૂનો મહેલ ને મંદિરો. એ મહેલના બાગમાં અમે ચેરીનાં ઝાડ જોયાં. આચ્છાં ગુલાબી ફૂલોથી

ઢંકાએલાં એ ઝાડ બહુ જ ખૂબસૂરત લાગતાં હતાં. અમે ત્યાં એક ઝાડ નીચે બેઠા અને પછી ગરુડરાજે મને જાપાનનાં ઇતિહાસની વાતો પહેલેથી માંડીને કહી.

'આપણો ઇતિહાસ જેમ ક્ષત્રિયોનાં પરાક્રમોથી ભરપૂર છે તેમ જાપાનમાં પણ સામુરાઇનાં પરાક્રમ ને વીરતાની અનેક કથાઓ છે. જાપાનના બાદશાહ મિકાડો સૂર્યના પુત્ર એટલે દૈવી અંશના ગણાય છે. લોકો એક વખત તો એમની પૂજા પણ કરતા. દેવના અવતાર જેવા હોઇને તે સાધારણ મનુષ્યો સાથે ભળી શકતા નહિ; માટે એમને મહેલમાં ને મહેલમાં લોકોથી દૂર જ રહેવું પડતું. કીયોટોના મહેલમાં એ નજરકેદ જેવા જ હતા. આથી રાજ્યની ખરી સત્તા ઉમરાવોના હાથમાં ગઇ. ઉમરાવો ખબ જબરા થઇ ગયા અને પોતાની સત્તા જમાવવા માંહોમાંહ્ય લડવા લાગ્યા. ખાસ કરીને જે સેનાપતિ હતો તે લશ્કરના જોરે સર્વોપરી થઇ બેસતો. મિકાડો બીચારો પૂતળા જેવો જ. આવા સેનાપતિ શોગન તરીકે ઓળખાતા અને એ શોગનોની સત્તા છેક હમણાં લગી હતી. અંતે આજથી સાઠ પાંસઠ વર્ષ પર હમણાંના મિકાડોના દાદાએ ટોકુગાવા વંશના છેલ્લા શોગનને હરાવ્યા અને બધી સત્તા પોતાના હાથમાં લીધી. ત્યારથી જ એમણે કીયોટો છોડી ટોકિયોને રાજધાની બનાવી. ત્યાર પછી તો જોતજોતાંમાં જાપાન આગળ વધી ગયું.

ફયુજીયામા જેમ રાતોરાત ધરતીમાંથી નીકળી આવ્યો તેમ જાપાન પણ જોતજોતાંમાં જ એશિયાના બીજા દેશો કરતાં ઊંચે ચડી જઈ સત્તાવાન દેશ બની ગયો. એનું કારણ લોકોનો ઉદ્યમ, લોકોનું અજબ દેશાભિમાન અને બહાદુરી ગણાય. હિંદુસ્તાન અને ચીન દેશ બહુ જ પ્રાચીન અને અતિશય મોટા છે. જાપાને આ બે દેશ પાસેથી ઘણું જ મેળવ્યું છે. બુદ્ધ ભગવાનનો ઉપદેશ હિંદુસ્તાનથી જાપાન સુધી પહોંચ્યો છે, અને ત્યાંનો મોટા ભાગના લોકો બૌદ્ધધર્મી છે. જાપાનમાં અત્યારે અનેક સુંદર હસ્તકળાઓ છે. લાખનું કામ, પિત્તળ ઉપર મીનાનું કામ, કોતરકામ વગેરે અનેક હાથકારીગરીઓ માટે એ હિંદુસ્તાન તેમ જ ચીન દેશને આભારી છે. તેમ છતાં આજે તો જાપાન નાનો છતાં સ્વતંત્ર અને સત્તાવાન દેશ છે. જાપાનના લોકો આપણા લોકોને 'ઇન્ડોજીન' કહે છે, અને અત્યારે તો, એક વખત પૂજ્ય ગણાતા ઇન્ડોજીનો માટે એમને બહુ માન હોય એમ લાગતું નથી.'



આવાં પથ્થરનાં દીપસ્થાનકો જાપાની બગીચાઓનું અગત્યનું અંગ ગણાય છે.

કીયોટોના મંદિરમાં મેં એક રાક્ષસી ઘંટ જોયો. લગભગ ચૌદ ફીટનો એનો અંદરનો ઘેરાવો હતો. એનો અવાજ અતિશય ઘાડો પણ મીઠો હતો. કીયોટોથી અમે આકાશ માર્ગે ટોકિયો જવા ઊપડ્યા. કીયોટોથી નીકળ્યા કે થોડે જ દૂર મેં ભૂરા રંગનું, કાચ જેવાં નિર્મળ પાણી વાળું બીવા સરોવર જોયું. આપણા ગંગાજી જેવા પવિત્ર ગણાતા આ સરોવરના દર્શનથી મને પણ ખૂબ આનંદ થયો. ટોકિયો પાસે આવતાં ફ્યુજીયામાનાં પણ પાસેથી દર્શન થયાં. એને સફેદ કમળની ઉપમા આપી છે તે ખોટી નથી. દરિયાની સપાટીથી એ પર્વત બાર હજાર ફીટ ઊંચો છે. એક વખત તો જ્વાળામુખી તરીકે એણે રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને એંશી માઇલ દૂર આવેલા ટોકિયોને પણ ગરમગરમ રાખ વડે ઢાંકી દઈ પોતાનું પોત બતાવ્યું હતું. ત્યાર પછી એ છેલ્લાં ત્રણસો વર્ષથી સૂતો છે. ફરી જાગશે ત્યારે કોણ જાણે શું નહિ કરે!

ટોકિયો પહોંચતાં જ ત્યાં જાણે કોઇ મોટો ઉત્સવ હોય એમ લાગ્યું. એક મોટા બગીચામાં લોકોનાં ટોળેટોળાં, આછા ગુલાબી રંગનાં ફૂલોથી લદાએલાં 'ચેરી'ના ઝાડ નીચે બેઠાંબેઠાં ચ્હા પીતાં હતાં. ગરુડરાજે મને સમજાવતાં કહ્યું કે વસંતઋતુના આગમનની વધામણી રૂપ જયારે ચેરીનાં ઝાડ પર ફૂલો આવે છે ત્યારે એક મુકરર કરેલા રવિવારના દિવસે લોકો 'વેનો' નામના બાગમાં મેળો ભરે છે. હજારો લોકો—આબાલ વૃદ્ધ, સ્ત્રીપુરુષો—આ બગીચામાં રંગબેરંગી કપડાં પહેરી જાય છે, ઝાડ નીચે બેસી ઉજાણી કરે છે અને ઘેર જતાં પહેલાં એકત્રીસ શબ્દની બનાવેલી ચેરીના ફૂલ વિષેની એક કવિતા ઝાડ પર લટકાવી જાય છે. જાપાનનો શિયાળો બહુ જ આકરો હોય છે; એટલે

વસંતઋતુ આવે છે ને ટાઢ ઓછી થાય છે તે લોકોને બહુ જ ગમે છે. શિશિરની ઠંડીથી કુદરત પણ મરી ગએલી થઇ ગઇ હોય છે અને ઝાડ તદ્દન પાંદડાં વિનાના બોડાં થઇ જાય છે. વસંતના આગમનથી કુદરત સજીવન થાય છે, વૃક્ષો નવપલ્લવિત થાય છે, ઝાડોને ફૂલો બેસવા માંડે છે; એટલે વસંતને પ્રેમપૂર્વક સ્વાગત આપતો ઉત્સવ લોકો કરે એમાં શી નવાઈ?

અમે બંને પણ લોકોનાં ટોળાંમાં ભળ્યા અને એક ઝાડ નીચે બેસી ચ્હા પીવા લાગ્યા. મને તો ફેરીઆઓ જાતજાતનાં રમકડાં વેચતા હતા તે જોવાની ખૂબ મજા પડી. બાળકોનો આનંદ જોઈ મને પણ બહુ આનંદ થયો. જાપાનના લોકો મન મૂકીને ઉત્સવ ઊજવી શકે છે. તરત મને આપણો દેશ યાદ આવ્યો. ઉત્સવ પ્રસંગે પણ આપણા લોકોનાં મોં નિસ્તેજ હોય છે તે યાદ આવ્યાં અને ખરે જ મારી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. 'આપણા લોકોનો ઉલ્લાસ ક્યાં જતો રહ્યો હશે? આપણે ત્યાં પણ ઉત્સવો તો હોય છે; પણ કોઇને મન મૂકીને ઉત્સવમાં ભાગ લેતાં આપણે જોતા નથી તેનું શું કારણ?' મેં ગરુડરાજને પૂછ્યું. એ તો હસ્યા ને બોલ્યા કે તારો દેશ તો બુઢ્ઢો થઇ ગયો છે. મને જરા ગુસ્સો આવ્યો ને કહ્યું કે જાપાનના તો બુઢ્ઢાઓ પણ આનંદ કરે છે. ઘડપણ આવે તેથી આનંદ શું કામ જતો રહે? એવું થાય તો તો મરવું વધારે સારું. ગરુડરાજ તો ફરી હસ્યા અને મારો વાંસો થાબડી બોલ્યા કે હિંદુસ્તાનનાં બાળકોમાં આજે આ જાતની ભાવના હશે તો હિંદુસ્તાનના ભવિષ્યને માટે સારું છે. પછી મને સમજાવતા કહેવા લાગ્યા કે હિંદમાતાને માથે ગરીબાઇનો બોજો એટલો બધો લદાયો છે કે એ કમ્મરમાંથી બેવડી વળી ગઇ છે. આવી સ્થિતિમાં બાપડીને આનંદ શું તે ક્યાંથી ખબર પડે? એ બોજો જ્યારે તમે ઓછો કરશો ત્યારે ફરીને તમે હસતાં શીખશો. હિંદમાતાનો બોજો ઓછો કરવા હું તો ખૂબ આતુર બન્યો, અને મેં ગરુડરાજને પૂછ્યું કે એ બોજો શી રીતે ઓછો થાય. ગરુડરાજે કહ્યું કે એક વખત જાપાન હિંદનું શિષ્ય હતું. હવે હિંદ જાપાન પાસેથી એક વસ્તુ શીખે; અને તે દેશાભિમાન. દેશાભિમાન માત્ર બોલવામાં જ નહિ, પણ કાર્યમાં. જાપાનમાં પણ અનેક ધર્મો છે, પણ એ બધા કરતાં યે એમનો શ્રેષ્ઠ ધર્મ એક જ, અને તે દેશ પ્રત્યેનો.



જાપાન અતિશય શીત પ્રદેશ હોવાથી વસંત ઋતુમાં જ્યારે હુંફાળો સૂર્ય વનસ્પતિમાં ચેતના પૂરી તેને વિકસાવે ત્યારે લોકો આનંદોત્સવ કરે છે. ઉપલા ચિત્રમાં દેખાય છે તેવા, ગુલાબી ફૂલોથી ઘેઘૂર ચેરીના ઝાડ તળે તેઓ ઉજાણી કરે છે ને કુસુમોત્સવ ઊજવે છે. કોઇ પણ જાપાની બગીચામાં જાઓ, ત્યાં ચેરીનું ઝાડ હોવાનું જ. એ લોકોને એનું મહત્ત્વ એનાં ફળ માટે નહિ પણ ફૂલ માટે છે.

અંધારું થતાં બધા વિખરાવા લાગ્યા. ગરુડરાજે એક જાપાની સાથે દોસ્તી કરી લીધી હતી. એણે અમને એને ઘેર જમવાનું તથા રાતના ત્યાં જ સૂઇ રહેવાનું આમંત્રણ આપ્યું. આથી ત્યાં લોકો કેમ રહે છે એ જોવાની મને ઠીક તક મળી. ત્યાંનાં ઘરો મોટે ભાગે લાકડાનાં ને વાંસનાં હોય છે, એટલે જો આગ લાગે તો બહુ નુકસાન થાય છે. જોકે ધરતીકંપ વખતે આવાં ઘરોને પડી જવાની ધાસ્તી નહિ. ઘરમાં પેસતાં જ એક ઓસરી જેવું, અને પછી એક મોટો ઓરડો. જમવાનો ઓરડો કહો કે સૂવાનો ઓરડો કહો કે મળવાનો, તે આ જ. એ ઓરડાની જમીન સુંવાળી જાડી સાદડીઓથી લગભગ જડી દેવામાં આવે છે.



જાપાની ઘરનો ઓરડો



ચોખા અને માછલી એ જાપાનીઓનો મુખ્ય ખોરાક છે. જાપાનની ચોમેર દરિયો હોવાથી મચ્છીમારીનો ધંધો ત્યાં પ્રાધાન્ય ભોગવે છે પણ કેટલાક જૂનવાણી જાપાનીઓની માછલાં મારવાની રીત વિચિત્ર હોય છે. તેઓ માછલાંને ગલ વડે નથી પકડતા, પણ ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે હોડીમાં એક ઝૂલતા સળિયા ઉપરની લોખંડની ટોપલીમાં દેવતા સળગાવે છે. માછલાં એના પ્રકાશથી આકર્ષાઈ એકઠાં થાય છે, એટલે પછી હોડીમાં બેઠાં છે તેવાં કૉર્મોરન્ટ પક્ષીઓ જઇજઇને તેમને પોતાની લાંબી મજબૂત ચાંચમાં પકડી લાવે છે. એમને ગળે કડીઓ પહેરાવેલી હોવાથી તેઓ માછલાં ગળી જઇ શકતાં નથી, અને પાળેલાં હોવાથી ટેવ પ્રમાણે માછલાં પકડીપકડીને હોડીમાં ઢગલો કરે છે.

રાતના વખતે એ ઓરડાના વિભાગ કરી નાખવામાં આવે છે. ખસેડી શકાય તેવા સાદડીના પડદા (જેને ત્યાં ફુયુસ્યુમા કહે છે તે) નાખી દેવાથી ઓરડાની નાની ઓરડીઓ બની જાય છે. આ પડદા સાદડીની ભીંત જેવા જ લાગે છે. સવારના એને પાછા ખસેડી લેવામાં આવે છે. તે ઉપરાંત સફેદ પાતળા કાગળના પડદા (જેને શોજી કહે છે તે) પણ બહારના ભાગને રાત વખતે જુદા પાડે છે.

અમે બહાર અમારા જોડા કાઢી ઓરડામાં પેઠા અને ઘુંટણ વાળી અર્ધે ઘોડે બેઠા. ત્યાં પલાંઠી વાળીને બેસવાની રીત નથી. થોડી વાર વાતો કર્યા પછી નાના બાજઠો લાવવામાં આવ્યા અને તેના ઉપર અમારૂં જમવાનું ભાણું આવ્યું. ત્યાંના લોકોનો મુખ્ય ખોરાક તો ચોખા અને માછલી. જાપાન બેટ રહ્યો એટલે માછલાં પકડવાનો ધંધો ત્યાં સારો ચાલે છે અને ગરીબમાં ગરીબ લોકો પણ એ દરિયાઇ ફળ ખાઇ શકે છે. જમવામાં પીણા તરીકે ચ્હા તો હોય જ. તે ઉપરાંત કેટલાએક લોકો ચોખામાંથી બનાવેલો 'સાકે' નામનો દારૂ પણ પીએ છે.

જમી રહ્યા એટલે બાજઠો પાછા અંદર લઇ ગયા. પછી સૂવાનો વખત થયો એટલે પડદાનાં ચોકઠાં ખસેડવામાં આવ્યાં અને અમારે માટે સૂવાને એક નાની ઓરડી તૈયાર થઈ ગઈ. ત્યાં સૂવા માટે પથારી કે પલંગ જેવી ચીજ નહિ. અમારા યજમાન અમારે બંનેને માટે લાકડાનાં બે ઉશીકાં તથા બે રજાઇ લાવ્યા અને 'સાયોનારા' કહી કમરમાંથી વાંકા વળી નમન કરી ત્યાંથી ચાલ્યા ગયા.

અમે થોડી વાર તો સૂતા હઇશું, પણ હું તો ઊંઘી ગયો એટલે પછી શું થયું તેનું મને ભાન જ નથી. પણ જ્યારે હું જાગ્યો ત્યારે અમે આકાશમાં ઊડતા હતા! સવાર ક્યારની પડી ગઈ હતી. સૂર્યનારાયણનો રથ પૂર્વ દિશામાં વેગથી ઉપર ચડતો હતો. નીચે કોઇ પ્રચંડ દેશનો કિનારો દેખાતો હતો. જાપાન જેટલું નાનું લાગતું હતું તેટલો જ એ દેશ ઊંચેથી પણ મોટો જણાતો હતો. કિનારો પણ એનો એટલો લાંબો કે એનો છેડો જ દેખાય નહિ!

'આ કયો દેશ?' મેં ગરુડરાજને પ્રશ્ન કર્યો.

'અમેરિકા' એમણે ટૂંકો જવાબ આપ્યો.

(અપૂર્ણ)

હંસા મહેતા

ચિત્રકાર - રવિશંકર પંડિત

ભેદી ટાપુ

(ગયા અંકને અનુસંધાને ચાલુ)



એ કૂતરો ખરેખર ટૉપ જ હતો.

બેટ ઉપર આવી પડેલા આ પ્રવાસીઓ પાસે પહેરેલાં લૂગડાં સિવાય એક પણ હથિયાર કે ઓજાર કે કાંઇ જ નહોતું. બીજું તો ઠીક પણ એકાદ છરી પણ કોઇ પાસે નહોતી! જે કાંઇ હતું તે બધું બલૂન હલકું કરવા દરિયામાં ફેંકી દીધું હતું. માત્ર ગીડિયન સ્પિલેટ પાસે તેની નોટબુક અને ઘડિયાળ બે ચીજો રહી ગઈ હતી. તે પણ તેણે ચીવટથી રાખેલી એમ નહિ, પણ અનાયાસે જ રહી ગઇ હતી. આવી સ્થિતિમાં તેમને બધી વસ્તુ નિપજાવી લેવાની હતી.

આ વખતે જો હાર્ડિંજ હાજર હોત તો પોતાની તીવ્ર બુદ્ધિથી તેણે કાંઈ ને કાંઈ ઉપાયો શોધી ઉપયોગી વસ્તુઓની વ્યવસ્થા કરીઆપી હોત તે વિષેની સૌની ખાતરી હતી. પણ હાય! સાયરસને ફરી વાર જોવાની આશા પણ બહુ જ થોડી હતી. અત્યારે તો પ્રભુકૃપા ઉપર ભરોસો રાખ્યા સિવાય છુટકો ન હતો.

આ સ્થિતિમાં જે બેટ ઉપર તેઓ આવી પડ્યા હતા તેને લગતી કેટલીક બાબતો જાણી લેવાની જરૂર હતી. ત્યાં કોઇ ભૂલા પડેલા મુસાફરો સ્થાયી રહે છે કે નહિ? એ કોઇ મહાદેશ-ખંડ સાથે જોડાએલો છે કે નહિ? શું તેમને જિંદગીપર્યંત ત્યાં જ રહેવું પડશે?—આ બધા કોયડા તુરત ઉકેલાવા મુશ્કેલ તો હતા જ; પણ જેમ બને તેમ જલદી એ વિષે તપાસ કરવાની જરૂર હતી. પેન્ક્રૉફ્ટની સલાહથી એવું ઠર્યું કે હાલ થોડા દિવસ સૌએ અહીં જ રહેવું ને પછી તપાસને કામે લાગવું. તપાસ કરવા માટે શરીરમાં શક્તિ પણ જોઇએ. માત્ર ઝીનુક અને પક્ષીઓનાં ઇંડાંથી ચાલે તેમ નહોતું. ફરવા આથડવા માટે તાકાત આપનારા ખોરાકની પણ જરૂર હતી.

રહેવાને માટે એમની જગ્યા તો સારી હતી. અગ્નિ પણ સળગ્યો હતો અને તેને પ્રજ્વલિત રાખવો એ મુશ્કેલ નહોતું. સમુદ્રકિનારે અને પર્વતો ઉપર ઝીનુક અને પક્ષીઓનાં ઇંડાંની પણ કશી ખોટ નહોતી. હજારો પક્ષીઓ ઊડ્યા કરતાં. એકાદ લાકડી કે પથ્થર મારી તેને સહેજે મારી શકાતાં. વનમાં ઘણાં ઝાડો હતાં જે ફળોથી ભરચક હતાં. તેનો સ્વાદિષ્ટ ખોરાક તરીકે ઉપયોગ થઇ શકે તેમ હતું. પાણીની તો ખોટ જ નહોતી. ચીમની પાસેથી જ ઝરણું વહ્યું જતું હતું. આથી થોડો વખત ચીમનીમાં રહીને જ વિશેષ તપાસ ચાલુ કરવાનું નક્કી થયું.

આ વ્યવસ્થાથી નેબ બહુ ખુશી થયો, તેના માનવંતા શેઠ જે જગ્યાએ અદશ્ય થયા હતા તે સ્થળ

છોડીને જવું તેને સૂઝતું નહોતું. સાઇરસ હાર્ડિંજ કાયમને માટે ચાલ્યા ગયા છે એમ તેનું દિલ સ્વીકારતું જ નહોતું. કદાચ સાઇરસનું શબ જડી આવે તોપણ ખાતરી કરી જોયા વિના તે ન માને કે આ શબ છે. એવી પ્રકૃતિનો માણસ નેબ હતો.

છવ્વીસમી માર્ચની સવારે નેબ ફરી ઉત્તર તરફ ચાલી નીકળ્યો. જે સ્થળે સાઇરસની જલસમાધિ થઇ મનાતી હતી તે સ્થળે તે આવીને ઊભો રહ્યો. પેન્ક્રૉફ્ટ વગેરે સૌએ પહાડી કબૂતરોનાં ઇંડાં ને ઝીનુક ખાઇ સવારનું ખાણું તો પતાવ્યું. પથ્થરની ફાટોમાં જામી ગએલી પાણીનું મીઠું થયું હતું તે હર્બર્ટે આણ્યું હતું. તેથી આજનું શિરામણ જરા સ્વાદિષ્ટ થયું હતું.

જમીને પેન્ક્રૉફ્ટ ને હર્બર્ટ જંગલમાં શિકારની શોધમાં ગયા. સ્પિલેટ ચીમનીમાં રહ્યો. અગ્નિને સચેત રાખવાનો હતો તેમજ કદાચ નેબને અચાનક કાંઇ સહાયની જરૂર પડે તો તે પણ આપવાની હતી.

પેન્ક્રૉફ્ટ ને હર્બર્ટ રવાના થયા. માર્ગમાંથી તેમણે હથિયાર તરીકે ઝાડની એકેક મોટી ડાળ કાપી લીધી.

તેઓ નદીની ડાબી બાજુથી ઉપર ચડી ગયા. ત્યાંથી બંને શિકારીઓ નદીને કિનારે ખૂબ ઘાટા અને ઊંચા ઘાસના જંગલમાંથી પશ્ચિમ તરફ ચાલ્યા. આગળ જતાં નદી થોડે સુધી સીધી ચાલી જતી હતી. બંને કિનારા પરનાં મોટાં મોટાં ઝાડો કિનારા પર નમી પડવાથી જાણે નદી ઉપર તોરણ ન બાંધ્યાં હોય તેમ લાગતું હતું. જંગલ એવું તો ગાઢ હતું કે તેમાં માર્ગ સહેજે ભૂલી જવાય. તેથી બંને જણા નદીને કિનારે કિનારે જ આગળ વધવા લાગ્યા, કે જેથી કદાચ ભૂલા પડાય તોપણ નદીને આધારે પાછા આવી શકાય. પણ નદીને કિનારે ચાલવું પણ કાંઇ સહેલું નહોતું. કિનારે મોટાંમોટાં ઝાડો અને તેમની આસપાસની ઝાડી એટલી ગીચ હતી કે તેમાંથી માર્ગ કરવો મુશ્કેલ હતો. હર્બર્ટ અને પેન્ક્રૉફ્ટ ઝાડી ઝાંખરાંને પોતાના હાથમાંની લાકડીથી ભાંગતા અને રસ્તો કરતા આગળ વધ્યા. આગળ જતાં નદીની જમણી બાજુનો કિનારો સપાટ આવ્યો. ચારે તરફથી પાણીનાં નાનાંનાનાં ઝરણાં ચાલ્યાં આવતાં હતાં. ડાબી બાજુનો કિનારો જુએ તો ક્યાંક એકાએક મોટામોટા ખાડા તો વળી ક્યાંક ટેકરા. આવી કોતરોવાળી જમીનમાં ચાલવું બહુ મુશ્કેલીભર્યું હતું. તે ઉપરાંત ઝાડોની ગીચ ઝાડી તો હતી જ. આ બધાંમાંથી રસ્તો કરતા પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટ મહા મુશ્કેલીએ એક કલાકે માંડ એક માઇલ ચાલ્યા. ક્યાંય માણસની કશી નિશાની નહોતી. કોઇકોઇ સ્થળે વનપશુઓનાં પગલાં પડેલાં દેખાતાં હતાં, પણ પગલાં ઉપરથી તે કઇ જાતનાં પશુઓ હશે તે ઓળખાતું નહોતું. એવામાં પક્ષીઓનું એક નાનું ટોળું ઝાડ ઉપર આવીને બેઠું. ઊડતી વખતે તેમનાં કેટલાંક પીંછાં ખરી પડ્યાં હતાં. હર્બર્ટને પક્ષીઓ સંબંધેનું સારૂં જ્ઞાન હતું. તેણે પીંછું તપાસતાં વેંત કહ્યું: 'આ તો 'કુરૂકાસ' પક્ષી ખાવામાં તે બહુ સ્વાદિષ્ટ હોય છે. તેનું માંસ નરમ હોય છે અને તેને સહેજે મારી શકાય છે.'

બંને જણા ઊંચાઊંચા ઘાસમાંથી વાંકાવાંકા ચાલતા ને માર્ગ કરતા એક ઝાડના થડ પાસે ગયા. ત્યાં નીચેની એક ડાળ પર ઘણાં પક્ષીઓ બેઠાં હતાં. કુરૂકાસ પણ ડાળ ઉપર બેસીને જીવજંતુ શોધતાં હતાં.

બંને શિકારીઓ વાંકા ચાલતા હતા તેમાંથી એકદમ ટટાર થઇ ગયા ને હાથમાંની મોટી લાકડીથી જાણે દાતરડા વડે ઘાસ કાપતા હોય તેમ એક જ ઘાથી કુરૂકાસોને નીચે પાડ્યાં. ઊડીને ભાગે તે પહેલાં તો સંખ્યાબંધ કુરૂકાસ મરી ગયાં. એ બધાંને એક ડાળ ઉપર લટકાવી તેઓ આગળ ચાલ્યા, કેમકે નાનાં નાનાં આટલાં પક્ષીઓથી વળે તેમ નહોતું: બીજા શિકારની હજી જરૂર હતી. લાંબાલાંબા ઘાસમાંથી ચાલતાં કેટલાંયે જનાવરો ઘાસમાંથી નાસી જતાં તેમને દેખાતાં હતાં, પરંતુ ઘાસમાં તે ઓળખી શકાતાં ન હતાં. આથી પેન્ક્રૉફ્ટ દુ:ખથી બોલી ઊઠ્યો: 'અરેરે! જો આ વખતે ટૉપ આપણી સાથે હોત તો શિકાર કરવામાં કેટલો ઉપયોગી થાત? પણ ક્યાં ટૉપ અને ક્યાં આપણે? મને તો એમ લાગે છે કે ટૉપ પણ હાર્ડિંજની સાથે જ મરી ગયો હશે.'

બપોરે લગભગ ત્રણેકને શુમારે નવી જાતનાં પક્ષીઓનું એક ટોળું દેખાયું. તે ટોળું એક ઝાડ ઉપર બેસી ફળો ખાતું હતું. એવામાં કોઇ નવાં પક્ષીઓના કર્કશ અવાજથી આખું વન ગાજી ઊઠ્યું. આ અવાજ કોનો છે તે જોવા શિકારીઓએ આસપાસ નજર કરી તો પક્ષીઓનું એક બીજું ટોળું દેખાયું. તેનો જ આ અવાજ હતો. આ જાતનાં પક્ષીઓને

અમેરિકામાં 'ટેટ્રા' પક્ષી કહે છે. થોડી વારે તો આ પક્ષીઓ સંખ્યાબંધ આવીને ઝાડ ઉપર બેઠાં. આ પક્ષીઓ વનમૃગ જેવડાં મોટાં હોય છે. તેમનું માંસ તો ખૂબ જ સ્વાદવાળું હોય છે. પેન્ક્રૉફ્ટે વિચાર કર્યો કે ગમેતેમ કરીને એકાદ 'ટેટ્રા'નો શિકાર તો કરવો જ. પણ કેવી રીતે? તેનો શિકાર કરવો સહેલો નહોતો. તેની પાસે પહોંચવું જ મુશ્કેલ હતું તો શિકાર તો થાય જ ક્યાંથી? ઘણા યે પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ ગયા. માત્ર પક્ષીઓ એથી ગભરાયાં એટલું જ.

અંતે પેન્ક્રૉફ્ટ બોલ્યો: 'આ રીતે તો તે નહિ પકડાય. એને માટે તો માછલાં પકડવાની જાળ જ હવે જોઇશે.' આમ કહી તેણે સાત આઠ ટેટ્રાના માળા શોધી કાઢ્યા. દરેક માળામાં સાતસાત આઠઆઠ ઇંડાં હતાં. તેને પેન્ક્રૉફ્ટે છોડ્યાં નહિ.

પેન્ક્રૉફ્ટ બોલ્યો: 'આ માળામાં પક્ષીઓ પાછાં તો આવવાનાં જ. એટલે આ માળાઓની આસપાસ જાળ પાથરી દીધી હોય તો તેમાં જરૂર એ પકડાશે.'

પેન્ક્રૉફ્ટે લાંબા અને મજબૂત વેલાઓની પંદર વીશ હાથ લાંબી એક દોરી બનાવી તેની જાળ ગૂંથી. તેને એક છેડે એક વાંકો કાંટો બાંધી તેમાં એક જાતનું લાલ જીવડું બાંધ્યું. પછી જાળનું મોઢું માળાઓ તરફ એવી રીતે ગોઠવ્યું કે પક્ષી તેમાં સપડાઇ જાય. આટલું ગોઠવી બંને જણા એક ઝાડની પાછળ સંતાઇ ગયા. પેન્ક્રૉફ્ટે આટલી બધી મહેનત કરી, પણ તેમાં હર્બર્ટને વિશ્વાસ નહોતો.

થોડી વારે પક્ષીઓ માળા તરફ પાછાં ફર્યાં. આવીને તેઓ જમીન ઉપર ચણવા માંડયાં. તેમને ખબરે ન હતી કે આસપાસ કોઇ શિકારીઓ તેમને પકડવા સંતાયા છે. ધીમેધીમે પક્ષીઓ જાળ તરફ આવ્યાં, પેન્ક્રૉફ્ટે ધીમેધીમે જાળની દોરી ખેંચી એટલે અંદર લટકાવેલું જીવડું હલવા લાગ્યું. જીવડાને જીવતું માનીને તેને પકડવાને સાત આઠ ટેટ્રા એક સાથે ઊડી જાળમાં પડયાં. પછી તો ક્યાં જાય? તરત જ પેન્ક્રૉફ્ટે જાળ ખેંચી ને પક્ષીઓ સપડાયાં.

હર્બર્ટે પહેલાં કોઇ વાર આવી જાતનો શિકાર જોયો-નહોતો, એટલે તે તો આ શિકારથી એટલો ખુશ બની ગયો કે તાળીઓ પાડવા માંડયો. પોતાને ખાલી હાથે પાછું ન ફરવું પડયું તેથી તેમને બંનેને ખૂબ આનંદ થયો. સાંજના છ થવા આવ્યા હતા અને બંને જણા ખૂબ થાકી ગયા હતા, તેથી બંને ચીમની તરફ પાછા વળ્યા. શિકાર ખભે લઇ નદી કિનારે ચાલતાં તેઓ સૂર્યાસ્ત પહેલાં ચીમનીમાં આવી પહોંચ્યા.

આ તરફ ગીડિયન સ્પિલેટ સમુદ્રકિનારે કાંઇક ઊંડા વિચારમાં મગ્ન ઊભો હતો. આકાશમાં ચોમેર જબરા તોફાનની તૈયારી થઇ રહી હતી, પણ તે તરફ તેનું ધ્યાન નહોતું. હર્બર્ટ ચીમનીમાં ગયો ને પેન્ક્રૉફ્ટ તેની પાસે ગયો, પણ વિચારમગ્ન સ્પિલેટે તેને જોયો નહિ.

પેન્ક્રૉફ્ટે પાસે જઇ પૂછ્યું: 'સ્પિલેટ, આજ રાત્રે ખૂબ તોફાન થાય એવું લાગે છે; નહિ?'

સ્પિલેટે પાછું વાળી જોયું તો પેન્ક્રૉફ્ટને દીઠો. પેન્ક્રૉફ્ટના પ્રશ્ન તરફ તેનું ધ્યાન નહોતું. એટલે પેન્ક્રૉફ્ટને જોતાં જ સ્પિલેટે સામો સવાલ કર્યો: 'હેં. પેન્ક્રૉફ્ટ, આપણા મિત્ર સાયરસ હાર્ડિંજ જ્યારે મોજાંમાં તણાઇ ગયા ત્યારે બલૂન કિનારાથી કેટલું દૂર હતું?'

સ્પિલેટના આ એકાએક પ્રશ્નથી પેન્ક્રૉફ્ટને આશ્ચર્ય થયું. તોપણ તેણે કહ્યું, 'લગભગ બારસો ફૂટ હશે.'

'અને ટૉપ પણ તેટલે જ દૂર તણાઇ ગયો હતો?'

'હા'.

'મને નવાઈ લાગે છે કે હાર્ડિંજ તો ડૂબ્યા, પણ ટૉપ પણ ડૂબી ગયો! અને છતાં બંને મૃત શરીરોમાંથી એક પણ સમુદ્રકિનારે હાથ આવ્યું નહિ!'

'સમુદ્રની એ વખતની ભયંકર સ્થિતિ જોતાં આ બીના કાંઇ નવાઇ પામવા જેવી નથી. કદાચ બંને શબ દૂર પણ તણાઇ ગયાં હોય.' પેન્ક્રૉફ્ટ બોલ્યો.

'આ સંબંધે તમારો ગમે તે મત હોય, પણ મારી ધારણા પ્રમાણે હાર્ડિંજ ને ટૉપ બંને એકીસાથે ખોવાયા ન હોય. પણ તેનું ચોક્કસ કારણ પણ સમજાતું નથી.'

'હું પણ તમારી સાથે સંમત થાઉં. પરંતુ દુઃખની વાત છે કે આ બાબતમાં મને નક્કી જ લાગ્યું છે કે તેઓ જીવતા નથી.' એમ કહી પેન્ક્રૉફ્ટ ચીમનીમાં આવ્યો. હર્બર્ટે અગ્નિ સળગાવ્યો હતો એટલે પેન્ક્રૉફ્ટ ખાવાનું તૈયાર કરવા લાગ્યો.

સાંજ પડી સાત વાગવા આવ્યા, પણ નેબ પાછો ફર્યો નહિ. તેને આટલી વાર થવાથી પેન્ક્રૉફ્ટને ચિંતા થવા લાગી. શું તે પણ કાંઇ મુશ્કેલીમાં આવી પડયો

હશે? હર્બર્ટે તેના વિલંબનું કારણ જુદું જ માન્યું. તેણે ધાર્યું કે કદાચ એવો કાંઈ બનાવ હશે કે જેથી તેને હાર્ડિંજ માટે વધારે શોધ કરવાનું કારણ મળ્યું હોય. કદાચ કાંઇ ચિહ્ન કે મનુષ્યનું પગલું જોતાં સ્વામીભક્ત નેબ આગળ નીકળી પડ્યો હોય. અને આ વખતે તો તે હાર્ડિંજની નજીક પણ પહોંચી ગયો હોય.

હર્બર્ટે પોતાના અનુમાનની વાત સૌને કરી. કોઇએ તેના અનુમાનમાં વાંધો ન દેખાડ્યો. સ્પિલેટે તો તેના અનુમાનને ટેકો આપ્યો. હર્બર્ટ નેબની શોધ માટે નીકળવા તૈયાર થયો, પણ પેન્ક્રૉફ્ટે તેને અટકાવીને કહ્યું, 'આવા અંધકારમાં અને આવી ભયંકર રાત્રે બહાર નીકળવામાં કશું ફળ નથી; એની રાહ જોવી એ જ ઠીક છે.' સ્પિલેટનો વિચાર પણ એમ જ હતો.

તોફાન શરૂ થઈ ગયું. નૈઋત્યનો પવન ફૂંકાવા લાગ્યો. સમુદ્રનાં પર્વત જેવડાં મોજાં પહાડ સાથે અફળાઇને ભયંકર ગર્જના કરવા લાગ્યાં. વૃષ્ટિ પણ શરૂ થઈ.

રાતના આઠ વાગ્યા સુધી નેબ પાછો ફર્યો નહિ. આવા તોફાનમાં આવે પણ શી રીતે? કદાચ બીજી ગુફામાં આશ્રય લીધો હશે ને સવાર પડતાં આવી પહોંચશે એમ સૌએ માન્યું.

રાત્રે ખાઇપીને ત્રણે જણ સૂતા. બહાર પવનનું તોફાન વધતું જ જતું હતું. જેવા તોફાનમાં બલૂનમાં બેસી બધા નીકળી પડ્યા હતા એ જ જાતનું એ તોફાન હતું. સદ્‌ભાગ્યે ચીમની મોટા ને મજબૂત ગ્રેનાઈટ પથ્થરની બનેલી હતી. તે પણ પવનના ઝપાટાથી ધ્રૂજવા તો લાગી, પણ વિશેષ વાંધો આવ્યો નહિ. પેન્ક્રૉફ્ટ બેત્રણ વાર બહાર જઇ તોફાનનું સ્વરૂપ જોઇ આવ્યો. હર્બર્ટને તો આવા પ્રલય જેવા તોફાનમાં પણ ઘસઘસાટ ઊંઘ આવી ગઇ હતી. આખરે પેન્ક્રૉફ્ટને પણ ઊંઘ આવી. પણ સ્પિલેટ ઊંઘી શક્યો નહિ. તેને તો એ જ દુઃખ થવા લાગ્યું કે પોતે શા માટે નેબની સાથે ન ગયો?

અર્પણ

(રમતાં રાધાજીએ રૂસણાં લીધાં રે)

હું તો અટૂલું શું ઝાડવું ડોલું રે,
ધરતીમાતાના હું રૂદયાને ખોલું રે;
ઢેલની ડાળ્યુંમાં પંખીડાં પાળું રે,
બળતા બપોરીએ છાંયડા ઢાળું રે.

હું તો વિજોગણ વાદળી ઘૂમું રે,
ધરતીમાતાનાં હું મસ્તક ચૂમું રે;
વન ને વેરાનમાં મોતીડાં ખેરું રે,
અંતરનાં અમી થળાથળ વેરું રે.

હું તો નદી ઊંડી ખીણમાં ખેલું રે,
ધરતીમાતાને હું અંતર રેલું રે;
તરસ્યા જીવો મહીં ટાઢક સીંચું રે,
વ્યક્તિને ભૂલી વિરાટમાં હીંચું રે.

રતિલાલ શુક્લ

રાત વીતવા લાગી. સવાર પડવાને થોડી વાર હતી. પેન્ક્રૉફ્ટ હજી પણ ઊંઘતો હતો. સ્પિલેટે જોરથી તેને ઢંઢોળ્યો.

'શું છે?' નાવિકની ચપળતાથી એકદમ સજ્જ થતાં તેણે સવાલ કર્યો.

સ્પિલેટે તેના કાનમાં કહ્યું: 'સાંભળ, પેન્ક્રૉફ્ટ સાંભળ જોઇએ; બરાબર કાન દઇને સાંભળ.'

થોડી વાર સાંભળી પેન્ક્રૉફ્ટે કહ્યું: 'તોફાનના અવાજ સિવાય કશું સંભળાતું નથી.'

સ્પિલેટ: 'ના ભાઇ ના, આ માત્ર તોફાનનો જ અવાજ ન હોય! મને ચોક્કસ લાગ્યું કે જાણે—'

પેન્ક્રૉફ્ટ: 'જાણે શું? શું લાગ્યું?'

સ્પિલેટ: 'કૂતરાના ભસવાનો અવાજ આવે છે.'

એકદમ ઊભા થઈ પેન્ક્રૉફ્ટે કહ્યું: 'શું? કૂતરાનો અવાજ? તદ્દન અસંભવિત! આવા ભયંકર તોફાનમાં કેમ જાણ્યું કે કૂતરાનો.'

'ઊભો રહે, ફરી વાર ધ્યાન દઇને સાંભળ જોઇએ.'

આ વખતે ખૂબ ધ્યાન દઇ પેન્ક્રૉફ્ટે સાંભળ્યું. તેને પણ લાગ્યું કે પવનનું જોશ જરા મોળું પડતાં, દૂરદૂર કૂતરાના ભસવાનો અવાજ સંભળાય છે. તરત જ તે બોલ્યો, 'હા હા, બરાબર છે; કૂતરાનો જ અવાજ છે.'

આ વખતે હર્બર્ટ પણ જાગી ગયો હતો. તે તરત બોલી ઊઠ્યો: 'આ તો ટૉપનો જ અવાજ છે.'

ત્રણે જણ ચીમની બહાર દોડ્યા. પણ બહાર પવનનું પૂરું સામ્રાજ્ય હતું. બધા ચીમનીમાંથી બહાર તો એકદમ દોડી આવ્યા, પણ બહાર આવ્યા પછી લાગ્યું કે આ પવનમાં ઊભા રહેવું એ પણ ભારે મુશ્કેલ હતું. ચારે બાજુ જોવા લાગ્યા. કોઇના મોઢામાં એકે શબ્દ નથી. ભયંકર અંધકારમાં જાણે સમુદ્ર, પૃથ્વી અને આકાશ સર્વેએ મળી કાળું સ્વરૂપ ધારણ કર્યું છે! પ્રકાશનું નામે નહોતું. આંખો તો જાણે રેતીથી ભરાઇ

જશે એમ લાગતું હતું.

સૌ થોડી વાર એ સ્થિતિમાં બહાર જ ઊભા રહ્યા. ફરી વાર કૂતરાનો અવાજ સંભળાયો. બધાને એમ થયું કે હવે જાણે તે તદ્દન નજીકમાં જ બોલે છે.

'આ અવાજ તો ટૉપનો જ એ નક્કી. પણ ટૉપ સાથે બીજું કોઇ છે કે તે એકલો જ છે?'

એકલો જ લાગે છે. જો નેબ સાથે હોત તો તો આટલા વખતમાં ચીમની પાસે તે આવી પહોંચ્યો હોત.'

પેન્ક્રૉફ્ટે તરત જ ચીમનીમાંથી એક સળગતું લાકડું લાવી ઊંચે ફેંક્યું ને સાથેસાથે બૂમ પાડી.

જાણે કે આ સંકેતની જ રાહ ન જોવાતી હોય તેમ તે જ ઘડીએ કૂતરાનું ભસવું વધારે નજીક સંભળાવા લાગ્યું ને જોતજોતામાં તો કૂતરો ચીમની પાસે આવીને ઊભો રહ્યો! બધા ચીમનીમાં આવ્યા.

હર્બર્ટ બોલી ઊઠ્યો: 'બરોબર આ ટૉપ જ!'

આ કુતરો હાર્ડિંજનો પ્રિય ટૉપ જ હતો. ટૉપ ખૂબ વેગવાન અને તીવ્ર ઘ્રાણશક્તિવાળાં કૂતરાંની જાતનો હતો. એ ગમે તેમ હોય પણ એ એકલો જ કેમ? અને એને ચીમનીની ખબર નહોતી, ત્યારે તે કેવી રીતે અહીં આવ્યો? અને તે પણ આવા અંધારામાં ને તોફાનમાં! વધારે આશ્ચર્યની વાત તો એ હતી કે ટૉપ જરા યે થાકેલો જણાતો નહોતો. તેના શરીર ઉપર ક્યાંય કાદવ કે ધૂળનો ડાઘ સરખો યે નહોતો!

સ્પિલેટ: 'કૂતરો હાથ લાગ્યો છે એટલે હવે તેના સ્વામીને પણ મેળવી જ શકીશું.'

હર્બર્ટ: 'પ્રભુ તેમ જ કરશે! ચાલો આપણે હવે રવાના થઇ જઇએ. ટૉપ આપણને માર્ગ દેખાડશે.'

પેન્ક્રૉફ્ટે જોયું કે પોતાનું અનુમાન બધું ખોટું પડ્યું છે, તેથી તે તરત જ બહાર જવા તૈયાર થઈ ગયો. સંભાળપૂર્વક ચૂલામાં દેવતા ભારી, તેના ઉપર થોડાંક સૂકાં લાકડાં મૂક્યાં, રૂમાલમાં થોડુંક ખાવાનું બાંધી સૌ ચાલી નીકળ્યા. આગળ ટૉપ ને ત્રણે જણા પાછળ. ટૉપ વચ્ચેવચ્ચે ભસતો જતો હતો; જાણે બધાંને પોતાની સાથે આવવા બોલાવતો ન હોય!

પવને ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. વાદળાંને લીધે પ્રકાશ તો જરા ય દેખાતો નથી. સીધા માર્ગે ચાલવું પણ મુશ્કેલ હતું; ને તેમાં યે તેમનો ભોમિયો ટૉપ હતો. ટૉપની પાછળ જ સૌને ચાલવાનું હતું. પવનના જોરમાં વાતચીત પણ થઈ શકતી નહોતી. તોપણ એક રીતે પવન તેમને અનુકૂળ હતો, કારણ કે તે સામી બાજુનો નહોતો, પણ પાછળનો હતો. સામી બાજુનો પવન હોત તો રેતી ઊડીને આંખમાં પડત ને ઉલટી ચાલવાની

પાંદડી

પાંચ વરસની પાંદડી એનો દોઢ વરસનો ભાઇ,
પાંદડી ભાઇને રાખે ને માડી નિત કમાવા જાય,
ત્યારે પેટપૂરતું ત્રણે ખાય.

ભાઈ હસે ત્યારે બેન હસે ને ભાઈ રડે ત્યારે રોય,
ચૂપ રહ્યો હોય ભાઇલો ત્યારે ખોયામાં બેનડી જોય,
રખે ભાઈ જાગતો સૂતો હોય.

રાણકી સહિયર રમવા આવી, પાંચીકા લાવી સાથ,
પાંદડીનું મન કૂદવા લાગ્યું, સળવળ્યા એના હાથ,
રહ્યું એનું હૈયું ન ઝાલ્યું હાથ.

ઘોડિયું મેલ્યું ઓરડા વચ્ચે, ઊંબરે બેઠી બેય,
પગને અંગૂઠે દોરડી બાંધી હીંચકા ભાઇને દેય,
બરાબર રમત જામી રહેય.

વઢતાં વઢતાં બે બિલાડાં દોડતાં આવ્યાં ત્યાંય,
બંને છોડીઓ બીને ઊભી ઓસરીએ નાઠી જાય,
પાંચીકા બારણામાં વેરાય.

એક ને બીજું ડગ માંડે ત્યાં પાંદડી ગોથાં ખાય,
પગમાં બાંધેલ હીંચકા દોરી નાગણ શી અટવાય,
દશા પારણાની ભૂંડી થાય.

આંચકા સાથે ખોયું ઉછળ્યું, ઉછળ્યો ભાઇલો માંહ્ય,
ઘોડિયે ખાધી ગોથ ભૂમિ પર, ભાઇલો રીડો ખાય,
ત્યાં તો મા દોડતી આવી જાય.

એકને રમવું, એકને ઊંઘવું, એક કમાવા જાય,
બે બિલાડાંને લડવું એમાં કહો શુંનું શું થાય?
ભલા ભગવાન આ શું કહેવાય?

'સુન્દરમ'

મુશ્કેલી પણ વધી પડત. પાછળનો પવન હોવાથી તો તેમની ઇચ્છા ન હોય છતાં પણ જલદી જલદી ચાલવું પડતું'તું.

નેબ સાઇરસ હાર્ડિંજને મળ્યો છે અને તેણે જ ટૉપને મોકલ્યો છે એ વિષે હવે જરા યે શંકા રહી નહોતી.

સૌ પર્વત ઉપરથી નીચે ઊતર્યાં ત્યારે તેનો ઓથ મળવાથી પવનના ઝપાટામાંથી તો તેઓ બચી ગયા. લગભગ એક કલાક જેટલો સમય દોડાદોડ ચાલવાથી તેઓ થાકી ગયા હતા. હવે શ્વાસ જરા હેઠે બેઠો.

પરસ્પર વાતચીત કરવામાં હવે વાંધો ન હતો. વાતચીતમાં હર્બર્ટે સાઇરસ હાર્ડિંજનું બેત્રણ વાર નામ લીધું. એ નામ લેતાં જ દરેક વખતે ટૉપ ભસવા લાગતો;—જાણે કે તેના શેઠ બચ્યા છે એમ જ તે કહેતો ન હોય!

હર્બર્ટ: 'સાઇરસ બચ્યા છે, ખરૂં ટૉપ?'

ટૉપે ભસીને જવાબ આપ્યો: 'હા.'

સૌ આગળ ચાલ્યા. પહાડની ઓથાણ છોડી આગળ જતાં પવન બમણા જોરથી ફૂંકાતો હોય તેમ લાગ્યું. ટૉપ સૌની આગળ હતો એટલે માર્ગ જાણવામાં તેમને કાંઇ મુશ્કેલી પડતી નહોતી. પવનના ધક્કાથી સૌ બમણા વેગથી આગળ વધ્યે જતા હતા.

જમણી બાજુએ ઉન્મત્ત સમુદ્ર છોડી તેઓ ઉત્તર તરફ ચાલ્યા. આગળ જતાં જમીન સપાટ આવતી હતી એમ લાગ્યું. પવનનું જોર પણ મોળું પડતું હતું.

સવારના ચાર વાગ્યે ગણત્રી કરતાં તેમને સમજાયું કે તેઓ પાંચ માઇલ આવ્યા છે. ઠંડી સખ્ત હતી; પહેરવા પૂરતાં લૂગડાં પણ નહોતાં; ટાઢથી હાથ પગ તો કોકડાં વળી જતાં હતાં; પણ કોઇ હિંમત હારે તેવા નહોતા. ટૉપ જયાં લઇ જાય ત્યાં જવા સૌ એક પગે તૈયાર હતા.

સવાર પડ્યું. છ વાગ્યા. તેઓ ચીમનીથી છ માઇલ દૂર આવ્યા હતા.

આટલે આવ્યા પછી ટૉપ બહુ ચંચળ થઇ ગયો. સામી બાજુએ એકદમ દોડે, વળી પાછો ફરે ને જાણે બધાને એકદમ ચાલવા ન કહેતો હોય તેમ ખેંચે. અહીંથી ટૉપ કિનારો છોડી રેતીવાળી સપાટ જગ્યા પર ચાલવા લાગ્યો. ટૉપની બુદ્ધિ ઉપર સૌ આફરીન થઇ ગયા. સૌ તેની પાછળપાછળ ચાલવા લાગ્યા. આખો પ્રદેશ મરુભૂમિ જેવો ચારેતરફ રેતીથી જ પથરાએલો હતો. કયાંક નાનાનાના પર્વતો હતા.



તે દીર્ઘકાય માણસ એન્જિનિયર સાઇરસ હાર્ડિંજ હતો.

સમુદ્રકિનારો છોડીને પાંચ મિનિટ ચાલ્યા પછી એક ગુફા જેવી જગ્યા પાસે સૌ આવી પહોંચ્યા. અહીં આવી ટૉપ ભસીને ઊભો રહ્યો, જાણે એમ ન કહેતો હોય કે જે છે તે એની અંદર છે! સ્પિલેટ, હર્બર્ટ અને પેન્ક્રૉફ્ટ એક શ્વાસે અંદર દોડી ગયા. અંદર જુએ તો જમીન ઉપર ઘાસના બિછાનામાં એક દીર્ઘકાય માણસ સૂતેલો છે. નેબ તેની પાસે ઘૂંટણભર બેઠો છે.

તે દીર્ઘકાય માણસ બીજો કોઇ જ નહિ પણ એન્જિનિયર સાઇરસ હાર્ડિંજ હતો!

(ચાલુ)

મોંઘીબેન

ખોદે તે પડે

બાળવિભાગ

બુંદેલખંડનાં જંગલોની વચ્ચોવચ એક મજબૂત કિલ્લો આવેલો છે. ત્યાં એક વખત એક મુસલમાન સરદાર રહેતો હતો. તે ઘણો જ અવિચારી, કાચા કાનનો, ક્રૂર અને ઘાતકી હતો. પણ તેની સ્ત્રી બહુ જ ભલી અને દયાળુ હતી.

એ સરદારને બે નોકરો હતા. એકનું નામ સીદીક અને બીજાનું નામ મુબારક હતું. મુબારક ઘણો જ આનંદી, ભલો અને વિશ્વાસુ હતો. સરદારની સ્ત્રીની તેના ઉપર બહુ જ માયા હતી અને તે એને પોતાના બાળકની પેઠે રાખતી અને મુબારક પણ પોતાની શેઠાણી તરફ પૂજ્યભાવ રાખતો. બીજો નોકર સીદીક ખરાબ સ્વભાવનો અને અદેખો હતો.


મુબારક ઉપર પોતાની શેઠાણીની આટલી બધી મહેરબાની જોઇને તે એની બહુ જ અદેખાઇ કરતો. છેવટે તેણે મુબારકને દૂર કરવાનો નિશ્ચય કર્યો. તે હમેશાં સરદાર આગળ ખોટીખોટી ચાડીઓ ખાઇને અને ફરિયાદો કરીને એના કાન ભંભેરતો. એક દહાડો સરદાર શિકારેથી પાછા ફર્યા ત્યારે તેણે મુબારકની ઘણી ખોટી ચાડીઓ કરીને સરદારને ખૂબ ભંભેર્યો.

આ વાતો સાંભળીને સરદારને ખૂબ ગુસ્સો ચડ્યો અને તેણે મુબારકને પૂરો કરવાનો નિશ્ચય કર્યો. તે એકદમ ઘોડે બેસીને પોતાના કિલ્લાથી દૂર જંગલમાં ધાતુ ગાળવાનું એક મોટું કારખાનું હતું ત્યાં ગયો. કારખાનામાં એક મોટી ભઠ્ઠી સળગતી હતી અને બે ઘાતકી ચહેરાના માણસો ભઠ્ઠીની ધમણ આગળ બેસીને ધમણ ધમતા હતા તથા લોઢું ગાળતા હતા.

સરદારે તેમને કહ્યું, 'જુઓ, હું હમણાં એક માણસને અહીં મોકલું છું. તે આવીને તમને પૂછે કે "કેમ કામ પાર?" એટલે તરત તમારે તેને ઊંચકીને ભઠ્ઠીમાં નાખીને ઠેકાણે કરી દેવો.' પેલા માણસોએ હુકમ માથે ચઢાવ્યો અને સરદાર ત્યાંથી ઘોડે બેસીને ચાલતો થયો.

ઘેર આવી સરદારે મુબારકને બોલાવી લાવવા માટે સીદીકને મોકલ્યો. મુબારક બગીચામાં શેઠાણી માટે ફૂલ વીણતો હતો. તેને સીદીકે કહ્યું, 'મુબારક, સરદાર સાહેબ તને કામે મોકલવા માટે બોલાવે છે.'

મુબારક સરદાર પાસે આવ્યો એટલે સરદારે કહ્યું,



જા, કારખાને જઇને ભઠ્ઠીવાળા માણસોને પૂછી આવ કે 'કેમ કામ પાર થઈ ગયું?'

મુબારક શેઠનો હુકમ બજાવવા માટે ઝપાટાબંધ ત્યાંથી ચાલ્યો. દરવાજા બહાર નીકળ્યો એટલામાં તેના મનમાં કંઇક વિચાર આવ્યો. તે પાછો ફરીને પોતાની શેઠાણી પાસે ગયો અને પૂછ્યું 'બાઇસાહેબ, સરદાર સાહેબે મને કારખાને સંદેશો લઇ જવાનું ફરમાવ્યું છે. આપનું કંઇ એ તરફનું કામકાજ છે? હોય તો લાવો બજાવતો આવું.'

શેઠાણીનો એ નોકર પર બહુ જ પ્રેમ હતો. તેણે કહ્યું: 'મુબારક, આજે મારે મસ્જિદે નિમાઝ પઢવા જવાનું હતું, પણ આ છોકરો માંદો થઇ ગયો છે એટલે મારાથી નહિ જવાય. તો મારે બદલે એટલી ખુદાની બંદગી કરતો આવજે. જા મારા બેટા, એ સિવાય બીજું કામ નથી.' શેઠ અને શેઠાણીનો હુકમ બજાવવા મુબારક આનંદથી ચાલતો થયો.

કારખાને જતાં રસ્તામાં વચ્ચે જ મસ્જિદ આવતી હતી, તેથી મુબારકે વિચાર્યું કે 'સરદાર સાહેબનો સંદેશો કંઇ એટલો બધો જરૂરનો નથી અને વળી નિમાઝ પઢતાં કંઇ બહુ વાર નહિ લાગે, માટે લાવ

નિમાઝ પઢીને પછી જ કારખાને જાઉં.' આમ વિચારીને તે મસ્જિદમાં ગયો અને ખરા દિલથી ખુદાની બંદગી કરી અને પોતાનાં શેઠશેઠાણીને તથા તેના બાળકને સદા સુખમાં રાખવાને પ્રાર્થના કરી. ત્યાં જરા વધારે મોડું થઇ ગયું હોવાથી મુબારક બેબાકળો દોડતો દોડતો કારખાને ગયો.

ભઠ્ઠી આગળ બેઠેલા માણસોને તેણે પૂછ્યું, 'કેમ રે ભાઇઓ, સરદાર સાહેબ પૂછાવે છે કે કામ પાર થઇ ગયું?'

તેમણે કહ્યું, 'હા, સરદાર સાહેબને કહેજો કે કામ બરોબર પાર ઉતારી દીધું છે.'

મુબારક દોડતો દોડતો કિલ્લામાં પાછો આવ્યો. દરવાજામાં જ તેને સરદાર સામો મળ્યો. સરદાર તો તેને જીવતો જોઇને ડઘાઈ જ ગયો!

સરદારે પૂછ્યું, 'અલ્યા તું ક્યાંથી આવ્યો?'

પોતાના શેઠની આવી સ્થિતિ જોઇને મુબારકને ઘણી નવાઇ લાગી. તેણે કહ્યું, 'સાહેબ, હું કારખાને જઇ આવ્યો. આપનું ફરમાન થયા પછી હું શેઠાણી પાસે કંઇ કામકાજ હોય તો પૂછવા ગયો હતો. તેમણે મને મસ્જિદમાં નિમાઝ પઢી આવવાનું કહ્યું. કારખાને જતાં રસ્તામાં જ મસ્જિદ આવતી હતી, તેથી હું પહેલાં મસ્જિદમાં બંદગી કરવા ગયો ને ત્યાંથી પછી કારખાને જઇને આપના ફરમાવ્યા મુજબ પૂછી આવ્યો.'

'હં; તો તેમણે શો જવાબ આપ્યો?' સરદારે ઉતાવળે ઉતાવળે પૂછ્યું.

'એમણે તો કહ્યું કે સરદાર સાહેબના હુકમ મુજબ કામ પાર થઇ ગયું છે.' મુબારકે જવાબ આપ્યો.

'અને સીદીક ક્યાં ગયો? એ તને રસ્તામાં મળ્યો નહિ? તને કારખાને મોકલ્યા પછી થોડી વારે મેં એને તારી પાછળ ખબર કાઢવા મોકલ્યો હતો કે તેં સંદેશો બરોબર પહોંચાડ્યો છે કે નહિ.' સરદાર બોલ્યો.

'હું જંગલને રસ્તે થઇને જ પાછો આવ્યો છું. મને તો એ ક્યાંય રસ્તામાં સામો મળ્યો નથી.' મુબારકે કહ્યું.

'થયું,' નિસાસો નાખીને સરદાર બોલ્યો, 'ખુદાએ બરોબર ઇન્સાફ આપ્યો છે. માણસ કરે છે એવું જ ભોગવે છે. બીજાનું ભૂંડું ઇચ્છનારનું કદી ભલું થતું નથી.' આમ કહીને તેણે મુબારકનો હાથ પકડ્યો અને તેને પોતાની સ્ત્રી પાસે લઇ ગયો. આ બધું શું થયું એ મુબારક તો કંઇ જ સમજ્યો નહિ.

'આ છોકરો ફિરિસ્તા જેવો છે.' સરદારે પોતાની સ્ત્રીને કહ્યું: 'મેં તેના તરફ બહુ જ ગેરવર્તણૂક ચલાવી છે, પણ ખુદા સદા યે તેને મદદગાર છે. એને હવે તારી નોકરીમાં જ રાખજે. એના જેવા ભલા નોકરની નોકરી સ્વીકારવાને પણ હું લાયક નથી.' આમ કહીને દિલગીર થતો થતો સરદાર ત્યાંથી જતો રહ્યો.

તે દિવસથી એ સરદાર ઘણો ભલો અને માયાળુ બની ગયો. (અંગ્રેજીને આધારે)

તમે જાણો છો?

મહિનાના દિવસ ત્રીસ ને વરસના મહિના બાર. વરસના દિવસ ત્રણસો ને સાઠ. આ તો વેપારી હિસાબ માટે કોઠો છે. પણ ચંદ્રનો મહિનો ૨૯॥ દિવસનો ને વરસ ૩૫૪ દિવસનું.

ચંદ્રને પૃથ્વીની આસપાસ ફરતાં ૩૫૪ દિવસ લાગે ને પૃથ્વીને સૂર્યની આસપાસ ફરતાં ૩૬૫ દિવસ થાય. ૩૫૪ દિવસનું વર્ષ તે ચાંદ્ર વર્ષ ૩૬૫ દિવસનું તે સૌર્ય વર્ષ.

ખ્રિસ્તી વરસમાં ૩૬૫ દિવસ ગણાય છે. સૌર્ય વર્ષનો મેળ મેળવવા ખ્રિસ્તી વરસમાં દર ચાર વર્ષે એક દિવસ વધે છે, પણ સો વર્ષે વળી વધઘટ થાય એટલે સૈકાના વર્ષમાં ૩૬૬ને બદલે ૩૬૫ દિવસ રહે.

હિંદુ વર્ષ ૩૫૪ દિવસનું. સૌર્ય વર્ષ સાથે મેળવવા દર ત્રીજે વરસે અધિક માસ આવે. અધિક માસને પુરુષોત્તમ માસ પણ કહે છે. વળી કેટલેક વરસે દિવસમાં વધઘટ આવે એટલે વળી કોઇવાર ક્ષય માસ આવે.

ચાંદ્ર માસ ૨૯॥ દિવસનો; એટલે એક મહિને અમાસ પછી પડવો ને પછી બીજ આવે; તો બીજે મહિને અમાસ પછી તરત બીજ આવે. અમાસને દિવસે ચંદ્ર ન દેખાય. તે પછી જે દિવસે ચંદ્ર દેખાય તે બીજ ગણાય.

હિંદુનો મહિનો પડવેથી લેખાય. મુસલમાનનો બીજથી. હિંદુ વર્ષ ૧૨ માસનું; મુસલમાનનું અગિયારનું.

આથી મુસલમાનના મહોરમ એક વરસ ભાદરવામાં આવે બીજે વરસ શ્રાવણમાં ને ત્રીજે વરસ અષાઢમાં.

અંગ્રેજી તારીખ રાતે બાર વાગ્યે બદલાય, હિંદુ તિથિ સવારે સૂર્ય ઊગ્યે બદલાય અને મુસલમાન તારીક (દિન) સૂર્ય આથમ્યે બદલાય. (વે.બૂ.)

માધુકરી



ચાલી આવે ગગન પરથી ઇશની દીપમાલા,
વંટોળેથી તિમિર હરતી ફૂંકતી ચેતનાઓ;
મીઠા ભાવે યુગયુગ તણી ખોલતી ગૂઢ ભાવો,
જાગી ઊઠે નવ શરદની ઓપતી ફૂલમાળા.

રૂંધાએલાં હૃદયહૃદયે વજ્રની સાંકળીમાં,
તોડી ફેંકે સકળ યુગનાં બંધનો કાળજૂનાં;
ભાવિ કેરા અણઉકલતા કોયડાને ઉકેલી,
દૃષ્ટા શાં એ વિમલ નયનો, ખીલતાં ભાત્રનાનાં.

એ ભાવોની વિમલ ભરતી વાધજો વિશ્વ કેરી,
જૂના ઊંડા ગહન તટના શુષ્ક મેલા પ્રવાહે. —સોમાભાઇ એ. પટેલ

ભારતીય વિદ્યાવીરનો સત્કાર

શક્તિસંપન્ન ભારતીય યુવાનોને કૃત્રિમ સમાજબંધનો અને મુશ્કેલીઓથી બચાવી લેવામાં આવે તથા તેમના મનમાન્યા વિષયનો અભ્યાસ કરવાની તક મળે તો તેઓ બુદ્ધિવિભવમાં કેટલું રાષ્ટ્રતેજ બતાવી શકે છે તેનું અતિ ઉજ્જ્વલ દૃષ્ટાંત શ્રીયુત પ્રફુલ્લચંદ્ર મુકરજી છે.

આસામમાં કન્યા કેળવણી અને બ્રહ્મોસમાજના પ્રચારના નેતા સ્વ. અંબિકાચરણ મુકરજીના એ પુત્ર પ્રફુલ્લચંદ્ર મુકરજીને રૂસ સામ્રાજ્યની સોવીએટ સરકારે યૂરલ નદીને કાંઠે મૅગ્નીટો ગોરસ્ક પ્રદેશમાં મૅગ્નીટોસ્ત્રો નામના લોખંડના કારખાનામાં મુખ્ય ધાતુવિષારદ અધિકારી નીમ્યા છે. આ પદવીનો ખ્યાલ અને મહત્ત્વ સમજવાને એટલું બસ થશે કે આ કારખાનું દુનિયાભરનાં જંગીમાં જંગી લોખંડનાં કારખાનાંઓમાં બીજે નંબરે ગણાશે. દર વરસે ત્યાંથી સત્તાવીસ લાખ ટન લોખંડ બહાર પડશે. તે ઉપરાંત તેને જ લગતું એક એનર્ગોસ્ટ્રોય (Energo stroy) નામનું મહાન વીજળીક કારખાનું અને કોકના ભઠ્ઠા છે.

પારકી સરકારે એક ભારતીય યુવાનને આવી જવાબદાર પદવી પર નીમ્યાનો આ પહેલો જ દાખલો છે. આ પદવી મળવાનું કારણ તેઓ સોશ્યલિસ્ટ કે કૉમ્યુનિસ્ટ સંપ્રદાયના છે, એમ સમજવાનું નથી. પોલાદના ઉદ્યોગમાં એક ખરા નિષ્ણાત તરીકેની પોતાની સંપૂર્ણ લાયકીથી જ તે એ પદ મેળવી શક્યા છે.

ઈ. ૧૮૮૮માં આસામના ધુબ્રી ગામમાં તેમનો જન્મ થયો. ધુબ્રીની હાઈસ્કૂલમાં જ એ કેળવણી પામ્યા. તે વખતમાં તેમણે વ્યાયામપ્રચારમાં ને વિદ્યાર્થી સંસ્થાઓની જમાવટમાં આગળપડતો ભાગ લીધેલો. ૧૯૦૫માં વિદ્યાસાગર કૉલેજમાંથી એમણે એફ. એ.ની પરીક્ષા આપી, અને તે પછી ૧૯૦૭ સુધી સ્વદેશી, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ વગેરેમાં ભાગ લીધો.

૧૯૦૭ના મે માસમાં બીજા ત્રણ મિત્રો સાથે એ અમેરિકા જવા ઊપડ્યા, જેમાંના એક શ્રી ધીરેન્દ્ર ગુપ્તા હાલ બિહારમાં ઉદ્યોગખાતાના ડાયરેક્ટર છે. તદ્દન સ્વાશ્રય ઉપર જ નભી રહેનારા હોવાથી મુકરજીને કેળવણીનો ખર્ચ મેળવવાને જુદીજુદી રીતે કામ કરવું પડતું. ૧૯૧૪માં પીટર્સબર્ગની યુનિવર્સિટીમાંથી તે ધાતુકામની ગ્રૅજ્યુએટ બન્યા અને કાર્નેગી સ્ટીલ કૉર્પોરેશનના લોખંડના કારખાનામાં એક જગ્યા મેળવી. તે વખતથી ધાતુ અને બીજાં રસાયણોની પ્રયોગશાળાઓમાં તેમણે પોતાની શોધખોળો ચાલુ રાખી હતી અને છેલ્લાં આઠ વર્ષથી ધાતુપ્રયોગોના ખાતામાં મુખ્ય અધિકારીના સહાયક રસાયણી તરીકેનો હોદ્દો ભોગવતા હતા.

આ રીતે ઉદ્યોગ અને વિજ્ઞાનની પ્રવૃત્તિઓ સાચવવા સાથે અમેરિકામાં આવતા હિંદી વિદ્યાર્થીઓને સહાય તથા સગવડ આપવા પણ તે તત્પર રહેતા અને હિંદુસ્તાન એસોસીએશન, જેના સ્થાપકો પૈકી તે એક છે, તેને માટે ખૂબ પ્રયાસ કરતા. ઈ ૧૯૨૦માં તે અમેરિકન નાગરિક બન્યા છે અને પોતાના ગુણ તથા ચારિત્ર્યથી ઘણા મહાન અમેરિકનોની મૈત્રી, પ્રેમ તથા વિશ્વાસને પાત્ર થયા છે. આમ શ્રી મુકરજી હિંદુસ્તાનનું ગૌરવ છે. એ ઉપરાંત અમેરિકાની સંસ્થાઓના પણ તે યશભાગી પ્રતિનિધિ છે.

ગયા જૂનની બાવીસમીએ તે પોતાની નિમણૂક પર મૅગ્નીટો ગોર્ક—યુ. એસ. એસ. આર. (યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ સોવીએટ રશિયા) ગયા ત્યારે તેમના મનમાં મોટો મૂંઝવણ થયો હતો. તે વખતે તેમણે જે સુંદર વિચારો વ્યક્ત કરેલા

તેમાં કહેલું કે: 'આ યોજનાને સફળ બનાવવા હું તમારી સાથે હાથોહાથ કામ કરવા આવ્યો છું. આ યોજનામાં યુરોપ અને એશિયાની સંસ્કૃતિના મીલનનો સંકેત સમાયો દેખાય છે હું અમેરિકાનો દત્તક પુત્ર છું, તેમજ હિંદ મારી જન્મદાત્રી ભૂમિ છે. ત્યાં મારાં બચપણ અને યૌવન માતપિતાની મીઠી ગોદમાં અને ભાઇઓબ્હેનોના સ્નેહમાં વીત્યાં છે; તેમની પાસેથી હું જીવન સમજ્યો છું. મારા તે વખતના ગુરુઓએ મારામાં આદર્શો અને કલ્પના પૂર્યાં છે. અનેક ઋષિઓના તપથી, સંતોનાં પગલાંથી અને ગંગાયમુનાના તીરનાં અમર વેદગાનથી એ ભૂમિ પવિત્ર બની છે. સકળ જગતને પ્રકાશ અને જ્ઞાનનો ઉપદેશ આપનાર ભગવાન બુદ્ધની એ જન્મભૂમિ, મહાન તત્ત્વજ્ઞાન, કળા અને સાહિત્યના ગ્રંથોની એ જનની, જ્યાંથી મારા જીવનનાં ઊંડાં મૂળ ઊગ્યાં તે ભારતને મારા પ્રણામ હો.'

રશિયા વિષેના પોતાના વિચારો દર્શાવતાં તેમણે જણાવ્યું છે કે રશિયા આજે તો એક છેડાથી બીજા સુધી ચેતનાના ધબકારાભર્યું દેખાય છે. જીવનનો આવો નવો પ્રકાર નીરખવો એ જ મોટું શિક્ષણ લેવા જેવું છે. દેશના એકેએક ભાગમાં નવી રચનાઓ ચાલુ થઇ છે. બધી જાતના મૂળ ઉદ્યોગો ઊભા થતા આવે છે. લોઢું, પોલાદ, મોટર, વીજળીક રસાયણ, કાપડ તથા બીજા ધંધાઓ જોરશોરથી શરૂ થયા છે. યોગ્ય લાયકાતવાળા ઉછરતા હિંદીઓ પણ આવા સ્થળે આવી થોડાં વર્ષ અનુભવ લે તો બહુ સારું તે સાથે અહીંની બળવાન શિક્ષણપ્રથાઓ ને સામાજિક પ્રવૃત્તિઓનો અભ્યાસ પણ થઇ શકે. રશિયન કૉન્સુલર, એજન્ટ કે ધંધાખાતાની એજન્સીવાળા રશિયા વિષે જોઇએ તેટલી માહિતી પૂરી પાડશે. કોઇ બાહોશ જવાબદાર માણસ મૉસ્કોમાં રહી હિંદુસ્તાન સાથેના વેપારઉદ્યોગના સંબંધ સ્થાપે તે ઇચ્છવાજોગ છે.

પક્ષીઓનું સ્થલાંતર

ગુજરાત, કાઠિયાવાડ અને સિંધ (પ્રાકૃતિક ભૂગોળની દૃષ્ટિએ આ દેશો એક જેવા પરસ્પર સંકળાએલા છે. Ecology —પ્રાણીના જીવન પર એના આસપાસના વાતાવરણની અને રહેઠાણની થતી અસરના અભ્યાસના શાસ્ત્ર—પ્રમાણે આ પ્રાંતોનું પ્રાણીજીવન લગભગ એક જેવું છે)નાં પક્ષીઓની જાતિની ગણના કરતાં કુલ સંખ્યા ૧૦૦૦-૧૨૦૦ થાય છે. તેમાં ગુજરાતમાં ૮૦૦ જેટલી જાતનાં પક્ષીઓ છે. આઠસોમાંથી ૧૦૫ જાત જલચર અર્થાત્ પાણીના આધારે જીવનારી છે. અજાયબ થવા જેવું એ છે કે આ ૧૦૫ જાતમાંની માત્ર ૩૨ જાત જ સ્થાનિક—બારે માસ ગુજરાતમાં રહેનારી—છે.બાકીની ૭૩ જાતનાં પક્ષીઓ દર શિયાળે હિમાલય, ચીન, સાઇબીરિયા તરફના પ્રદેશોમાંથી અહીં આવે છે, અને ઉનાળાના આરંભમાં સ્વદેશ ચાલ્યાં જાય છે. સ્થળચર પક્ષીઓની વાત જ નથી, પણ જેને પક્ષીઓનો અભ્યાસ વગર સાધને કરવો છે, તેને ગુજરાતનાં તળાવ, ધરા, નદીઓ જેવાં સ્થાન તથા શિયાળા જેવો બીજો ઉત્તમ સમય નથી. અને આ ખરુસ કરવા જેવું છે. ગુજરાતની પ્રાણીસમૃદ્ધિ વિષે હજુ બહુ ઓછું જ્ઞાન મેળવાયું છે.

પક્ષીઓનાં આવાં સ્થાનાંતરનું કારણ પક્ષીજીવનને પ્રતિકૂળ ઋતુમાન ને જીવનચર્યા છે. જે પ્રદેશોમાં શિયાળામાં ખૂબ ટાઢ પડે છે ત્યાંનાં પક્ષીઓ ઉનાળા સુધી બીજા ગરમ કે સમશીતોષ્ણ દેશોમાં જતાં રહે છે. પણ ત્યાં તેઓ ઇંડાં મૂકતાં નથી. આપણા ગુજરાતમાં ઠેઠ યુરપ, સાઇબીરીઆ, ચીન ને તેના ઉપરના પ્રદેશમાંથી પક્ષીઓ હિમાલય ઓળંગીને આવે છે.

ઉત્તર ધ્રુવ તથા કૅનેડાના શીત પ્રદેશોમાંથી જે પક્ષીઓ શિયાળો ગાળવા મેકિસકો તથા દક્ષિણ અમેરિકા જાય છે, તેમને આખો ઉત્તર અમેરિકા ચીરીને જતાં રસ્તામાં ભૂખ, તરસ તથા થાક લાગે અને ટાઢ વાય એવે પ્રસંગે તેમને જમીન પર ઊતરવા સારૂ આખા ઉત્તર અમેરિકામાં પક્ષીઓના માર્ગમાં સ્થળે સ્થળે વિશ્રાન્તિગૃહો Bird Sanctuaries બનાવ્યાં છે. નૈસર્ગિક અને કૃત્રિમ હોજ, ઝાડ પર છોડમાં થાંભલાને આધારે રાતવાસો કરવાના માળા, અનાજ જીવાત વગેરે ખાદ્યના ભંડાર વગેરે. આ બધામાં સર્વોત્કૃષ્ટ વિશ્રાન્તિગૃહ કૅલિફાર્નિયામાં આવેલું છે. ત્રીસેક એકરના વિસ્તારમાં પ્રત્યેક વર્ષે આવતાં જતાં પક્ષીઓને ઊતરવાની અનુકૂળતા કરવામાં આવી છે. એકાદ રાત્રે (migratory birds બધાં રાતે જ પ્રવાસ કરે છે.) તમે એ ખેતર પાસે ઊભા રહો તો તીડનાં ટોળાં પેઠે અસંખ્ય પક્ષીઓ તે સ્થળે ઊતરતાં જુઓ. પક્ષીના જીવનમાં રસ લેનાર એક ઉદાર સદ્‌ગૃહસ્થની ખાનગી મિલ્કતનું આ સ્થળ છે. છતાં સમગ્ર પ્રજા એમાં એટલી તો સહાનુભૂતિ દર્શાવે છે કે આ સ્થળે સંભળાય તેટલી નજીક બંદુક ફોડવાની મનાઇ કરનારો ખાસ કાયદો કરાવ્યો છે. વિમાનોને આ સ્થળ પાસે આવવાનો પ્રતિબંધ છે. મોટર વગેરે વાહનોને રજ પણ અવાજ સિવાય કીડીને વેગે આ સ્થળ પાસેથી નીકળવું પડે છે.

પણ સમગ્ર જગતમાં પક્ષીઓના પ્રમાણનો અભ્યાસ કરવાનાં પૂર્ણ સાધનોવાળું સ્થળ તો જર્મનીનો હેલીગોલૅન્ડ ટાપુ છે. યુરપમાં અદ્વિતીય ગણાતું આ સ્થળ હવે પક્ષીઓની આર્તવી યાત્રા (સ્થાનાંતર)ના અભ્યાસનું મથક બન્યું છે. પ્રતિ વર્ષ નૅાર્વે, ડૅન્માર્ક અને ઉત્તર પ્રદેશોના અસહ્ય શીતકાળને લીધે અનેક પક્ષીઓ આફ્રિકા સુધી જાય છે અને વસંત ઋતુમાં પાછાં આવે છે. તે બધાં અવારનવાર હેલીગોલૅન્ડમાં ઊતરે છે. અહીં પક્ષીઓને રહેવાનાં તથા નિકટના અવલોકન સારૂ કેટલાંકને પકડવાનાં પાંજરાં, માંદાંની માવજત માટે રૂગ્ણાલય, સંપૂર્ણ સાધનોવાળી પ્રયોગશાળા, વિશાળ પુસ્તકાલય તથા પક્ષીવિદ્યામાં નિષ્ણાતોનાં મકાનો આવ્યાં છે. આજ સુધીમાં એક લાખ પક્ષીઓને પકડી તેમને છોડી મૂકવામાં આવ્યાં છે.

સ્થાનાંતર કરનારાં પક્ષીઓના પ્રયાણનો ચોક્કસ ઇતિહાસ

મેળવવાની એક વિશિષ્ટ પદ્ધતિ છે. જે પક્ષીના જીવનનો અભ્યાસ કરવો હોય તેને પકડી, તેના એક પગમાં ઍલ્યુમીનીઅમની નાની વીંટી પહેરાવી એને ઉડાડી મૂકવામાં આવે છે. આને અંગ્રેજીમાં Ringing કે Banding કહે છે. આ વીંટી પર વીંટી પહેરાવનારી સંસ્થાનું નામ, વીંટીનો ક્રમાંક તથા પહેરાવ્યાની તારીખ કોતરેલાં હોય છે. જ્યારે આ પક્ષી કોઈના હાથમાં પકડાય ત્યારે તે માણસ પક્ષીના પગમાંની વીંટીની તથા જ્યાંથી જે સ્થિતિમાં મળી આવ્યું હોય તેની ચોક્કસ પૂરેપૂરી વિગતો પોતાના દેશની પ્રાણીવિદ્યાનો અભ્યાસ કરનારી સંસ્થાને મોકલી આપે અને એ સંસ્થા બધી હકીકત વીંટી પહેરાવનારી મૂળ સંસ્થાને મોકલે. હિંદુસ્તાનમાં આવી વીંટીઓ પહેરાવનારી સંસ્થા મુંબાઈની બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી છે. જેને ઉપયોગ કરવો હોય તેવા પક્ષીઓના અભ્યાસીને આવી વીંટીઓ મફત અપાય છે.

પણ આ બધું શા કામનું? ભણેલાને આવા વિષયમાં રસ નથી. ગામડામાં જઇને પૂછો તો થોડાં પરિચિત બાદ કરતાં બાકીનાં બધાંનાં નામને બદલે 'એક જાતની ચકલી' એ જ સાંભળશો. આપણે રહ્યા વનસ્પતિનો આહાર કરનારા, એટલે ભક્ષ્ય અને અભક્ષ્ય પ્રાણીઓનો વિવેક ન આવડે. પક્ષીઓ વિષયક અજ્ઞાનનું આ પણ એક કારણ છે. વળી જૈનોનો દયાસાગર એટલો ઊલટચો કે ગૃહસ્થના જીવનમાં પક્ષીઓના ઉછેરને સમૂળગું સ્થાન રહ્યું નહિ. હાથ આવે બીચારો એકલો પોપટ: જ્યાં ત્યાં પાંજરામાં સબડ્યા કરે. એમાં ય પોપટ કેટલી જાતના આપણે ત્યાં થાય છે, તે પણ કોઇક જ જાણે. પક્ષીઓ વિષે જાણતા હોય તો વાઘરી. થોડુંઘણું જાણે તેતર, ચકોર કે બટેરની લડાઈમાં રસ લેનાર મુસલમાનો કે બાજથી પક્ષી પાડનાર શિકારીઓ.

(પ્રસ્થાન) —હરિનારાયણ આચાર્ય

ત્યારે . . . . . સર્વનાશ થશે

(ડિસેમ્બરની ડાયરીમાંથી)

તા ૨૪મી: ત્યારે પર્વતો સપાટ મેદાન અને સાગરસરિતા નક્કર બરફ બની ગયાં હશે; ત્યારે માનવીએ જાણવા લાયક બધું જ જાણી લીધું હોવાથી, નવું જ્ઞાન પામવા માટેની તેની જિજ્ઞાસાવૃત્તિ તેમજ સાહસવૃત્તિ અને તજ્જનિત આનંદ, બધું ય નાશ પામ્યું હશે; રોગો અને તેનાથી આવતું મોત પણ કદાચ જીતાએલ હશે; વળી જીવન આમ નીરસ અને એકધારું થઇ જવા ઉપરાંત, નિર્હેતુક ને ધ્યેયહીન પણ બન્યું જ હશે, કેમકે માપવા બહુ મુશ્કેલ નહિ એવા કાળની અંદર ત્યારે તો માનવીની સકળ આશાઓ, પુરુષાર્થો અને સિદ્ધિઓનો સર્વનાશ સદાને માટે થવાનો છે એની ખાતરી સૌકોઇને થઈ ગઇ હશે . . . . . વિજ્ઞાનપ્રાખ્યા પ્રલયકાળનું આ વર્ણન સર જે. જીન્સના 'યુનિવર્સ ઍરાઉન્ડ અસ'ના છેલ્લા પ્રકરણને આધારે અહીં આપ્યું છે. આજે અર્વાચીન ખગોળના શાસ્ત્રનું એક ભાષણ થવાનું—થયું પણ—હતું, તે પ્રસંગને નિમિત્ત ગણીને બપોરે મજકુર ચોપડી લઇને બેઠેલો અને પ્રથમ છેલ્લું પ્રકરણ આંખ તળે કાઢી ગયો ત્યારે વર્ણને ધ્યાન ખેંચેલું. . . . . એમાંનું 'ત્યારે' એટલે એક હજાર અબજ વર્ષો પછી. એટલે સુધી કલ્પનાને દોડાવવી પણ બહુ મુશ્કેલ છે અને તેથી એ અનંત જેવા કાળ પછી આવનારા સર્વનાશની આજે કોઇએ ફિકર કરવાની જરૂર નથી એ ખરું. ચોપડી છેડેના જીન્સના શબ્દો તો એવી મતલબના જ છે કે એવડો અગાધ કાળસાગર આપણી સમક્ષ છે માટે આપણે વગર અચકાયે આપણી યોજનાઓ ઘડયે જવી ને નવનવી સિદ્ધિઓના પાયા નાખ્યે જ જવા. આવો આશાવાદ જેમના હૈયામાં ઊગી શકતો હોય તેમને એ મુબારક; મને તો આવું આવું જાણીને વૈરાગ્ય, વિષાદનો જ અનુભવ થાય છે. બરાબર વિચારો તો, વર્ષોની ગણતરીમાં પરમ ઉદાર ભાવથી લાખેં લેખાં માંડનાર આપણાં પુરાણોનો વિરોધ આ એટલું જ ઉદ્દંડ વિજ્ઞાન કયે મોંએ કરતું આવ્યું છે ને હજી ય કર્યાં કરે છે, એ જ મને તો સમજાતું નથી. વિજ્ઞાનવિરોધી મનાતાં વૈરાગ્યપ્રેરક પુરાણો કરતાં પુરાણશત્રુ વિજ્ઞાન કલ્પનાનો છલંગો મારવામાં શું કમ છે કે એનાથી આપણને ભગવાં પહેરીને નીકળી પડવાની તીવ્ર ઉત્કંઠા ન થઇ આવે? . . . . અને મને સૌથી મોટી ફિકર પેઠી છે એ તો અમારી સાહિત્યકારોની પેલી અમરતા માટે. હાય હાય! એનું શું થશે હવે? અમે લોહીનાં પાણી (અને કોઈવાર તો એ પાણીનો બરફ પણ) કરીકરીને જે જે અમૂલખ કૃતિઓ સરજીએ છીએ એ ત્યારે શું પૃથ્વી પર અમર નહિ જ રહેવાની? જ્યારે પૃથ્વી ઠરી જશે કે સૂરજ સંકોડાઇ જશે ને જીવન માત્ર અશક્ય બની જશે, ત્યારે અમારાં 'અભિજ્ઞાન શાકુંતલમ્'ને 'કિંગ લીઅર'નો (કે 'પ્રભાતના રંગ'નો) એક પણ ભોગવનાર નહિ રહે આ અવની પર? અરરર!—શું કહ્યું? 'અરે, પણ હજી તો હજાર અબજ વરસ પછી વિનાશ છે એનું હમણાંથી શું? ને એ ય અમરતા તો થઇ જ ને એક જાતની' એમ? ના ના, એ કંઇ ગળે ઊતરતું નથી; એમ પટાવી કાઢો નહિ; અમે આશાઓ બાંધેલી એ તો નિરવધિ કાલને માટે, અજરામર યશઃકામ માટે; અમે સાટું કરેલું તે અસલ અમરતાનું, નકલીનું નહિ અરેરે, ઠગારા વિવેચકોએ ત્યારે છેતર્યા જ અમને, અમર કહીકહીને. બીજા ક્ષુદ્ર જીવોનું તો ઠીક (એમના ગ્રંથો મરવા લાયક જ હતા એમ માની લઇશું) પણ બીચારા કાલિદાસ ને શેક્સપીઅરના શા હાલ? એમને આ પળે સ્વર્ગમાં શતધાર આંસુએ રડતા શું આપણે નથી સાંભળતા? એ આંસુડાં કોણ લ્હોશે? લ્હોવા માટે પેલા સ્વાર્થી, દગલબાજ, ટૂંક નજરિયા વિવેચકોને જ પરલોક ન પહોંચાડવા જોઇએ? . . . .

વૈજ્ઞાનિક ગપ્પાં

જીન્સ પુરાણનાં થોડાં વૈજ્ઞાનિક ગપ્પાં પણ મારે તમારે કોઇવાર ખપ લાગે તેવાં હોવાથી અહીં ટપકાવી રાખું છું:

પૃથ્વીની ઉમર આશરે ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ
પૃથ્વી પર જીવનની ઉમર ,, ૩૦,૦૦,૦૦,૦૦૦ ,,
,, ,, માણસજાતની ઉમર ,, ૩,૦૦,૦૦૦ ,,

આને વૈજ્ઞાનિક ગપ્પાં કહ્યાં છે, તે કારણસર. તેના મૂળમાં વિજ્ઞાનની વધુઓછી સાધાર એવી ગણતરીઓ છે; તેમ આપણે જેઓ વિજ્ઞાનદૃષ્ટિએ પ્રાકૃત જનો છીએ, તેમને આ સંખ્યાંકો પુરાણોમાંના અજબ સંખ્યાંકો કરતાં જરા ય વધારે માનવા જેવા લાગતા નથી; તેથી એ વૈજ્ઞાનિક છે અને ગપ્પાં પણ છે.

જીન્સ આવો સમર્થ પુરાણી હોવા છતાં આપણા એક પુરાણા શાસ્ત્ર—જ્યોતિષ—માં તે માનતો નથી. પહેલા જ પ્રકરણમાં તેણે એ જંગલીપણાનું ચિહ્ન, મરવા લાયક, મરી ચૂકેલું, —આવી આવી પુષ્પાંજલિ સમર્પે છે, એ જોઇને મને ઊંડો ખેદ થયો. મને લાગે છે કે તેણે કદી યે પોતાની કે કોઇની પણ જન્મકુંડળી કઢાવીને જ્યોતિષ વિજ્ઞાનનો પ્રયોગ કરવાની તસ્દી જ લીધી નથી. કઢાવી હોત તો સમર્થ જ્યોતિષી સર્વાંશે સાચી જન્મ ઘડી પરથી કેટલું બધું સાચું ભવિષ્ય ભાખી શકે છે તેની ખાતરી તેને થાત. શનિની ગ્રહદશા, સાડાસાતી વગેરેથી પીડાતા એક માણસ જોડે મારે અતિ નિકટનો અંગત સંબંધ છે. તેની કુંડળી પરથી જાણકારોએ તેને જે જે કહેલું —'તારે દુશ્મનો ઘણા, તું સહાનો દુબળો, પૈસો મળે પણ ખર્ચાઇ જાય'— તે બધું સાચું પડયું છે. આ હકીકત કોઇકે જીન્સને લખી મોકલવી જોઇએ. . ? . અને હમણાં જ જગતને જાહેર થયા પ્રમાણે, જ્યોતિર્વિદ્ સત્યાચાર્યે ત્રણસો વર્ષ પર ગાંધીજીનું ચરિત્ર લખેલું તે સાચું પડયું છે, તેનું શું?

—વિજયરાય કલ્યાણરાય

ખારવાઓનું જ્ઞાતિબંધારણ

કાઠિયાવાડની દક્ષિણે અરબી સમુદ્રને કિનારે જાફરાબાદ બંદર આવેલું છે. તેમાં મુખ્ય વસ્તી કપોળ વાણિયા, તુર્કી વહાણવટીઓ અને ખારવા કોમની છે. આ ખારવા લોકો મૂળ કોળી; પણ માછલાં પકડવાના તથા વહાણવટાના ધંધાને લઇ જુદા પડેલા. તે બહુ સંપીલી કોમ છે. તેમની જ્ઞાતિનું બંધારણ બહુ જ વ્યવસ્થિત છે. એ તદ્દન અભણ અને અજ્ઞાત કોમ હોવા છતાં એમનું જ્ઞાતિબંધારણ લગભગ પાર્લામેન્ટરી સરકાર જેવું છે. તેઓ કોર્ટે ભાગ્યે જ ચડે છે. પરસ્પરના ઝગડા માટે જ્ઞાતિનો કોટવાળ જ્ઞાતિપટેલોના હુકમથી સમગ્ર જ્ઞાતિબંધુઓને એકઠા કરે છે. પછી વરસ દરમ્યાન ચૂંટેલા ચોવટીઆઓ (મૅનેજિંગ કમિટિ) પાસે વાદી તથા પ્રતિવાદી પોતાનો કેસ રજુ કરે છે. ચોવટીઆઓ એકબીજાના પુરાવા લક્ષપૂર્વક સાંભળે છે. પછી પરસ્પર મંત્રણા કરી ગુનેગારને ગુનાના પ્રમાણમાં કેટલી સજા કરવી જોઇએ તે જ્ઞાતિ સમક્ષ પટેલો પાસે જાહેર કરે છે. છેવટે પટેલો જ્ઞાતિબંધુઓનો મત લઈ ચોવટીઆએ કરેલો ઠરાવ પસાર કરે છે. એક વિરૂદ્ધ મત પડયો હોય તો ફરીથી પચાત ચાલુ થાય જો કોઇ સ્ત્રીએ વ્યભિચાર કરેલો સાબિત થાય તો તે બીચારી સ્ત્રીની કમબખ્તી બેઠી સમજવી. કારણકે તેવા કેસોમાં ગુનેગાર સ્ત્રીના કેશનું મુંડન કરાવી, પોતાના લત્તાઓમાં ફેરવી તેને જ્ઞાતિ બહાર મૂકે છે, અને પછી અમુક દંડ લઇ પાછી જ્ઞાતિમાં લે છે. તેમના જ્ઞાતિબંધારણમાં સહકારી યોજના જેવી સગવડ પણ છે. એટલેકે જ્ઞાતિના કોઈ ઇસમને આર્થિક મુશ્કેલી વખતે નાણાંની જરૂર હોય તો જ્ઞાતિફંડમાંથી છ ટકાના વ્યાજે તે નાણાં અંગઉધાર લઈ શકે છે; પણ તે એવી શરતે કે દર વર્ષે ભરાતા તેમના હોળી સંમેલન વખતે નાણાં લેનાર ઇસમે ગમેતેમ કરી વ્યાજ સહિત તે નાણાં પાછાં ભરપાઇ કરવાં જોઇએ. તેઓની લગ્નપ્રથા બહુ જ વિચિત્ર હોય છે. દર ચોમાસામાં જ્યારે વહાણો દરિયાઈ સફર કરતાં બંધ થાય છે અને દરેક વહાણવટી મોસમ બંધ હોવાને લીધે ઘેર હોય છે ત્યારે તેઓ એક જ તિથિએ છોકરા છોકરીનાં લગ્ન કરે છે. તેમનામાં વરવિક્રય કે કન્યાવિક્રય જેવું કશું નથી. તેમજ લગ્ન પ્રસંગે ખાવાપીવાનો રિવાજ પણ બહુ ખર્ચાળ નથી. માત્ર લગ્ન થઇ રહ્યા પછી કુટુંબીઓ ભેગા થઇ ખૂબ દારૂ પીએ છે. તેઓ બહુ જ વહેમી હોય છે. ભૂત-પ્રેત અને મેલા દેવને બહુ માને છે, એટલું જ નહિ પણ તેમને રીઝવવા મરઘાં અને બકરાનાં બલિદાન વારંવાર આપે છે. દોરા-ધાગા-ભૂત્રા-જતિમાં તેઓ બહુ પૈસા ખરચે છે, આથી ધુતારા લોકો આ ભોળા લોકોને સહેલાઇથી ઠગે છે, અથવા તો તેઓ પોતાની ખુશીથી ઠગાય છે. હમણાંહમણાં તેઓમાં ધાર્મિક ભાવના જાગૃત થતી જાય છે. તેમના જ્ઞાતિફંડમાંથી તેમના માટે એક જુદું શિવાલય બંધાવ્યું છે. વળી શ્રાવણ માસ અથવા અગિયારશ જેવા પવિત્ર દિવસોમાં માછલાં પકડવાનું બંધ રાખે છે. તેમનામાં કેળવણીનો પ્રચાર ધીમેધીમે વધતો જાય છે. પણ છોકરાને લખતાંવાંચતાં આવડે કે તરત તેનાં માબાપ પોતાના વહાણવટાના ધંધામાં જોડી દે છે. ઉજળિયાત વર્ગના ચાલુ સંસર્ગથી આખી કોમ દિવસે દિવસે સુધરતી જાય છે.

—કેશવલાલ જટાશંકર મહેતા

સૌથી વધુ ઝડપનું છાપાયંત્ર

હેન્રી એ વૂડ નામના વૂડ ન્યુસપેપર મશીન કૉર્પોરેશનના મુખ્ય પુરુષે આ યંત્ર બનાવ્યું છે. તે કલાકે ૬૦,૦૦૦ ન્યુસપેપર કાઢે છે, જે આંકડો આજ સુધીનાં યંત્રોની ગતિને પાછળ પાડે છે. જરા યે અટકયા કે ખચકયા વિના તેમાંથી દરેક સેકંડે છપાઇ, કપાઇ, વળાઇ, ગણાઇને સત્તર ન્યુસપેપર નીકળતાં જાય છે. બીજી બાજુ તે કોરા કાગળનાં રોલ પણ પોતાની મેળે જ ચડાવતું જાય છે. તેમાં શાહીની ગોઠવણ પણ નવી જરૂરિયાત પ્રમાણે પાતળી થરીમાં ફોટોબ્લૉક છાપે એટલી જ આવે તેવી છે. કેટલી યે જુદીજુદી મોટરો તેને ગતિ આપે છે, એટલે અવાજ પણ થોડો થાય છે. તેની સરળતા, મજબૂતી, સફાઇ અને વ્યવસ્થાને લીધે છાપખાનાનો ખર્ચ અરધે આવીને ઊભો રહે છે!

ખરા નાગરિકની પ્રતિજ્ઞા

બે હજાર વર્ષ પહેલાં ઍથેન્સના યુવાનો મહાન સમારંભ કરી નાગરિકની દીક્ષા લેતી વખતે નીચેની પ્રતિજ્ઞા ઉચ્ચારતા:

આ નગરને કલંકરૂપ થાય એવું કોઈ વર્તન કે હીચકારાપણું અમે આચરીશું નહિ.

અમારા નગરબંધુઓને દુઃખમાં સબડતા છોડીશું નહિ.

આ નગરની પવિત્ર વસ્તુઓ અને અમારા આદર્શો માટે હમેશાં જાતે અને સૌની સાથે લડત ચલાવીશું.

નગરના કાનૂનો અને કાયદાને માન આપી અધીન રહીશું તેમજ અમારા વડીલ હશે છતાં ભૂલ કરતા હશે તેમને અમે દૃષ્ટાંતરૂપ બનીશું અને પ્રત્યેક જનમાં પોતાના કર્તવ્યપાલનનું ભાન જાગૃત રહે તે માટે યત્નશીલ રહીશું.

આ નગરનું ગૌરવ, અમને જે રીતે સોંપાયું છે તે રીતે જ, જરા પણ ઓછું થવા દીધા વિના, એટલું જ નહિ પણ છે તેમાં વધારો કરીને, ભવિષ્યના વારસદારોને સોંપતા જઇશું.

૧૯૨૩ની સાલમાં ન્યૂ યૉર્કમાં નાગરિક સુધારણા માટે મંડળ થયું તે વખતે બધી હાઈસ્કૂલોમાંથી ખાસ ચૂંટાએલા વિદ્યાર્થીઓ તેમાં નોંધાયા, અને એક જાહેર સમારંભ કરી તે બધાએ ઉપરની પ્રતિજ્ઞાઓ લીધી. તે પછીના અરસામાં ૩૦૦૦ જેટલા હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ એ પ્રતિજ્ઞા સ્વીકારીને સભ્ય બન્યા. આ આખું યે મંડળ 'કોર્પોરેશન ઇન ગુડ ગવર્મેન્ટ ઇન્કૉર્પોરેટેડ (સુરસ રાજ્યપદ્ધતિ સહકારી મંડળ)ના આશ્રય નીચે છે. જે વિદ્યાર્થીએ શાળામાં અને વર્ગમાં સુજનતાની અને સારા વર્તનની છાપ પાડી હોય તેની જ તેમાં વરણી થાય છે. શાળા છોડ્યા પછી પાંચ વર્ષ સુધી તેના પર બારીક નજર રખાય છે અને સારા શહેરી તરીકે જીવન ગાળતાં તેના હાથે કોઇ વિશેષ પ્રકારની નગરસેવા થઇ હોય તો મંડળ તરફથી યોગ્યતા પ્રમાણે પ્રથમ પંક્તિ, રૌપ્ય ચંદ્રક કે સુવર્ણ ચંદ્રક આપવામાં આવે છે. ભારતના વિદ્યાર્થીઓ માટે આવી ઘણી પ્રવૃત્તિઓ અનુકરણ કરવા જેવી નથી?

રેલવે ટ્રેઈનની ગતિ માપવાની રીત

આગગાડીની ઝડપ માપવાને સરળ કૂંચી એ છે કે 'પાટાની લંબાઈના યાર્ડથી બમણી (૨ ૧/૨૨ ગણી) સેકન્ડમાં જેટલા પાટા પસાર થઈ જાય તેટલા માઇલની ટ્રેઇનની ગતિ સમજવી.

'કુમાર'માં ઘણું કરીને ચારેક વર્ષ ઉપર વાંચવામાં આવ્યું હતું કે ૨૦ સેકન્ડમાં જેટલા પાટા ચાલે તેટલા માઇલની ગતિ જાણવી. પણ આ સર્વસામાન્ય નિયમ નથી. નૅરો ગેઇજ ગાડીઓમાં પાટાની લંબાઇ ૮ યાર્ડ હોય છે; મીટર ગેઇજ (નાની ગાડી)માં પાટાની લંબાઇ ૧૦ યાર્ડ હોય છે અને 'બ્રોડ ગેઇજ' (મોટી ગાડી)માં ૧૦ યાર્ડથી ૧૪ યાર્ડ જેટલી હોય છે. અમદાવાદથી વડોદરા સુધી ઘણુંકરીને પાટાઓની લંબાઇ ૧૦ યાર્ડ છે. વડોદરાથી મુંબાઈ સુધી ૧૨ યાર્ડ છે. જી.આઈ.પી રેલવેમાં દિલ્હી મેઇલને રસ્તે કેટલાક ભાગમાં ઘણુંકરીને ૧૪ યાર્ડ છે.

જ્યાં ટ્રેઇનો વધુ ઝડપથી દોડે છે ત્યાં પાટાઓ વજનમાં લાંબા અને ભારે રાખવામાં આવે છે, કેમકે ટૂંકા પાટાઓ ઉપર બહુ ઝડપથી ટ્રેઇન દોડે તો ઘણા જ આંચકા લાગે.

ટ્રેઈનની ગતિ માપતાં પહેલાં એક માઇલમાં કેટલા પાટા છે તે જાણી લેવું જોઇએ. તારના થાંભલા ઉપર માઇલ લખેલા હોય છે, અને ખટ ખટ કરતી ગાડીના ધબકારા જેવી ટ્રેઇનની ગતિ પાટાની સંખ્યા જણાવે છે. નીચે લખેલા કોષ્ટક ઉપરથી પાટાની લંબાઇ એકદમ જણાશે:

૮ યાર્ડના પાટા	એક માઇલમાં	૨૨૦
૧૦ યાર્ડ	,,	૧૭૬
૧૨ યાર્ડ	,,	૧૪૭
૧૪ યાર્ડ	,,	૧૨૬

આ ગણતરીમાં બેચાર પાટા ઓછાવત્તા ગણાય તો વાંધો નથી, કારણકે પાટાની લંબાઇ ખરેખર પૂરી યાર્ડ જ હોય છે.

--શ્રીનિવાસ સત્યેન્દ્ર દીવેટીઆ

ઘર બાંધવામાં સક્કર અને હીમઠાર ફળો

અમેરિકાની રસાયણ મંડળીએ પ્રયોગથી સાબિત કરી જણાવ્યું છે કે ચૂના સાથે સાકર મેળવવાથી તેની ૯૦ ટકા મજબૂતી વધી જાય છે. સો રતલના મિશ્રણમાં પાંચ કે છ રતલ સાકર બસ ગણાય. પ્રાચીન રોમનોએ આજસુધી ટકી રહેલાં તેમનાં બાંધકામોમાં સાકરનું તત્ત્વ મેળવેલું છે. હિંદુસ્તાનમાં તો હજી યે તે રીત જાણીતી છે.

બીજો પ્રયોગ તેમણે એ બહાર પાડ્યો છે કે ઑક્સિજન લાગે નહિ એવા ડબામાં ૦ ડિગ્રીની ઠંડી પર લાવીને નારંગીનો રસ પૅક કરવામાં આવે તો ગમે તેટલી મુદ્દત સુધી તે તાજો રહી શકે. જેમાં માત્ર થોડી ઠંડીની જરૂર પડે એવાં ફળો, માંસ, શાક વગેરે આ રીતે કદી ન બગડે એવાં કરી શકાય. લગભગ સોએક પદાર્થો આ રીતે ત્યાંની બજારમાં મૂકાયા છે. આમાંથી નવો ધંધો ચાલે તેવો સંભવ છે.

રેડિયમ પાતાળમાં બહુ પડયું છે

ન્યૂ યૉર્કની બેલી વ્યુ હૉસ્પિટલમાં દસ ગ્રામ રેડિયમ છે અને આખી દુનિયામાં એથી વધારે કોઇ ઠેકાણે નથી. બેલ્જિયમની સરકારી ઇસ્પિતાલે પાંચ ગ્રામ જેટલું રેડિયમ ત્યાં મોકલ્યું તેની કિંમત દસ લાખ રૂપિયા અંકાય છે. ન્યૂ યૉર્કની ઇસ્પિતાલ તે ખરીદશે પણ ખરું, કારણકે તે વધારે ચોખ્ખું હોવાથી ભાઠાં (કૅન્સર) રૂઝવી શકશે.

પણ મી પિગટ નામના શોધકને પાસિફિક મહાસાગરના કેટલાક તળમાંની રેતી તપાસતાં જણાયું છે કે તેમાં પૃથ્વી પરના ખડકો કરતાં દસબાર ગણું શુદ્ધ રેડિયમ આપે એવા ખડકો છે. વધુ ઊંડાઇએ વધુ કિંમતી ખડકો છે અને તેવા અબજો ટન ખડકો મળી શકે તેમ છે.

પોતાના વીર સરદાર વિક્રમસિંહની વિશ્વાસપાત્રતાથી પ્રસન્ન થઈ ઔરંગઝેબે તેને તે મુસલમાન થઇ જાય તો એક મુલ્કની સુબાગીરી આપવાનું કહ્યું. વિક્રમસિંહે જવાબ આપ્યો કે આજે સુબાગીરીની લાલચમાં પડી પોતાના ઇષ્ટદેવ ને સ્વધર્મની સેવાનો ત્યાગ કરવા તૈયાર થનાર વિક્રમસિંહ કાલે કોઇ બીજી લાલચથી તમારો જ વિશ્વાસઘાત કરવાને તૈયાર કેમ નહિ થાય?


અનેકાર્થી શબ્દ: **પાત્ર**=યોગ્ય; વાસણ; નદીના બે કાંઠા વચ્ચેનો ભાગ; નાટકમાં વેશ લેનાર; વાર્તામાં આવતી વ્યક્તિ; અધિકારી માણસ.

તમારા મિત્રને કોઈ રકમ ધારવાનું કહો. તેને પાંચે ગુણાવો. એમાં છ ઉમેરાવીને પછી ચારે ગુણાવો. હવે નવ ઉમેરવાનું કહી ફરી પાંચે ગુણાવો અને શું આવ્યું તે પૂછો. તે જે રકમ કહે તેમાંથી તમે ૧૩૫ બાદ કરી સો વડે ભાગશો એટલે એણે ધારેલી રકમ આવી જશે.


શિક્ષક: એ ચણા એકદમ નાખી દે.

વિદ્યાર્થી: (મોંમાં નાખીને) જી, આ નાખી દીધા.

હીરાકશીના પાણીમાં ચોકખો સોડા કે ખારો નાખવાથી લાલ રંગનો ભૂકો નીચે બેસશે; તે ઑકસાઇડ ઑફ આયર્ન થયો. જર્મનસિલ્વરનાં વાસણ તેનાથી ચકચકિત થાય છે.



ઉપરની આકૃતિ પેન્સિલ ઉપાડ્યા વિના, એક જ લીટીએ આલેખી શકશો? યત્ન કરી જુઓ.- ઉત્તર આવતા અંકમાં.




આસીરિયાની એક પ્રસિદ્ધ અક્ષરગમ્મત: ઉપરના ત્રિકોણમાં A થી શરૂ કરીને 'ABRACADABRA' એ શબ્દ જુદીજુદી ૧૦૨૪ રીતે બને છે.

વડવાગોળ પોતાના વજન કરતાં ત્રણ ગણો ખોરાક ખાય છે અને એકીસાથે બે બચ્ચાંને જન્મ આપે છે.

એક ચોરસ માઇલ જમીન પર વરસેલા એક ઇંચ વરસાદનું એકઠું કરેલું પાણી ૧,૭૫,૦૦,૦૦૦ ગૅલન થાય.

સ્પૅરો-હૉક પક્ષી કલાકના ઇઠસો માઇલની ઝડપે ઊડી શકે છે.


શારીરશાસ્ત્રના નિષ્ણાત બ્રાઉન નામના અમેરિકને માણસના વાળ વિષે શોધખોળ કરી જણાવ્યું છે કે લાલ રંગના વાળ બીજા જેટલા મજબૂત હોતા નથી, પરંતુ તે સૌથી વધુ ખેંચાઇ શકે તેવા ને ગરમી સહન કરવાની શક્તિવાળા હોય છે. ખુલ્લા ભૂરા રંગના વાળ ઝીણવટ અને મજબૂતીમાં સૌથી ચડિયાતા હોય છે, જ્યારે સામાન્ય ભૂરા તથા રાતા વાળ જાડા ને નબળા હોય છે. ધોળા વાળ સૌથી નબળા હોય છે.



ઉપલા ચિત્રમાં ડાબી બાજુએ વ્હેલ માછલીનું પડલ અને જમણી તરફ માણસનો હાથ જોડાજોડ બતાવ્યાં છે. બંનેનાં આંગળાં તથા હથેલીનાં હાડકાં એકસરખાં છે, આ જીવશાસ્ત્રીઓને અભ્યાસ માટે બહુ મદદકર્તા થઇ પડ્યું છે.

લાકડાના અક્ષરોવાળાં નામનાં પાટિયાં આપણે ઘણે ઠેકાણે જોઇએ છીએ. તે બહુ ખર્ચાળ લાગે છે, પણ નીચે બતાવેલી રીતે ઘેર બેઠાં સસ્તામાં તે બનાવી શકાશે.





લાકડાના પાટિયાને કાળું રંગી તેના પર જોઇતા અક્ષરો ચાકથી આલેખી લો. પછી દરેક અક્ષરની મધ્યરેખામાં, આકૃતિમાં બતાવ્યા પ્રમાણે, અરધા ઇંચીઆ ટૅકસ, તેમનાં માથાં ૧/૮ ઇંચ બહાર રહે એ રીતે બેસાડો, અને એની આસપાસ અક્ષરની રેખાઓમાં લાકડાના વહેરની બનાવેલી લાંપી ચોંટાડી તેને બરોબર કાપીકૂપી સુઘડ ઘાટમાં લાવો. અક્ષરો સૂકાઇ ગયા પછી ચપ્પુ વડે તેમની ધાર ભાંગી ગોળ કરી કાચ-કાગળ વડે ઘસી લીસા બનાવીને બુરુશ વડે સફેદ રંગી નાખો પછી એ પાટિયાને યોગ્ય તકતીમાં મઢી ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે અરધા ઈંચીઆ નળની ઘોડી ઉપર અથવા પોતાને ફાવતી યોજનાથી ટાંગી દો.

KUMAR Reg. No.B.1808

ચિત્રોનો તમને શૉખ છે?

● **ઘ**ણાને હશે.
ઘણાને સારાં ચિત્રો વસાવવાનું મન પણ થતું હશે.
ઘણાને વળી એમ પણ થતું હશે કે ફુરસદ ને આરામની પળોમાં મનને ઉલ્લાસ આનંદ ને પ્રેરણા આપનારૂં એકાદ આલ્બમ વસાવીએ.

પણ

● **ત**મારૂં ગજવું ગરીબ હશે. મોટી કિંમતનાં આલ્બમો ખરીદવાં પોસાતાં નહિં હોય. અથવા એમ પણ લાગતું હશે કે ચિત્રઆલ્બમોમાં, તેમની કિંમતના પ્રમાણમાં ચિત્રસંખ્યા ઓછી હોય છે.

તો

● **ત**મારે જ માટે આ નવું પ્રકાશન થયું છે.
એમાં બાર-પંદર કે સોળ-સત્તર નહિ પણ **૧૦૦** ચિત્રો છે. ચિત્રોથી ભરચક્ક આલ્બમ,—'કુમાર'ના કદનું, સારા કાગળ પર છાપેલું, છીંટપટ્ટીની બાંધણીનું. એ ચિત્રોની પસંદગી ઊંચી ને શિષ્ટ છે, સાથે વિવિધતાભરી છે. આ દેશની છે તેમ બીજા દેશોની પણ છે. પ્રાચીન છે તેમ અર્વાચીન પણ છે.

● **એ**માં શિલ્પ ને સ્થાપત્ય છે, રંગચિત્રો ને રેખાચિત્રો છે; છાયાચિત્રો ને સુંદર ફોટોગ્રાફો પણ છે. કેટલાંક ચિત્રો નીચે સમજણ પણ આપી છે.

● **અ**ને આટલું બધું છતાં એની કિંમત તદ્દન માફકસર છે. સૌકોઈને પોસાય એવી છે. તમે કરકસરથી ભણતા વિદ્યાર્થી હો, કે મધ્યમ સ્થિતિના ગૃહસ્થ હો કે સામાન્ય ફંડથી ચાલતી સંસ્થાના મંત્રી હો;—ગમે તેના ગજવાને માફક આવે એવી તેની કિંમત છે: **સવા રૂપિયો.**

સવા રૂપિયામાં સો ચિત્રો!

● **સોં**ઘું—નહિ? અને બરાબર તમને જોઈતી જ વસ્તુ! એનું પોસ્ટેજ ત્રણ આના છે. રજિસ્ટર્ડ કરાવીને સલામતીથી મંગાવો તો બીજા ત્રણ આના વધારે. આજે જ કુમાર કાર્યાલયના વ્યવસ્થાપકને, ૧૪૫૪ રાયપુર અમદાવાદ એ સરનામે લખો કે તમને મોકલી આપે: શું?—

ચિત્રશતક

સો ચિત્રોનું આલ્બમ